દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 73 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 28 March 2026, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૨૮ માર્ચ ૨૦૨૬, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૯ ૧૦ ૧૧

# ક્રૂડતેલ ઊકળ્યું, રૂપિયો ગબડ્યો

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## ▸...ને હવે મોંઘવારી વધશે ▸ ૮૯ પૈસાના કડાકા સાથે રૂપિયો ૯૪.૮૫ની ઐતિહાસિક સપાટીએ ▸ સેન્સેક્સમાં ૧૬૯૦ પૉઇન્ટનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ લંબાઈ જતાં આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ બેરલદીઠ ૧૧૦ ડૉલરની ઊંચી સપાટી સુધી પહોંચ્યા હતા. તેલના ભાવ વધતાં વૈશ્વિક સ્તરે ફુગાવો વધવાની સાથે સાથે આર્થિક વૃદ્ધિની ચિંતા પણ સપાટી પર આવી હતી. વધુમાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં પણ મજબૂત વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૮૯ પૈસાના કડાકા સાથે ૯૪.૮૫ની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો. રૂપિયામાં કડાકો મોંઘવારી વધારશે.

વધુમાં આજે ક્રૂડના ઉછાળા અને રૂપિયાના કડાકા ઉપરાંત ખાસ કરીને ઈરાન અને યુએસ વચ્ચેનું યુદ્ધ ઠંડું થવાની આશાઓ ઘટી જવાની સાથે વૈશ્વિક બજારનાં નબળા સંકેતો વચ્ચે કથળેલા સેન્ટિમેન્ટને કારણે સેન્સેક્સ ૧૬૯૦.૨૩ પૉઈન્ટ ઘટીને ૭૩,૫૮૩.૨૨ની સપાટીએ અને નિફ્ટી ૪૮૬.૮૫ પૉઈન્ટ ઘટીને ૨૨,૮૧૯.૬૦ પૉઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલમાં તેજીનું વલણ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત બુધવારના ૯૬.૯૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૪.૧૮ની સપાટીએ ખૂલ્યા

(જુઓ પાનું ૨) ▸▸



## રામલલાના લલાટે 'સૂર્ય તિલક'

ચૈત્ર નવરાત્રિના નવમા દિવસે ભગવાન રામના જન્મદિનની અયોધ્યા ખાતે ભવ્ય ઉજવણી કરાઇ હતી. રામમંદિરમાંની રામલલાની મૂર્તિના લલાટે ખાસ ટૅક્નોલૉજીથી 'સૂર્ય તિલક' કરાયું હતું અને ત્યાર બાદ તેમને છપ્પન ભોગ ધરાવાયો હતો. મધ્યાહ્ને શુભ 'અભિજિત મુહૂર્ત'માં વિવિધ અરીસાનો ઉપયોગ કરીને અંદાજે નવ મિનિટ સુધી સૂર્યકિરણો રામલલાની મૂર્તિના લલાટે 'તિલક'ના સ્વરૂપે એકત્રિત કરાયા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અયોધ્યાના રામ મંદિર ખાતે શુક્રવારે યોજાયેલી 'સૂર્ય તિલક'ની વિધિને ઓનલાઇન જોઇ હતી અને સોશ્યલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે આપણા પર પ્રભુ શ્રી રામની કૃપા અને તેમના આશીર્વાદ સદાય રહેશે. અયોધ્યાના મંદિરના ગર્ભગૃહમાં ૧૪ પૂજારીએ વૈદિક પરંપરા મુજબ ધાર્મિક વિધિ કરી હતી અને તે પછી તેમને છપ્પન ભોગ ધરાવવામાં આવ્યો હતો. (એજન્સી)■

## પેટ્રોલ-ડીઝલ પરની વધારાની એક્સાઇઝ ડ્યૂટીમાં ૧૦-૧૦ રૂપિયાનો ઘટાડો કરાયો

### ▸ જોકે આનો સીધો લાભ ગ્રાહકોને નથી મળવાનો ▸ ઈંધણની નિકાસ પર વિંડફૉલ ટૅક્સ લાદ્યો

નવી દિલ્હીઃ સરકારે પેટ્રોલ અને ડીઝલ પરની સ્પેશ્યલ એડિશનલ એક્સાઇઝ ડ્યૂટી (ખાસ વધારાની આબકારી જકાત)માં લિટર દીઠ રૂપિયા દસનો ઘટાડો કર્યો હતો અને ઈંધણની નિકાસ પર વિંડફૉલ ટૅક્સ નાખ્યો હતો. તેલના વૈશ્વિક ભાવમાં થઇ રહેલા વધારા અને તેની અછતને ધ્યાનમાં રાખીને સરકારે આ નિર્ણય લીધો હતો. સ્પેશ્યલ એડિશનલ એક્સાઇઝ ડ્યૂટી પેટ્રોલ પર લિટર દીઠ રૂપિયા ૧૩થી ઘટાડીને રૂપિયા

(જુઓ પાનું ૨) ▸▸


## 'ટીમ ઈન્ડિયા'ના સ્પિરિટથી કામ કરોઃ મોદીની મુખ્ય પ્રધાનોને સલાહ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્ય પ્રધાનોની સાથે શુક્રવારે બેઠક યોજીને અખાતના દેશોમાંના યુદ્ધને લીધે સ્વદેશમાં ઊભી થયેલી મુશ્કેલીનો સામનો કરવા લેવાઇ રહેલાં પગલાં અને જ્યાં થોડા દિવસમાં ચૂંટણી યોજાવાની છે, ત્યાંની તૈયારી અંગે ચર્ચાવિચારણા કરી હતી તેમ જ 'ટીમ ઇન્ડિયા'ના સ્પિરિટ (જુસ્સા) સાથે કામ કરવાની

(જુઓ પાનું ૨) ▸▸

## હોર્મુઝ ખાડી ખુલ્લી મૂકવા છ એપ્રિલ સુધીની ટ્રમ્પની મહેતલ

### ▸ ઇરાને મિસાઇલ્સ પર 'થૅંક યૂ ઇન્ડિયા' લખી ઇઝરાયલ પર છોડી ▸ યુદ્ધને વધુ ઉગ્ર અને વ્યાપક બનાવાશે એવો ઇઝરાયલનો સંકેત




દુબઈઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઇરાનને હોર્મુઝ સામુદ્રધુની ખુલ્લી મૂકવા માટે આપેલી મહેતલ લંબાવીને છ એપ્રિલ સુધીની કરી હતી. ઇરાને મિસાઇલ્સ પર 'થૅંક યૂ પીપલ ઑફ ઇન્ડિયા' (ભારતના લોકોનો આભાર) લખી ઇઝરાયલ પર છોડી હતી અને તેની વીડિયો ક્લિપ્સ શૅર કરી હતી. આ ઉપરાંત, ઇરાને હોર્મુઝ સામુદ્રધુની દુશ્મનોના જહાજો માટે બંધ હોવાનું કહીને ચીનની સરકારી માલિકીની કંપની કૉસ્કો શિપિંગના બે કન્ટેનર જહાજ સહિત ત્રણ જહાજ પાછા મોકલ્યા હતા. બીજી તરફ ઇઝરાયલે યુદ્ધને વધુ ઉગ્ર અને વ્યાપક બનાવવાના સંકેત આપ્યા હતા તેમ જ ટ્રમ્પ શસ્ત્રવિરામની દિશામાં વાત આગળ વધી હોવાનો પણ આશાવાદ વ્યક્ત કર્યો છે. મુંબઈમાંના ઇરાનના કૉન્સ્યુલેટ જનરલ અને

(જુઓ પાનું ૨) ▸▸

## લૉકડાઉન અફવા માત્રઃ સરકાર

નવી દિલ્હીઃ ભારતમાં લૉકડાઉન લાગુ પડશે એવી વહેતી થયેલી અફવાઓ અંગે સરકારે મૌન તોડ્યું હતું. કેન્દ્રીય પ્રધાન હરદીપ સિંહ પુરીએ ભારતમાં લૉકડાઉનની અફવાને સંપૂર્ણપણે ખોટી લેખાવી હતી અને કહ્યું હતું કે સરકાર આ પ્રકારનો કોઈપણ પ્રસ્તાવ અંગે વિચારી પણ નથી રહી.

વર્તમાન વૈશ્વિક કટોકટી વચ્ચે સરકારે લોકોને શાંતિ

(જુઓ પાનું ૨) ▸▸

આસામ-મેઘાલય-અરૂણાચલ-ઉ.માર્ચ-મે દાવકી,શિલોંગ,દિ.૧૨,રૂા.૪૯,૦૦૦/-
સિક્કીમ દાર્જિલીંગ દિ.૧૦,રૂા.૪૦૦૦૦/-
સીમલા,મનાલી, ડેલહાઉસી,ઉ.એપ્રીલ-મે
સ્પીટી,કિન્નોર કાઝા,ચંદ્રતાલ, દિ.૧૦,ઉ.૨૦મે
ચારધામ એપ્રી-જૂન-દિ.૧૩
લેહ-લડાખ પેંગોંગ,ટૂરટુક-દિ.૯,મે-સપ્ટે,
કાશ્મીર ઉ. ૧૦ એપ્રીલ,ગુલમર્ગ
આદિકૈલાસ ઓમ પર્વત-ઉ.મે/જૂન
શ્રીલંકા દિ.૭,ઉ.મે/જૂન
ભૂતાન ઉ.મે-જૂન,દિ.૮
સીંગાપુર, મલેશિયા, ફૂકેત,કાબી
વિયેતનામ 7/11/12-Days, May, 5 Flights,1ntCruise
Vibha K Sanghavi
Since 1987 તન્વી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ 9892542448 9167970448
અમારી અન્ય કોઈ શાખા નથી

SUMMER 2026 GUARANTEED GROUP DEPARTURES
પેકેજમાં સમાવિષ્ટ
એરફેર-સ્ટે-સાઇટ સીઈંગ-ટ્રાન્સફર -વિઝા
પ્યોર વેજ અને આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન
8N 9D GREECE ₹ 2,85,000* PP SOLD OUT
LIMITED SEAT 8N 9D SOUTH KOREA ₹ 2,80,000* PP
10N 11D SOUTH AFRICA ₹ 2,60,000* PP LIMITED SEAT
LIMITED SEAT 10N 11D BAKU & GEORGIA ₹ 1,95,000* PP
6N 7D VIETNAM ₹ 1,75,000* PP SOLD OUT
LIMITED SEAT 8N 9D BAKU ₹ 1,20,000* PP
CLASSIC TRAVEL SHOPPE PVT. LTD.
CLASSIC HOLIDAYS 022 40 888 888 +91 99309 44453
H.O.: Lower Parel (Branches-Borivali, Surat, Ahmedabad)



એલ.ટી. રોડ, બોરીવલી (પ.) ☏ ૦૨૨ ૬૧૫૮ ૭૦૦૦ | આર.આર.ટી. રોડ, મુલુંડ (પ.) ☏ ૦૨૨ ૨૫૯૨ ૭૮૭૦ | એમ.જી. રોડ, ઘાટકોપર (પૂ.) ☏ ૦૨૨ ૬૯૩૧ ૬૦૦૦ | ૩૬ ટર્નર રોડ, બાંદ્રા (પ.) ☏ ૦૨૨ ૬૮૩૧ ૮૨૮૨

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**એક્સ્ટ્રા અફેર**

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# મોદી પાસે ભારતને ‘વિશ્વગુરુ’ સાબિત કરવાની સુવર્ણ તક

**ગુજરાતીમાં** કહેવત છે કે, વાર્યા ના વળે એ હાર્યા વળે ને ઈરાન-અમેરિકા યુદ્ધમાં આ કહેવત સાચી પડી રહી હોય એવું લાગી રહ્યું છે. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને આખી દુનિયાએ ઈરાન પર હુમલો નહીં કરવા બહુ વારેલા પણ ટ્રમ્પ હાથ નહોતા મૂકવા દેતા. હવે ઈરાન પરના હુમલાના મહિના પછી ટ્રમ્પ ઢીલા પડી રહ્યા છે ને ઈરાન સાથે સમાધાન માટે ફાંફાં મારી રહ્યા છે. આ ફાંફાંના ભાગરૂપે ટ્રમ્પે પહેલાં પાંચ દિવસ માટે ઈરાનના ક્રૂડ ભંડારો પર હુમલા નહીં કરવાનું એસાન કરેલું. હવે ટ્રમ્પે આ મુદત ૧૦ દિવસ માટે વધારીને ૬ એપ્રિલ સુધીની કરી છે. ટ્રમ્પ ઢીલા પડ્યા છે તેનું કારણ એ છે કે, ઈરાન મચક નથી આપી રહ્યું. જો કે ટ્રમ્પે પડ્યા પછીય ટંગડી ઊંચી રાખતાં કહ્યું છે કે, પોતે ઈરાનની વિનંતીથી આ નિર્ણય લીધો છે. ઈરાન આ વાતને નકારે છે, બલકે અમેરિકા સાથે કોઈ પણ પ્રકારની વાટાઘાટોને પણ નકારે છે પણ ટ્રમ્પ આ વાજુ વગાડ્યા કરે છે. આપણને તેની સામે વાંધો નથી કેમ કે યુદ્ધ રોકાય એ દુનિયાના ફાયદામાં જ છે.

અમેરિકા ઢીલ મૂકે એ દુનિયાના ફાયદામાં છે ને તેનું ટ્રેલર ટ્રમ્પે ઈરાનના ક્રૂડ ઓઈલના ભંડારો પર હુમલા નહીં કરવાની સમયમર્યાદા ૧૦ દિવસ લંબાવી કે તરત જોવા મળી ગયું. ટ્રમ્પની જાહેરાત થઈ કે તરત વૈશ્વિક સ્તરે ક્રૂડના ભાવમાં ઘટાડો થઈ ગયો. બ્રેન્ટ ક્રૂડની કિંમત લગભગ ૧.૫ ટકા ઘટીને પ્રતિ બેરલ ૯૩ ડૉલરની નજીક પહોંચી ગઈ જ્યારે વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિયેટ (ડબ્લ્યુટીઆઈ) ક્રૂડની કિંમત ૧.૮ ટકા ઘટીને પ્રતિ બેરલ ૧૦૬ ડૉલરની આસપાસ થઈ ગઈ. ભારત પોતાની પેટ્રોલ-ડીઝલની જરૂરીયાત માટે બ્રેન્ટ ક્રૂડ ખરીદે છે તેથી આ ઘટાડો ભારત માટે ફાયદાકારક છે. ટ્રમ્પનો યુદ્ધવિરામ હજુ ૧૦ દિવસ રહેવાનો છે એ જોતાં હજુ પણ ક્રૂડના ભાવ ઘટી શકે છે.

અમેરિકા-ઈઝરાયલે ભેગા મળીને ઈરાન પર હુમલો કર્યો પછી ક્રૂડ ઓઈલના ભાવ ભડકે બળી રહ્યા છે. અમેરિકા-ઈરાન યુદ્ધ શરૂ થયા પછી બ્રેન્ટ ક્રૂડની કિંમત લગભગ ૫૦ ટકા વધી ગઈ છે જ્યારે વેસ્ટ ટેક્સાસ ઇન્ટરમીડિયેટ (ડબ્લ્યુટીઆઈ) ક્રૂડની કિંમતમાં લગભગ ૪૦ ટકાનો વધારો થયો છે. અત્યારે જે ઘટાડો થયો છે એ ભાવવધારાની સરખામણીમાં કંઈ ના કહેવાય પણ વાત હકારાત્મક સંકેતની છે. અત્યારે થયેલો નાનો ઘટાડો એ વાતનો સંકેત છે કે, યુદ્ધ અટકી જાય તો બધું સમુસુતરું થઈ શકે છે. ક્રૂડના ભાવ પણ કાબૂમાં આવી જાય ને ક્રૂડ ઓઈલની અછત પણ ના રહે. તેના કારણે કોઈને કોઈ તકલીફ ના રહે.

તકલીફ એ છે કે, આ વાત ડોનલ્ડ ટ્રમ્પને સમજાતી નથી ને કોઈ આ વાત તેને સમજાવી શકતું નથી. દુનિયામાં શાંતિ જાળવી રાખવા માટે યુનાઈટેડ નેશન્સ (યુએન) સહિતની સંસ્થાઓ કામ કરે છે પણ યુએન કશું નથી કરી રહી. યુએન અમેરિકાની આંગળિયાત સંસ્થા છે ને અમેરિકાના પીઠ્ઠુ તેમાં હોય છે તેથી એ કશું કરે એવી આશા હતી જ નહીં પણ માનો કે યુએન કશું કરવાની પહેલ કરે તો પણ ટ્રમ્પ તેની વાત માને એ વાતમાં માલ નહોતો. ઈરાનને પાઠ ભણાવવાની સનક ટ્રમ્પના માથા પર ઝનૂનની હદે સવાર થઈ ગઈ છે તેથી ટ્રમ્પ કોઈનું સાંભળતા જ નહોતા પણ યુદ્ધ લંબાયું તેમાં ટ્રમ્પની ફેં ફાટી ગઈ ને એ બહાર નિકળવાનાં બહાનાં શોધે છે એ સારી વાત છે.

દુનિયાના દેશોએ આ સ્થિતિનો ફાયદો ઉઠાવીને ટ્રમ્પ પર દબાણ વધારવાની જરૂર છે. ટ્રમ્પે ઈરાન પર હુમલો પોતાનો અહમ સંતોષવા માટે કર્યો છે ને ઈરાન ટ્રમ્પની શરતો માની લે તો ટ્રમ્પનો અહમ સંતોષાઈ જાય. ઈરાન બધી શરતો માની જાય એ શક્ય જ નથી પણ ઈરાન પોતે પરમાણુ શસ્ત્રો બનાવતું નથી તેની ખાતરી કરાવવા માટે ઈન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સી (આઈએઈએ) મારફતે નિરીક્ષણ કરાવવા સહિતની શરતો પણ સ્વીકારી લે ને બદલામાં અમેરિકા ઈરાન પરનાં નિયંત્રણો હટાવી લે તો સમાધાન થઈ શકે તેમ છે.

નરેન્દ્ર મોદી ભારતને વિશ્વગુરુ કહેવડાવે છે ને મોદી માટે અત્યારે સુવર્ણ તક છે. ટ્રમ્પ મોદીના મિત્ર છે ને ઈરાન ભારતનું મિત્ર રાષ્ટ્ર છે તેથી ભારતની વાત બંને સાંભળશે. ઈરાને ભારતનાં જહાજોને હોર્મુઝની ખાડીમાંથી પસાર થવાની મંજૂરી આપીને સત્તાવાર રીતે મિત્ર દેશ તરીકે સ્વીકાર કર્યો છે તેથી ઈરાન ભારતની વાત પર વિચાર કરી શકે. ડીયર ફ્રેન્ડ ટ્રમ્પની મોદીની વાતો સાંભળી સાંભળીને તો આ દેશની એક આખી પેઢી મોટી થઈ ગઈ એ જોતાં મોદી ટ્રમ્પ પર પણ દબાણ લાવી શકે છે. ટૂંકમાં ભારત અને નરેન્દ્ર મોદી બંને માટે અત્યારે દોડવું તુ ને ઢાળ મળ્યો એવો ઘાટ છે. બંનેએ એકબીજા સામે મૂકેલી ઢગલો શરતોમાંથી વાજબી શરતો માનવા બંને પર દબાણ લાવીને અમેરિકા ને ઈરાન વચ્ચે સમાધાન કરાવીને મોદીએ ભારત સાચા અર્થમાં વિશ્વગુરુ બની ગયું છે એ સાબિત કરવું જોઈએ. વિપક્ષો કટાક્ષ કરે છે કે, મોદી ભારતને વિશ્વગુરુ ગણાવે છે પણ ચેલા કોણ છે ? મોદીએ સાબિત કરવું જોઈએ કે, ભારત પાસે ચેલા પણ છે ને ભારત વિશ્વગુરુ પણ છે.

મોદી સમાધાન કરાવીને એક કાંકરે બે પક્ષી મારી શકે છે કેમ કે અમેરિકા અને ઈરાન વચ્ચે સમાધાન કરાવીને પોતાનો સિક્કો જમાવવા માટે પાકિસ્તાન પણ દોડાદોડી કરી રહ્યું છે. શાહબાઝ શરીફે તો પાકિસ્તાનમાં જ મંત્રણા કરાવવાની ઓફર પણ કરી છે. ટ્રમ્પે પોતે પાકિસ્તાનની મધ્યસ્થી પર મંજૂરીની મહોર મારી છે. પાકિસ્તાન આ સમાધાન કરાવીને જશ ખાટી જાય એ ભારતના ફાયદામાં નથી કેમ કે તેના કારણે પાકિસ્તાન અમેરિકા અને ઈરાન બંનેની નજીક આવી જશે. ભારતના આર્થિક હિતો ઈરાન અને અમેરિકા બંને સાથે સંકળાયેલાં છે એ જોતાં પાકિસ્તાનની આ બંને દેશો સાથેની અતિ નિકટતા ભારતના ફાયદામાં નથી. મોદીએ પાકિસ્તાન સમાધાન કરાવી જાય એ પહેલાં ખેલ પાડીને પાકિસ્તાનની આબરૂનો ધજાગરો કરી દેવાની જરૂર છે.

મોદી આ સમાધાન કરાવી શકે તો ભારતનો દબદબો તો વધશે જ પણ વ્યક્તિગત રીતે મોદીનો પ્રભાવ પણ વધશે. મોદી શાંતિ માટેના નોબલ પ્રાઈઝના હકદાર બની જશે કેમ કે અમેરિકા વર્સીસ ઈરાનનું યુદ્ધ અત્યારે દુનિયાની શાંતિ માટે સૌથી મોટો ખતરો છે. હજુ યુધ્ધ ઉગ્ર બન્યું નથી ત્યાં જ દુનિયાની શાંતિ ડહોળાઈ ગઈ છે તો હવે પછી શું થાય તેની કલ્પના જ કરી શકાય તેમ નથી. આવું યુધ્ધ મોદી રોકી શકે તેનાથી મોટી કોઈ સિદ્ધી જ ના હોય એ જોતાં મોદીએ દમ લગાવીને હઈસા કરીને ભારતને વિશ્વગુરુ સાબિત કરી જ દેવું જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ-સૌર વસંતઋતુ, શનિવાર, તા. ૨૮-૩-૨૦૨૬, ધર્મરાજ દશમી, ભદ્રા

- ભારતીય દિનાંક ૭, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર સુદ -૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૮મો દએપઆદર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૦મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર પુષ્ય બપોરે ક. ૧૪-૪૯ સુધી, પછી આશ્લેષા
- ચંદ્ર કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૭, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૨, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-
- ભરતીઃ સવારે ક. ૦૮-૧૨, રાત્રે ક. ૨૧-૨૪
- ઓટઃ બપોરે ક. ૧૪-૩૬, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૩ (તા. ૨૯)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’ નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - દસમી. ધર્મરાજ દશમી, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦-૧૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, શનિ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, પીપળાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, પશુ લે-વેંચ, નૌકા બાંધવી, શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ મોટા લોકોની સહાય મળે.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ

- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# એસ-૪૦૦ સહિત ૨.૩૮ લાખ કરોડના શસ્ત્ર-સરંજામ ખરીદવાને મંજૂરી અપાઈ

નવી દિલ્હીઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી સંરક્ષણ પ્રાપ્તિ પરિષદ (ડીએસી)ની બેઠકમાં આશરે ૨.૩૮ લાખ કરોડ રૂપિયાના સંરક્ષણ ખરીદી પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં ભૂમિસેના, વાયુસેના અને કોસ્ટ ગાર્ડ માટે અનેક મહત્ત્વપૂર્ણ સિસ્ટમો અને પ્લેટફોર્મનો સમાવેશ થાય છે.

ભારતીય સેના માટે એર ડિફેન્સ ટ્રેક્ડ સિસ્ટમ, આર્મર પિયર્સિંગ ટેન્ક દારૂગોળો, હાઈ કેપિસિટી રેડિયો રિલે, ધનુષ ગન સિસ્ટમ અને રનવે ઈન્ડિપેન્ડેટ એરિયલ સર્વિલાન્સ સિસ્ટમને મંજૂરી આપવામાં આવી. આ ખરીદીમાં એર ડિફેન્સ સિસ્ટમ, ધનુષ તોપ, એસ-૪૦૦ મિસાઇલ સિસ્ટમ, મધ્યમ પરિવહન વિમાન, દૂરથી નિયંત્રિત થનારા વિમાન અને સુખોઈ-૩૦ એન્જિન પાર્ટ્સનું ઓવરહોલ સામેલ છે.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ભારતીય વાયુસેના માટે મધ્યમ પરિવહન વિમાન, એસ-૪૦૦ લાંબા અંતરની સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઇલ સિસ્ટમ, રિમોટલી પાઇલોટેડ સ્ટ્રાઇક એરક્રાફ્ટ અને સુખોઈ-૩૦ એરો એન્જિન એગ્રીગેટ્સના ઓવરહોલ માટેના પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી હતી.

તેમાં કહેવામાં આવ્યું છે કે એએન૩૨ અને આઈએલ૭૬ના પરિવહન કાફલાના સ્થાને મધ્યમ પરિવહન વિમાનને સામેલ કરવાથી સેનાઓની વ્યૂહાત્મક અને ઓપરેશનલ એરલિફ્ટ જરૂરિયાતોને પૂર્ણ કરશે. એસ-૪૦૦ સિસ્ટમ મહત્ત્વપૂર્ણ વિસ્તારોને લક્ષ્ય બનાવતા દુશ્મન લાંબા અંતરના હવાઈ હુમલાઓને નિષ્ફળ કરશે જ્યારે રિમોટલી પાયલોટેડ સ્ટ્રાઇક એરક્રાફ્ટ આક્રમક પ્રતિરોધક અને સંકલિત હવાઈ અભિયાન ચલાવવામાં બનાવશે. સાથે જ ગુપ્ત રીતે જાણકારી એકઠી કરવા દેખરેખ રાખવા અને ગતિવિધિઓમાં પણ મદદરૂપ થશે. સુખોઈ-૩૦ એરો એન્જિન અને તેના એગ્રીગેટ્સનું ઓવરહોલ વિમાનની સેવાના વર્ષોમાં વધારો કરશે અને વાયુસેનાની ઓપરેશનલ જરૂરિયાતોને પૂર્ણ કરશે.

### ઍર ડિફેન્સ મિસાઈલ, નેવી ઍરક્રાફ્ટ માટે ૮૫૮ કરોડની ડીલ

સંરક્ષણ મંત્રાલયે તુંગસ્કા એર ડિફેન્સ મિસાઇલ સિસ્ટમની ખરીદી અને પી૮આઈ લોંગ રેન્જ મેરિટાઈમ રિકોનિસેન્સ ઍરક્રાફ્ટના ઈન્સ્પેક્શન (ડેપો લેવલ) માટે કુલ ૮૫૮ કરોડ રૂપિયાના કરારો પર હસ્તાક્ષર કર્યા છે. સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની હાજરીમાં રશિયાની જેએસસી રોસોબોરોનક્સપોર્ટ સાથે ભારતીય સેના માટે ૪૪૫ કરોડ રૂપિયાની તુંગસ્કા એર ડિફેન્સ મિસાઇલ સિસ્ટમ ખરીદવાનો કરાર કરવામાં આવ્યો હતો. આ કરાર ભારત-રશિયા સ્ટ્રેટેજિક ડિફેન્સ પાર્ટનરશિપને વધુ મજબૂત બનાવશે.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતીય નૌકાદળના પી૮આઈ લોંગ-રેન્જ મેરિટાઇમ રિકોનિસેન્સ ઍરક્રાફ્ટના મેઈન્ટેનન્સ માટે બોઇંગ ઇન્ડિયા ડિફેન્સ પ્રાઇવેટ લિમિટેડ સાથે ૪૧૩ કરોડ રૂપિયાનો એક અલગ કરાર કરવામાં આવ્યો છે. મંત્રાલયે કહ્યું હતું કે ભારતીય સેના માટે ૪૪૫ કરોડ રૂપિયાના ખર્ચે તુંગસ્કા ઍર ડિફેન્સ મિસાઇલ સિસ્ટમ્સની ખરીદી માટેનો કરાર જેએસસી રોસોબોરોનેક્સપોર્ટ, રશિયા સાથે કરવામાં આવ્યો હતો.

મંત્રાલયે વધુમાં કહ્યું કે આ અત્યાધુનિક મિસાઇલો ઍરક્રાફ્ટ, ડ્રોન અને ક્રુઝ મિસાઇલ સહિતના હવાઈ જોખમો સામે ભારતની બહુસ્તરીય ઍર ડિફેન્સ ક્ષમતાઓને વધારશે. આ કરાર ભારત-રશિયન વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારીને વધુ મજબૂત બનાવશે ૧૦૦ ટકા સ્વદેશી શ્રેણી હેઠળ પી૮આઈ ઍરક્રાફ્ટના નિરીક્ષણ માટેનો કરાર એમઆરઓ (મેઈન્ટેનન્સ, રિપેર અને ઓવરહોલ) સુવિધા પર કાફલાના ડેપો-સ્તરની જાળવણી સુનિશ્ચિત કરશે. ■

# ઈઝરાયલ યાદ રાખે, અમે ઈરાન નથીઃ પાકિસ્તાનની ધમકી

## તહેરાનમાં પાકિસ્તાની એલચી કચેરી પાસે વિસ્ફોટ થતાં ઈસ્લામાબાદ ભડક્યું

તહેરાનઃ તહેરાનમાં પાકિસ્તાનની એલચી કચેરી અને રાજદૂતના નિવાસસ્થાન નજીક વિસ્ફોટ થયા હોવાનાં અહેવાલ છે. આ હુમલાને કારણે પાકિસ્તાની રાજદૂતો હચમચી ગયા છે. સતત ૨૮મા દિવસે ઈઝરાયલ અને અમેરિકાએ તહેરાન પર હવાઈહુમલા કરવાનું ચાલુ રાખ્યું છે. જોકે તહેરાનમાં પાકિસ્તાનની એલચી કચેરી અને રાજદૂતના નિવાસસ્થાન નજીક વિસ્ફોટો ઈરાદાપૂર્વક કરવામાં નહોતા આવ્યા એવું જણાવ્યું હતું. અહેવાલમાં જણાવ્યા અનુસાર આ હુમલાનો આશય ઈરાનના લશ્કરી થાણાઓને નિશાન બનાવવાનો હતો. વિસ્ફોટો તીવ્ર હોવા છતાં તમામ રાજદૂતો અને એલચી કચેરીનો પરિસર સુરક્ષિત રહ્યા હતા. જોક, આસપાસની ઈમારતોને ભારે નુકસાન પહોંચ્યું હતું. આ હુમલાની પાકિસ્તાને નિંદા કરી હતી અને ઈઝરાયલને ધમકી આપી હતી. પાકિસ્તાને ચેતવણીના સૂરમાં કહ્યું હતું કે ઈઝરાયલે યાદ રાખવું જોઈએ કે પાકિસ્તાન, કતાર નથી. વિશ્વમાં કોઈ પણ જગ્યાએ પાકિસ્તાનના રાજદૂતોને હાનિ થશે તો અમે એવા હુમલા કરીશું કે યાદ રાખશો. (એજન્સી) ■

# આબકારી જકાત ઘટાડવાથી ૭,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન

નવી દિલ્હી : પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઇઝ ડ્યૂટીમાં પ્રતિ લિટર ૧૦ રૂપિયાનો ઘટાડો અને એટીએફ અને ડીઝલ પર નિકાસ ડ્યૂટીમાં વધારો કરવાથી પખવાડિયામાં ૫૫૦૦ કરોડ રૂપિયાનું ચોખ્ખું નુકસાન થશે, એમ એક ટોચના અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ઇન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (સીબીઆઈસી)ના ચેરમેન વિવેક ચતુર્વેદીએ જણાવ્યું હતું કે એક્સાઇઝ ડ્યૂટીમાં ઘટાડાથી લગભગ ૭૦૦૦ કરોડ રૂપિયાની મહેસૂલ નુકસાન થશે, જ્યારે ડીઝલ અને એટીએફની નિકાસ પર વિશેષ વધારાની એક્સાઇઝ ડ્યૂટીમાં વધારો થવાથી પખવાડિયામાં ૧૫૦૦ કરોડ રૂપિયા વધુ મળશે.

એક્સાઇઝ ડ્યૂટીમાં ઘટાડા પછી, પેટ્રોલ પર એક્સાઇઝનો દર પ્રતિ લિટર ૧૧.૯ રૂપિયા થશે (૧.૪૦ રૂપિયા બેઝિક એક્સાઇઝ ડ્યૂટી, ૩ રૂપિયા સ્પેશિયલ એડિશનલ એક્સાઇઝ ડ્યૂટી, ૨.૫૦ રૂપિયા એગ્રીકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેવલપમેન્ટ સેસ, અને રૂ. ૫ રોડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેસ). ડીઝલ અને એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ) પર, ૨૬ માર્ચથી પ્રતિ લિટર ૨૧.૫ રૂપિયા અને ૨૯.૫ રૂપિયાની નિકાસ ડ્યૂટી લાદવામાં આવી છે. ■

# કમર્શિયલ એલપીજીનો પુરવઠો સરકારે ૫૦ ટકાથી વધારીને ૭૦ ટકા કર્યો

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે રાજ્યોને કરવામાં આવતી કમર્શિયલ એલપીજીની ફાળવણીમાં ૨૦ ટકા અને સ્ટીલ અને ઑટોમોબાઈલ ઉદ્યોગ સહિતના ક્ષેત્રોની ઔદ્યોગિક જરૂરિયાતને પહોંચી વળવા યુદ્ધ અગાઉ કરવામાં આવતી ફાળવણી પચાસ ટકાથી વધારીને ૭૦ ટકા કરવાનો આદેશ આપ્યો છે.

રાજ્યોના મુખ્ય સચિવને લખેલા પત્રમાં ઓઈલ સેક્રેટરી નીરજ મિત્તલે આવશ્યક ક્ષેત્રને ટેકો આપતા સ્ટીલ, ઑટોમોબાઈલ, ટેક્સટાઈલ, ડાય, કેમિકલ્સ અને પ્લાસ્ટિક જેવા શ્રમીક આધારિત ઉદ્યોગોને વધારાનો પુરવઠો આપવાને પ્રાથમિકતા આપવાનો આદેશ આપ્યો હતો. વર્તમાનમાં આ ક્ષેત્રોને પચાસ ટકા ફાળવણી કરવામાં આવે છે જે હવે ૨૦ ટકા વધારીને ૭૦ ટકા કરવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### ક્રૂડતેલ ઊકળ્યું

બાદ સત્ર દરમિયાન ૯૪.૮૫ અને ૯૪.૧૮ની રેન્જમાં રહીને અંતે ૮૯ પૈસાના ગાબડાં સાથે ૯૪.૮૫ની વિક્રમ નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૨.૯૦ ટકા વધીને બેરલદીઠ ૧૧૦.૯૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં હાલ માસાન્તનો સમયગાળો ચાલી રહ્યો હોવાથી ડૉલરમાં તેલ આયાતકારોની પણ માગ પ્રબળ રહેતાં ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

### પેટ્રોલ-ડીઝલ પરની

ત્રણ કરી છે, જ્યારે ડીઝલ પર લિટર દીઠ રૂપિયા દસથી ઘટાડીને શૂન્ય કરી છે. તેને લીધે સરકારની અંદાજે રૂપિયા ૧.૭૫ લાખ કરોડની આવક ઘટશે. સરકારે ડીઝલ અને એવિયેશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ)ની નિકાસ પર ફરી ડ્યૂટી લાદી છે. આ સંબંધમાં ગુરુવારે રાતના નૉટિફિકેશન બહાર પડાયું હતું.

સરકારે ડીઝલની નિકાસ પર લિટર દીઠ રૂપિયા ૨૧.૫ની એક્સ્પોર્ટ ડ્યૂટી લાદી હતી, જ્યારે એવિયેશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ) પર લિટર દીઠ રૂપિયા ૨૯.૫ની એક્સ્પોર્ટ ડ્યૂટી લાદી હતી. રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો ત્યારે ખનિજ તેલના રિફાઇનર્સને થયેલા આર્થિક લાભને કારણે ૨૦૨૨ના જુલાઇમાં પ્રથમ વખત વિંડફૉલ ટૅક્સ લદાયો હતો, પરંતુ બાદમાં ૨૦૨૪ના ડિસેમ્બરમાં તે પાછો ખેંચાયો હતો.

આમ છતાં, ગયા વખતની જેમ આ વખતે ખનિજ તેલના ઓએનજીસી જેવા ઉત્પાદકો પર વિંડફૉલ ટૅક્સ નથી લદાયો.

અખાતના યુદ્ધને કારણે તેલના આંતરરાષ્ટ્રીય ભાવ પચાસ ટકા જેટલા વધીને બેરલ દીઠ ૧૦૦ ડૉલરથી વધી ગયા છે અને તેને લીધે પેટ્રોલનો ભાવ લિટર દીઠ રૂપિયા ૨૬ અને ડીઝલનો ભાવ રૂપિયા ૮૧.૯૦ જેટલો વધવો જોઇતો હતો. સરકારી માલિકીની ઑઇલ માર્કેટિંગ કંપનીઓ ખનિજ તેલના ઊંચા ભાવનો આર્થિક બોજ ઉપાડી રહી છે. તેઓને રાહત આપવા માટે સરકારે સ્પેશ્યલ એડિશનલ એક્સાઇઝ ડ્યૂટી ઘટાડી છે.

સરકારે એક્સાઇઝ ડ્યૂટી ઘટાડી હોવા છતાં પેટ્રોલ પંપ પર મળતા ઈંધણના ભાવમાં ફરક નહિ પડે. (એજન્સી) ■

### હોર્મુઝ ખાડી

ઇરાનના સરકારી પ્રસારમાધ્યમે શૅર કરેલી વીડિયો ક્લિપ્સમાં ઇરાનના ઍરોસ્પેસ ફૉર્સના સૈનિકો મિસાઇલ્સ ઇઝરાયલ પર છોડતા પહેલાં તેના પર ભૂરા રંગના માર્કર્સથી ‘થેંક યૂ ટૂ પીપલ ઑફ ઇન્ડિયા’ લખતા જોવા મળ્યા હતા.

ઇરાને યહૂદી સૈનિકો પર ‘વૅવ ૮૩’ મિસાઇલ્સ અને ડ્રોન હુમલા શરૂ કર્યા હતા. તેણે મિસાઇલ્સ પર ભારત ઉપરાંત, સ્પેન, પાકિસ્તાન અને જર્મનીના લોકોનો પણ આભાર માનતા સંદેશા લખ્યા હતા. ઇરાને હોર્મુઝ સામુદ્રધુનીનો દરિયાઇ માર્ગ ‘દુશ્મન યહૂદીઓ અને અમેરિકન્સના સાથીઓ તેમ જ ટેકેદારો’ના બંદરો માટેના જહાજો માટે બંધ હોવાનું કહીને ત્રણ જહાજને પાછા મોકલ્યા હતા. દરમિયાન, એક બાજુ, ઇઝરાયલે ઇરાન પર મોટા પાયે હુમલા ચાલુ રાખ્યા હતા, જ્યારે બીજી બાજુ, ઇરાને ઇઝરાયલ, બહરીન, કતાર, કુવૈત અને સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) પર ફરી હુમલા કર્યા હતા. અમેરિકાએ આ યુદ્ધગ્રસ્ત વિસ્તાર માટે વધુ સૈનિકોને મોકલ્યા હતા.

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે સોશ્યલ મીડિયા પોસ્ટ પર લખ્યું હતું કે અમે ઇરાનને છ એપ્રિલ સુધીમાં હોર્મુઝ સામુદ્રધુની બધા જહાજોની અવરજવર માટે ખુલ્લી મૂકવા અનુરોધ કરીએ છીએ અને ત્યાં સુધી ઇરાનના ઊર્જા મથકો પરનો બૉમ્બમારો નહિ કરીએ.

ઇઝરાયલે પણ ઇરાનનો ટેકો ધરાવતા હિઝબુલ્લાહ સંગઠનની સામે લડવા દક્ષિણ લેબેનોનમાં વધુ સૈનિકો મોકલ્યા હતા.

દરમિયાન, ઇરાને છોડેલા મિસાઇલોને લીધે ઇઝરાયલ અને અખાતના અનેક આરબ દેશોમાં શુક્રવારે અવારનવાર સાઇરન વાગી હતી.

ઇઝરાયલના સંરક્ષણ પ્રધાન ઇઝરાયલ કાટ્ઝે શુક્રવારે જણાવ્યું હતું કે અમે ઇરાન પરના હુમલા વધુ ઉગ્ર અને વ્યાપક બનાવીશું. મેં અને વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ તહેરાનના ત્રાસવાદી શાસકોને ઇઝરાયલના નાગરિકો પર મિસાઇલ છોડવાનું બંધ કરવા ચેતવણી આપી હોવા છતાં, ઇરાને મુલકી વિસ્તારોમાં હુમલા ચાલુ રાખ્યા હોવાથી હવે ઇરાને ‘યુદ્ધના ગુના’ બદલ મોટી કીમત ચૂકવવી પડશે.

તહેરાન યુદ્ધમાં કોઇ પણ રીતે પીછેહઠ કરવા તૈયાર નથી અને તેણે હોર્મુઝ સામુદ્રધુની પરનો પોતાનો કબજો વધુ મજબૂત બનાવ્યો હતો.

ઇઝરાયલે ઇરાનની બેલિસ્ટિક મિસાઇલ્સ બનાવતા કેન્દ્ર પર શુક્રવારે હુમલો કર્યો હતો. બૈરુતમાં અનેક હુમલા બાદ ઘણી જગ્યાએ આગ લાગી હતી અને ધુમાડા નીકળતા દેખાતા હતા. કુવૈતના શહેર શુવૈખના બંદર પર ઇરાને હુમલો કર્યો હતો.

અખાતના દેશોમાં ચાલી રહેલી લડાઇને કારણે ખનિજ તેલના ભાવમાં વધારો ચાલુ રહ્યો હતો. અમેરિકા એક બાજુ યુદ્ધનો ‘રાજદ્વારી ઉકેલ’ લાવવા પ્રસ્તાવ મોકલી રહ્યું છે, જ્યારે બીજી બાજુ પોતાના વધુ સૈનિકોને યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં મોકલી રહ્યું છે. (એજન્સી) ■

### ‘ટીમ ઈન્ડિયા’ના

સલાહ આપી હતી. પશ્ચિમ એશિયામાં યુદ્ધ ૨૮ ફેબ્રુઆરીએ શરૂ થયું, તે પછી મોદીએ આ પ્રથમ વખત રાજ્યોના મુખ્ય પ્રધાનોની સાથે બેઠક યોજી હતી.

ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, આંધ્ર પ્રદેશના એન. ચંદ્રબાબુ નાયડુ, ઉત્તર પ્રદેશના યોગી આદિત્યનાથ, તેલંગણાના રેવંત રેડ્ડી, પંજાબના ભગવંત માન, જમ્મુ અને કાશ્મીરના ઓમર અબદુલ્લા, હિમાચલ પ્રદેશના સુખવીન્દરસિંહ સુખૂ, અરુણાચલ પ્રદેશના પેમા ખંડુ સહિતના રાજ્યોના મુખ્ય પ્રધાનોએ આ બેઠકમાં ભાગ લીધો હતો.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને ગૃહ પ્રધાન અમિત શાહ પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

સૂત્રોએ જણાવ્યું હતું કે વડા પ્રધાને વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા મુખ્ય પ્રધાનોની સાથે ચર્ચાવિચારણા કરી હતી અને અખાતમાંના યુદ્ધને કારણે દેશમાં ઊભી થયેલી સમસ્યાનો સામનો કરવા લેવાઇ રહેલાં વિવિધ પગલાંની માહિતીની આપલે કરી હતી. ચૂંટણી જ્યાં થોડા દિવસમાં યોજાવાની છે, ત્યાં ચૂંટણીને લગતી આચારસંહિતા લાગુ પાડવામાં આવી હોવાથી ત્યાંના મુખ્ય પ્રધાનો આ બેઠકમાં હાજર નહોતા રહ્યા. ચૂંટણી તમિળનાડુ, પશ્ચિમ બંગાળ, કેરળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીમાં થોડા દિવસમાં યોજાવાની હોવાથી ત્યાંના મુખ્ય સચિવોની સાથે કેબિનેટ સેક્રેટરીની અલગ બેઠકનું આયોજન કરાયું હતું.

કેન્દ્ર સરકારે અગાઉ પશ્ચિમ એશિયામાંની યુદ્ધને લીધે દેશમાં ઊભી થયેલી સમસ્યા અને તેની પરિસ્થિતિની સમીક્ષા કરવા પચીસ માર્ચે સર્વપક્ષી બેઠક યોજી હતી.

મોદીએ ૨૩ માર્ચે લોકસભામાં કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે અખાતના દેશોમાં ચાલતા યુદ્ધને કારણે દેશે કોવિડ-૧૯ના રોગચાળા વખતે સર્જાયેલી કપરી સમસ્યા જેવી પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર રહેવું જોઇએ.

મોદીએ જણાવ્યું હતું કે દેશના ૧.૪ અબજ લોકોએ સાથે મળીને કોઇ પણ મુશ્કેલીનો સામનો કરવો જોઇએ. ભારત વિવિધ પડકારનો સામનો કરીને વિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. (એજન્સી) ■

### લૉકડાઉન

જાળવવાની વિનંતી કરતાં કહ્યું હતું કે આ પ્રકારના સંજોગોમાં અફવા ફેલાવવી એ બેજવાબદારી અને હાનિકારક છે. અમેરિકા-ઈઝરાયલ-ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને પગલે વૈશ્વિક સ્તરે ઊર્જાનો પુરવઠો ખોરવાયો હોવા વચ્ચે સરકારે પેટ્રોલ અને ડીઝલ પરની એક્સાઈઝ ડ્યૂટી ઘટાડવાની કરેલી જાહેરાત બાદ વહેતી થયેલી વ્યાપક અટકળો વચ્ચે પુરીએ આ સ્પષ્ટતા કરી હતી. સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે વર્તમાન સમયને ધ્યાનમાં રાખીને અમે ઊર્જા, સપ્લાય ચેઈન અને જીવન જરૂરીયાતની વસ્તુઓને મામલે આકાર લઈ રહેલી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છીએ.

નાગરિકો માટે ઈંધણ, ઊર્જા અને અન્ય જીવનાવશ્યક વસ્તુઓ સરળતાથી ઉપલબ્ધ રહે તેની ખાતરી કરવા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વ હેઠળ જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યાં છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ભાવિ પડકારોને પહોંચી વળવા અમે સંપૂર્ણ રીતે સજ્જ છીએ.

વૈશ્વિક અચોક્કસતા વચ્ચે ભારતે સાતત્યપૂર્ણ રીતે સ્થિતિસ્થાપકતા દર્શાવી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ભાવિ પડકારોને પહોંચી વળવા અમે સમયસર, સક્રિયપણે અને સહકારપૂર્ણ રીતે કામ કરવાનું ચાલુ રાખીશું. કોરોનાને મહામારીની જાહેર કરવામાં આવ્યા બાદ વર્ષ ૨૦૨૦માં દેશવ્યાપી લૉકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે આકાર લઈ રહેલી પરિસ્થિતિ અંગે તાજેતરમાં લોકસભામાં આપેલા ભાષણ બાદ દેશમાં ફરી એકવાર લૉકડાઉન જાહેર કરવામાં આવે એવી શક્યતા હોવાની અટકળો વહેતી થઈ હતી.

સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં પીએમ મોદીનાં નિવેદનને સંભવિત લૉકડાઉનના સંકેતસમાન લેખાવવામાં આવ્યું હતું અને તેને કારણે અફવાઓનું બજાર ગરમાયું હતું.

મોદીએ તેમનાં ભાષણમાં લૉકડાઉનનો ઉલ્લેખ કર્યો હતો, પરંતુ માત્ર એ જ દર્શાવવા કે કઈ રીતે આપણે એ કટોકટીનો એકજૂટ થઈને સામનો કર્યો હતો. મોદીએ દેશવાસીઓને કોરોનાકાળની જેમ જ ભાવિ પડકારોને પહોંચી વળવા સજ જ અને એકજૂટ રહેવાની વિનંતી કરી હતી, પરંતુ લૉકડાઉન શબ્દનો ઉચ્ચાર સુધ્ધાં નહોતો કર્યો.

એલપીજીના પુરવઠા અંગેની ચિંતા અને અમુક દેશોએ ઈંધણ બચાવવા લીધેલાં પગલાંઓ જેવી બાબતોને કારણે લોકોમાં મૂંઝવણ અને અફવા ફેલાઈ હોવાનું જણાઈ રહ્યું છે.

સરકારે લૉકડાઉન જાહેર કર્યાને ૨૪મી માર્ચે છ વર્ષ પૂરા થયા હતા જેને પગલે વધુ એક લૉકડાઉનની અફવાઓએ જોર પકડ્યું હતું. (એજન્સી) ■

# મુંબઈમાં ફ્લાયઓવર પર ગુજરાતીમાં બોર્ડ લગાવાયા, શિવસેના આક્રમક




મુંબઈઃ મુંબઈમાં ભાષા વિવાદ ફરી ઉભો થવાના એંધાણ છે. મુંબઈમાં ઘણા વિસ્તારોમાં અચાનક ગુજરાતી ભાષામાં બોર્ડ લગાવવામાં આવ્યા છે, જેના કારણે મરાઠીઓ ગુસ્સે ભરાયા છે. શિવસૈનિકોનો આરોપ છે કે આ મરાઠી લોકોને નિરુત્સાહિત કરવાનો અને ધીમે ધીમે મુંબઈમાં ગુજરાતીઓનું વર્ચસ્વ વધારવાનો એક કારસો છે. ઉપરાંત મુંબઈમાં ક્યાંય આ બોર્ડ ન લગાવવા જોઈએ. શિવસૈનિકોએ ચેતવણી પણ આપી છે કે જો આવું ફરી થશે તો તેઓ વિરોધ કરશે.

પરેલ ટીટી ફ્લાયઓવરની એક લેન બંધ કરવાનું કામ ચાલી રહ્યું છે. નાગરિકોને અસુવિધા ન થાય અને વાહનચાલકોને તેમના વાહનો બીજી બાજુ ચલાવવાનો નિર્દેશ આપવા માટે કોન્ટ્રાક્ટરે આ જગ્યાએ નોટિસ બોર્ડ લગાવ્યા હતા. રસપ્રદ વાત એ છે કે આ નોટિસ અંગ્રેજી અને ગુજરાતીમાં લખેલા હતા. મહારાષ્ટ્રમાં મરાઠીમાં નોટિસ લખવાને બદલે ગુજરાતી અને અંગ્રેજીમાં લખેલી જોઈને શિવસૈનિકો ખૂબ ગુસ્સે થયા હતા. ■

### મ્યુનિસિપલ અધિકારીઓ જવાબદાર?

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ફ્લાયઓવરનુ કામ કરી રહ્યું છે. ખુદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જવાબદાર હોય, તો આપણે કોને ફરિયાદ કરવી? આ માટે એકલો કોન્ટ્રાક્ટર જવાબદાર નથી, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ પણ એટલા જ જવાબદાર છે. બોર્ડ કઈ ભાષામાં લગાવવામાં આવ્યા છે તે તપાસવાની જવાબદારી કોની છે? આ અંગે પ્રશ્ન ઉઠાવતા, એક શિવસૈનિકે માગ કરી કે કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરવામાં આવે અને કહ્યું કે તે ગુજરાતી છે કે નહીં તે જાણી શકાયું નથી. ■

# લોકડાઉન અંગે અફવા ફેલાવનાર સામે થશે ફોજદારી કાર્યવાહીઃ ફડણવીસ

મુંબઈઃ મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવને જોતા હાલમાં સોશ્યલ મીડિયા પર લોકડાઉન અંગે કેટલીક અફવાઓ ફેલાવવામાં આવી રહી હોવાનું સામે આવ્યું છે. આ લોકડાઉનની અફવાઓને કારણે નાગરિકોમાં ભયનું વાતાવરણ ફેલાવાની શક્યતા છે. આ પૃષ્ઠભૂમિમાં બોલતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટતા કરી હતી કે, કોઇ લોકડાઉન લાગુ કરવામાં આવશે નહીં. સાથે જ તેમણે ચેતવણી આપી હતી કે, જો આ રીતે લોકડાઉન અંગે અફવા ફેલાવવામાં આવશે તો સીધી ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. સોશ્યલ મીડિયા પર આવી ખોટી માહિતી શેર કરવી અથવા તો વોટ્સએપ દ્વારા આવી ખોટી પોસ્ટ શેર કરવી એ ગુનો ગણાશે. આવા ગુનામાં સામેલ કોઈપણ વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી થઈ શકે છે.

લોકડાઉનની અફવા પર બોલતા કેન્દ્રીય પેટ્રોલિયમ પ્રધાન હરદીપ સિંહ પુરીએ 'એક્સ' પર પોસ્ટ કરીને કહ્યું કે, ભારતમાં લોકડાઉન થવાની અફવાઓ સંપૂર્ણપણે ખોટી છે. ભારત સરકાર દ્વારા આવો કોઈ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી. આવી સ્થિતિમાં જો કોઈ અફવા ફેલાવીને ગભરાટ પેદા કરવાનો પ્રયાસ કરી રહ્યું હોય, તો તે બેજવાબદાર અને નુકસાનકારક કૃત્ય છે. ■







# અંધેરી ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં આગ

મુંબઈઃ પશ્ચિમ ઉપનગરના અંધેરીમાં આવેલા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં શુક્રવારે બે માળના ગાળામાં સાંજના અચાનક આગ ફાટી નીકળી હતી. મોડે સુધી આગ નિયંત્રણમાં આવી નહોતી. સદ્નસીબે આગમી દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.મહાકાલી કેવ્સ રોડ પર નંદ ભવન ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ગ્રાઉન્ડ પ્લસ બે માળના મકાનમાં સાંજના ૪.૩૦ વાગે આગનો બનાવ બન્યો હતો. આગની જાણ થતા ઘટના સ્થળે આઠ ફાયર એન્જિન, ચાર જેટી, બે વોટર ટેન્કર, ત્રણ ક્વિક રિસ્પોન્સ વેહિકલ સહિતના સાધનો સાથે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી. પાંચ વાગે ફાયરબ્રિગેડે આગને બે નંબરની જાહેર કરી હતી.

## નાશિકના ગૉડમૅન અશોક ખરાત પછી...

# હવે વસઈના 'ગૉડમૅન'ની 'લીલા' ઉજાગર થઈઃ પુણેની મહિલા સાથે દુષ્કર્મની ફરિયાદ

### પોતાને ભગવાન શિવનો અવતાર ગણાવી બાબાએ મહિલાને તેની પાર્વતી હોવાનું કહ્યું

પાલઘરઃ નાશિકના સ્વઘોષિત ગૉડમૅન અશોક ખરાતનું પ્રકરણ ચર્ચાને ચકડોળે ચઢ્યા પછી હિંમત ભેગી કરીને પુણેની મહિલાએ પોલીસને આપવીતી જણાવતાં હવે વસઈના 'ગૉડમૅન'ની 'લીલા' ઉજાગર થવાની શક્યતા છે. પોતાને ભગવાન શિવનો અવતાર ગણાવનારા બાબાએ મહિલાને પાર્વતી કહીને તેની સાથે કથિત દુષ્કર્મ કર્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

પુણેમાં રહેતી ૩૫ વર્ષની મહિલાએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ૪૦ વર્ષના આરોપી હૃષીકેશ વૈદ્ય વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. જોકે આરોપી વૈદ્યે એક સોશ્યલ મીડિયા પોસ્ટ પર તેની વિરુદ્ધના આરોપોનું ખંડન કર્યું હતું અને તેની વિરુદ્ધ ખોટો કેસ નોંધવામાં આવ્યો હોવાનો દાવો કર્યો હતો. તેણે ફેસબુક પોસ્ટમાં નોંધ્યું હતું કે સત્ય બહાર આવશે જ. સત્યમેવ જયતે.

નાશિકના કથિત ગૉડમૅન અશોક ખરાતની મહિલા સાથે દુષ્કર્મના કેસમાં તાજેતરમાં ધરપકડ થઈ હતી. આ પ્રકરણ એટલું ચગ્યું કે રોજેરોજ તેમાં નવી માહિતી સામે આવી રહી છે. આ ઘટનાથી હિંમત ભેગી કરીને મહિલા પોલીસ ફરિયાદ નોંધાવવા સામે આવી હોવાનું કહેવાય છે.પોલીસના જણાવ્યા મુજબ ૨૦૨૩માં ફેસબુકના માધ્યમથી મહિલા આરોપીના સંપર્કમાં આવી હતી. તે જ વર્ષના ડિસેમ્બરમાં મહિલાને મળવા આરોપી પુણે ગયો હતો. પોતે મહાદેવ (શંકર ભગવાન)નો અવતાર હોવાનો દાવો કરી આરોપીએ મહિલાને પોતાની પાર્વતી ગણાવી હતી. પછી અધ્યાત્મનું જ્ઞાન આપવાની વાતમાં મહિલાને ભોળવી હતી, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે આરોપી પુણેના માંજરી પરિસરમાં આવેલી એક લૉજમાં મહિલાને લઈ ગયો હતો, જ્યાં ઘેનની દવા આપી તેની સાથે દુષ્કર્મ કર્યું હતું. બાદમાં મહિલાની જાણ બહાર આરોપીએ તેની અશ્લીલ તસવીરો પાડી લીધી હતી.

મહિલાએ પોલીસને કહ્યું હતું કે પાલઘર જિલ્લામાં સામાજિક સંસ્થા ચલાવતો આરોપી વાંધાજનક તસવીરોની મદદથી તેને બ્લૅકમેઈલ કરવા લાગ્યો હતો. ગયા વર્ષના મેમાં તેને વસઈની એક હોટેલમાં બોલાવી જાતીય હુમલાનો પ્રયાસ પણ કરાયો હતો.

વસઈના માણિકપુર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર હિરાલાલ જાધવે જણાવ્યું હતું કે નાશિકના અશોક ખરાત પ્રકરણ પછી મહિલાએ ફરિયાદ નોંધાવવાની હિંમત કરી હતી. કથિત ગુનો પુણેમાં બન્યો હોવાથી માણિકપુર પોલીસે બુધવારે ઝીરો એફઆઈઆર નોંધી વધુ તપાસ માટે કેસ પુણેના હડપસર પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કર્યો હતો.

મહિલાએ આક્ષેપ કર્યો હતો કે આવી જ મોડસ ઑપરેન્ડીનો ઉપયોગ કરી આરોપીએ અન્ય મહિલાઓ સાથે પણ આવું કૃત્ય કર્યું હોવાની શક્યતા છે. પુણે પોલીસે આરોપીની તપાસ માટે અલગ અલગ ટીમ બનાવી હોવાનું જાણવા મળ્યું હતું. ■

### ઋષિકેશનો ફડણવીસ સાથે ફોટોઃ કૉંગ્રેસે સાધ્યું નિશાન

વસઈઃ વસઈના ઋષિકેશ વૈદ્ય દ્વારા મહિલા પર જાતીય અત્યાચાર કરવાનું પ્રકરણ બહાર આવ્યું છે. આ ઘટના બાદ હવે રાજકીય વાતાવરણ ફરી ગરમાવા લાગ્યું છે. હવે કોંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે ઋષિકેશ વૈદ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથેના ફોટા પોસ્ટ કરીને તેમની ટીકા કરી હતી.

પુણેની એક ૩૫ વર્ષીય મહિલા પર સ્વયંભૂ ધર્મગુરુ ઋષિકેશ વૈદ્યએ 'હું મહાદેવનો અવતાર છું' તેવો ઢોંગ કરીને જાતીય અત્યાચાર ગુજાર્યો હતો. મહિલા દ્વારા આપવામાં આવેલી ફરિયાદ બાદ માણિકપુર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આ પ્રકરણ સામે આવ્યા બાદ હવે વિવિધ પ્રકારની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

કોંગ્રેસ અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે ઋષિકેશ વૈદ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથેના ફોટા સોશ્યલ મીડિયા પર પોસ્ટ કર્યા હતા. તે પોસ્ટ મુજબ દેવેન્દ્ર ફડણવીસે આ આરોપીનું સન્માન કર્યું હતું. સપકાળે પોસ્ટમાં લખ્યું છે કે, ધર્મની શાલ ઓઢીને પોતાના કાળા કરતૂતો છુપાવનારા આવા બાબાઓ સાથે બીજા કોઈના ફોટા સામે આવે કે ન આવે, પણ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના ફોટા સૌથી પહેલા સામે આવે છે, જે ઘણું બધું સ્પષ્ટ કરે છે. આ પ્રકારે ધર્મની આડમાં રહીને ગુના આચરનારા બાબાઓ પર સરકારનું વલણ શું છે, તેવો પ્રશ્ન પણ તેમણે ઉપસ્થિત કર્યો હતો. ■

# નેશનલ ઍવૉર્ડ વિજેતા ફિલ્મમેકર અભિષેક શાહની ફિલ્મ 'ધબકારો'થી બોલિવૂડના જાણીતા બેનર 'નડિયાદવાલા ગ્રાન્ડસન એન્ટરટેઈનમેન્ટ'નું ગુજરાતી સિનેમામાં પદાર્પણ

### ફિલ્મ 'ધબકારો' રિલીઝ થશે ગુજરાત સ્થાપના દિવસ ૧ મેના રોજ



મુંબઈ/અમદાવાદઃ ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં પોતાના ભવ્ય ૭૫ વર્ષ પૂર્ણ કરી રહેલા પ્રતિષ્ઠિત પ્રોડક્શન હાઉસ નડિયાદવાલા ગ્રાન્ડસન એન્ટરટેઈનમેન્ટ દ્વારા એક મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે. આ બેનર હવે પ્રથમ વખત ગુજરાતી સિનેમામાં ડગ માંડવા જઈ રહ્યું છે. 'ધ મુવિંગ મંચ' અને 'હરફનમૌલા ફિલ્મ્સ'ના સહયોગમાં બનેલી આ ગુજરાતી ફિલ્મ 'ધબકારો' ગુજરાત દિવસ એટલે કે ૧ મે, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

આ ફિલ્મનું લેખન અને નિર્દેશન નેશનલ ઍવૉર્ડ વિજેતા ફિલ્મમેકર અભિષેક શાહ દ્વારા કરવામાં આવ્યું છે. અભિષેક શાહ અગાઉ 'હેલ્લારો' અને 'ઉંબરો' જેવી વિવેચકો દ્વારા વખણાયેલી અને વ્યાવસાયિક રીતે સફળ ફિલ્મો આપી ચૂક્યા છે. ફિલ્મ 'ધબકારો'માં મુખ્ય ભૂમિકામાં લોકપ્રિય અભિનેતાઓ દેવેન ભોજાણી અને આર્જવ ત્રિવેદી જોવા મળશે.

આ નવી શરૂઆત વિશે વાત કરતા 'ધ મુવિંગ મંચ' અને 'હરફનમૌલા ફિલ્મ્સ'ના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કેઃ

''અમે 'ધબકારો' પ્રેક્ષકો સમક્ષ લાવવા માટે ખૂબ જ ઉત્સાહિત છીએ. નડિયાદવાલા ગ્રાન્ડસન એન્ટરટેઈનમેન્ટ જેવા મોટા બેનરનો સાથ મળવાથી અમારા વિઝનને વધુ તાકાત મળી છે, જેના કારણે અમે આ વાર્તાને બહોળા વર્ગ સુધી પહોંચાડી શકીશું.''

જાણીતા નિર્માતા સાજિદ નડિયાદવાલાનું પ્રોડક્શન હાઉસ નડિયાદવાલા ગ્રાન્ડસન એન્ટરટેઈનમેન્ટ બોલિવૂડમાં 'છિછોરે', 'હાઈવે', 'સુપર ૩૦' અને 'તમાશા' જેવી અદ્ભુત ફિલ્મો આપવા માટે જાણીતું છે અને હવે તેઓ મજબૂત ગુજરાતી વાર્તાઓ કહેવા કટિબદ્ધ છે.

અભિષેક શાહે જણાવ્યું કે ૨૦૨૬નો ગુજરાત સ્થાપના દિવસ ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ માટે પણ મહત્ત્વનો બની રહેશે. હળવાશથી કહેવાયેલી આ લાગણીપ્રધાન ફિલ્મમાં ગુજરાતી પ્રેક્ષકોને ચોક્કસ પોતાનો 'ધબકારો' સંભળાશે.■

# ટ્રક સાથે ટકરાયા પછી કાર ભડકે બળીઃ મહિલા સહિત બે ભડથું

### આગને કારણે સેન્ટ્રલ લૉકિંગ સિસ્ટમ ફેલ થતાં બન્ને કારમાંથી બહાર નીકળી ન શક્યાં

બીડઃ બીડ જિલ્લામાં બનેલી કમકમાટીભરી ઘટનામાં ટ્રક સાથે ટકરાયા પછી કાર સળગી ઊઠી હતી, જેમાં મહિલા સહિત બે ભડથું થઈ ગયાં હતાં. જીવ ગુમાવનારા બન્ને માતા-પુત્ર હોવાનું માનવામાં આવે છે. આગને કારણે સેન્ટ્રલ લૉકિંગ સિસ્ટમ ફેલ થવાથી બન્ને કારમાંથી બહાર નીકળી ન શક્યાં હોવાનું કહેવાય છે. પોલીસના જણાવ્યા મુજબ ઘટના શુક્રવારની સવારે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ બીડ-અહિલ્યાનગર સ્ટેટ હાઈવે પર કાપસી ગામ નજીક બની હતી.

પ્રાથમિક માહિતી પરથી પોલીસને જણાવ્યું હતું કે અંબાજોગાઈ તહેસીલમાંથી મહિલા અને યુવાન બીડ તરફ જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. દોઈથાનથી આવનારી પથ્થરની કપચી ભરેલી ટ્રક વિરુદ્ધ દિશામાંથી કાર સાથે ટકરાઈ હતી.

ઘટનાને નજરે જોનારાઓના કહેવા મુજબ ટક્કર એટલી જોરદાર હતી કે તરત જ કારમાં આગ લાગી હતી. ગણતરીની સેકન્ડમાં જ કાર ભડકે બળવા લાગી હતી. આગ અથવા અકસ્માતને કારણે સેન્ટ્રલ લૉકિંગ સિસ્ટમ ફેલ થઈ હશે, જેને કારણે બન્ને કારમાંથી બહાર નીકળી શક્યાં નહોતાં, એવું ઘટનાસ્થળે હાજર લોકોનું કહેવું છે.

આગ ઝડપભેર ફેલાઈ હતી અને મદદ માટે દોડી આવેલા સ્થાનિક રહેવાસીઓએ બન્નેને બચાવવાના પ્રયત્ન પણ કર્યા હતા. જોકે આગ પર કાબૂ મેળવવા આવે ત્યાં સુધી બન્નેનાં સળગીને મોત નીપજ્યાં હતાં, એવું અધિકારીએ જણાવ્યું હતું.

અકસ્માતે કારણે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા, જેને કારણે ટ્રાફિકની પણ સમસ્યા થઈ હતી. દરમિયાન અકસ્માત બાદ ટ્રક ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. પોલીસ તેની શોધ ચલાવી રહી છે. (પીટીઆઈ) ■

# પરભણી, હિંગોલીમાં ઇંધણ મર્યાદા દૂર કરાઇ

છત્રપતિ સંભાજીનગરઃ પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે પેટ્રોલ, ડીઝલ અને ગેસના જથ્થાની અછત અંગે અટકળો અને અફવાઓને કારણે પંપ પર લાંબી કતારોને પહોંચી વળવા માટે શુક્રવારે હિંગોલી અને પરભણી જિલ્લાના અધિકારીઓએ એક દિવસ પહેલા જારી કરાયેલા ઈંધણ ખરીદી મર્યાદાના આદેશો પાછા ખેંચી લીધા છે.

ગુરુવારે બંને સ્થળોએ જારી કરાયેલા આદેશો મુજબ, ટૂ-વ્હીલર માટે ઇંધણ ખરીદી મર્યાદા ૨૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી હતી, જ્યારે ત્રણ અને ચાર પૈડાવાળા વાહનો માટે ૨૦૦૦ રૂપિયા હતી.

''ઇંધણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. તેથી અગાઉનો આદેશ રદ કરવામાં આવ્યો છે. ઇંધણ ખરીદી પરની મર્યાદા દૂર કરવામાં આવી છે,'' એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન, નાંદેડના કલેક્ટર રાહુલ કાર્ડિલેએ શુક્રવારે ઇંધણ પંપ માલિકો સાથે બેઠક યોજી હતી અને તેમને પૂરતો સ્ટોક રાખવા કહ્યું હતું. ■

# 'મારા અને આદિત્ય વચ્ચે બધું હેમખેમ'

### શિવસેના છોડવાની અટકળો પર સંજય રાઉતે પૂર્ણવિરામ મૂક્યું

મુંબઈઃ રાજ્યસભાની ચૂંટણી બાદ શિવસેના (યુબીટી)માં આંતરિક અણબનાવ હોવાની ચર્ચા હાલ રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે. વિધાનસભ્ય આદિત્ય ઠાકરે અને સાંસદ સંજય રાઉત વચ્ચેનો વિવાદ વકર્યો હોવાનું કહેવાય છે અને રાઉત પક્ષ છોડવાના હોવાની વાતો પણ વહેતી થઈ હતી. આ દરમિયાન સંજય રાઉતે પોતે આ દાવાઓને ફગાવી દેતા પોતાની ભૂમિકા સ્પષ્ટ કરી છે.

સંજય રાઉતે મતભેદો અંગે બોલતા કહ્યું કે, મારા અને આદિત્ય ઠાકરે વચ્ચે વળી કેવા મતભેદ હોવાના? આ અત્યંત ખોટા સમાચાર છે. શું કોઈએ મને ફોન કરીને પૂછ્યું? અથવા આદિત્ય ઠાકરેને પૂછ્યું? હકીકતમાં જે બેઠક થઈ હોવાનું કહેવામાં આવી રહ્યું છે, તે બેઠકમાં હું હાજર જ નહોતો. હું દિલ્હીમાં મારા પુસ્તકના કાર્યક્રમમાં હતો. હું શિવસેના પક્ષમાં જન્મથી છું. હું આ પક્ષમાં કંઈ ધારાસભ્ય, સાંસદ કે પ્રધાન બનવા નથી આવ્યો. હું બાળાસાહેબ ઠાકરેના વિચારોથી પ્રેરાઈને તેમના વિચારો મહારાષ્ટ્રના ખૂણે-ખૂણે પહોંચાડી શકાય અને સંગઠનનું ઉત્તમ કામ કરી શકાય, તે વિચાર સાથે આ પક્ષમાં કામ કરનારો એક સામાન્ય શિવસૈનિક છું, તેમ સંજય રાઉતે જણાવ્યું હતું.

મારો વાંક માત્ર એટલો જ છે કે હું મારા મંતવ્યો સ્પષ્ટપણે રજૂ કરું છું. આ પણ હું બાળાસાહેબ ઠાકરે પાસેથી જ શીખ્યો છું, તેમ સંજય રાઉતે વધુમાં જણાવ્યું હતું.

સંજય રાઉત ઉદ્ધવ ઠાકરેનો સાથ છોડી દેશે તેવી ચર્ચાઓ હાલ સોશિયલ મીડિયા પર ચાલી રહી છે. ■







# બે સગીરાનો વિનયભંગઃ ક્રિકેટ કોચની ધરપકડ

થાણેઃ કલ્યાણમાં પડોશમાં રહેતી બે સગીરા સાથે શરમજનક કૃત્ય કરવા બદલ પોલીસે ક્રિકેટ કોચની ધરપકડ કરી હતી. પીડિતાની માતાએ નોંધાવેલી ફરિયાદને આધારે કલ્યાણ તાલુકા પોલીસે ૫૯ વર્ષના ક્રિકેટ કોચની ધરપકડ કરી હતી. કોર્ટે તેને ન્યાયિક અદાલતમાં મોકલી આપ્યો હતો. કલ્યાણમાં રહેતો આરોપી બાળકોને ક્રિકેટની તાલીમ આપે છે. તેની પાસે તાલીમ લેવા આવનારાઓમાં છોકરીઓનો પણ સમાવેશ થાય છે. કહેવાય છે કે અગાઉ છોકરીઓ સાથે બેહૂદું વર્તન કરવાની ફરિયાદ થઈ હતી, પરંતુ બુધવારે પડોશમાં રહેતી બે સગીરા સાથે શરમજનક કૃત્ય કરતાં વડીલોએ જોયો હતો. ■

# મહેશ માંજરેકરનું દમદાર હિંદી નાટક 'ઍનિમલ'થી તખ્તા પર પુનરાગમન



મુંબઈઃ બે દાયકાથી પણ વધુ ભારતીય રંગમંચ પર યાદગાર નાટકો આપનાર મહેશ માંજરેકર અને નાટ્ય નિર્માતા અશ્વિન ગિણવાની હિન્દી નાટક 'ઍનિમલ' લઈને આવ્યા છે. એજીપી વર્લ્ડ પ્રસ્તુત એનિમલનું દિગ્દર્શન મહેશ માંજરેકરે કર્યું છે તથા તેમાં પોતે મુખ્ય ભૂમિકા પણ ભજવી રહ્યા છે. આ નાટકનો પ્રયોગ આ રવિવાર તારીખ ૨૯મી માર્ચે સાંજે સાત વાગ્યે, સોફિયા ઑડિટોરિયમ, ભુલાભાઈ દેસાઈ રોડ, બ્રીચ કેન્ડી હૉસ્પિટલ પાસે યોજાયેલ છે.

ઍનિમલ નાટકના કેન્દ્રમાં દત્તુ છે. દત્તુ મહારાષ્ટ્રના પંઢરપુર પાસેના નાના ગામમાંથી મહત્ત્વાકાંક્ષા પૂરી કરવાનાં સપનાં સાથે મુંબઈ આવે છે.

આ શહેર અને પોતાના પરના વિશ્વાસથી થયેલી શરૂઆત ધીમે-ધીમે જીવતા રહેવાની જંગમાં બદલાઈ જાય છે. મંચ પર એકલો ઊભેલો દત્તુ પોતાના અંતર્મન સાથે સંવાદ કરે છે. નવ વર્ષની ચર્ચા બાદ ઍનિમલ હવે ભજવાશે. મહેશ માંજરેકર આ નાટકનું સર્વસ્વ છે. તેમણે કહ્યું કે દત્તુ સામાન્ય યુવાન છે અને મને તેની માસૂમિયત ગમી હતી. કઈ રીતે તે અપમાન સહન કરીને તે ચૂપ થતો જાય છે તે જોવું રસપ્રદ બની રહેશે. આ નાટકમાં દત્તુ સાથે બીજું અદૃશ્ય પાત્ર મુંબઈ છે. દત્તુ મુંબઈ સાથે પ્રેમીની જેમ વાત કરે છે અને મુંબઈ તેને ન્યાયાધીશની જેમ જવાબ આપે છે. એક અલગ અનુભૂતિનો અનુભવ કરવો હોય તો આ નાટક જોવાનું ચૂકશો નહીં. બુક માય શો પર ટિકિટ ઉપલબ્ધ છે. ■

## એનસીપીમાં ચોથી વિકેટ પાક્કી?

# તથ્ય તપાસ્યા બાદ નિર્ણય લેવાશેઃ મુખ્ય પ્રધાન

મુંબઈઃ એનસીપીના એક પછી એક નેતાઓ વિવાદોમાં ફસાઈને રાજીનામું આપી રહ્યા છે. રૂપાલી ચાકણકરના રાજીનામા બાદ વાંધાજનક વીડિયો વાયરલ થવાને કારણે એનસીપીના નેતા અને પ્રધાન નરહરિ ઝીરવળના રાજીનામાની માગણીઓ થવા લાગી છે. શું ધનંજય મુંડે, માણિકરાવ કોકાટે અને રૂપાલી ચાકણકર પછી જીરવળને પણ રાજીનામું આપશે? શું એનસીપીમાં ચોથી વિકેટ પડશે? આવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ પૃષ્ઠભૂમિમાં, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સરકારનું વલણ સ્પષ્ટ કર્યું છે.

નરહરિ ઝીરવળે ફોન પર મારો સંપર્ક કર્યો અને ઘટના વિશે માહિતી આપી. જીરવળે ફોન પર કહ્યું કે ત્રણ-ચાર વીડિયો ભેગા કરીને ખોટી રીતે વિડીયો તૈયાર કરવામાં આવ્યો છે. તપાસ હાથ ધરવામાં આવી છે, એમ ફડણવીસે જણાવ્યું હતું. મેં ઝીરવળને વાયરલ વીડિયો અંગે ફરિયાદ નોંધાવવાનું સૂચન કર્યું છે. તે વીડિયોની સત્યતા ચકાસવામાં આવશે. તપાસ કરવામાં આવશે. ચકાસણી પછી, તેમના પક્ષના નેતા સુનેત્રા પવાર અને હું સાથે મળીને નિર્ણય લઈશું, એમ મુખ્યપ્રધાને સ્પષ્ટપણે કહ્યું. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) બિમલ દેવી | ૧,૦૦,૦૦૦ |
| ૨) સુર્યકાંશ દત્તા | ૩૦,૦૦૦ |
| ૩) મુરેહન બીબી | ૩૦,૦૦૦ |
| ૪) ગુલશન અરે | ૧,૦૦,૦૦૦ |
| ૫) નિશા પાલ | ૩૦,૦૦૦ |
| ૬) ગોરાચંદ સાંસી | ૧,૦૦,૦૦૦ |
| ૭) રત્ના દાસ | ૩૦,૦૦૦ |
| ૮) નીલકંશ બાબુલાલ અમુરકાર | ૧,૫૦,૦૦૦ |
| ૯) જુથિકા સરકાર | ૨૦,૦૦૦ |
| ૧૦) વિસય કુમાર સિંહ | ૨૦,૦૦૦ |
| ૧૧) અનિતા પાશક | ૮૦,૦૦૦ |
| ૧૨) ઉમા હળદર | ૩૦,૦૦૦ |
| ૧૩) સુનિલ ગોપ | ૧,૦૦,૦૦૦ |
| ૧૪) કબેરી ડે | ૨,૦૦,૦૦૦ |
| ૧૫) પુતલ હળદર | ૧,૦૦,૦૦૦ |
| ૧૬) નીતાજુદ્દીન મોડલ | ૧૫,૦૦૦ |
| ૧૭) ગોપાલ બિસ્વાસ | ૩૫,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે

| | |
|---|---|
| ૧૮) પલાશ મિતિન મોરે | ૪,૫૦,૦૦૦ |
| ૧૯) મિતનષ્ક પાટીલ | ૩,૦૦,૦૦૦ |
| ૨૦) માહિર પ્રકાશ | ૧૬,૫૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# પશ્ચિમ રેલવેમાં આજે રાતે 'મેજર' નાઈટ બ્લોકઃ સેંકડો ટ્રેનો રદ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રેલવે ટ્રેક અને સિગ્નલિંગ યંત્રણા માટે રેલવે રવિવારે મેજર કામગીરી કરે છે, પરંતુ શનિવારે રાતે પશ્ચિમ રેલવેમાં કાંદિવલી અને બોરીવલી વચ્ચે મેજર-જમ્બો બ્લોક રહેશે. પશ્ચિમ રેલવે દ્વારા બ્રિજ સંખ્યા ૬૧ના રી-ગર્ડ રિંગના કામકાજ માટે કાંદિવલી અને બોરીવલી સ્ટેશનની વચ્ચે અપ એન્ડ ડાઉન સ્લો લાઈનમાં બ્લોક રહેશે.

કાંદિવલી અને બોલીવરી સ્ટેશનની વચ્ચે અપ એન્ડ ડાઉન લાઈનમાં રાતના ૧૦.૩૦ વાગ્યાથી લઈ બીજા દિવસે ૨૯મી માર્ચના રવિવારે સાંજના ૭.૩૦ વાગ્યા સુધી અને બીજો બ્લોક ૨૯મી માર્ચના રવિવારે ડાઉન ફાસ્ટ લાઈનમાં રાતના એક વાગ્યાથી વહેલી સવારના સાડાચાર વાગ્યા સુધી જમ્બો બ્લોક રહેશે. બ્લોક દરમિયાન સ્લો લાઈન લાઈનની તમામ ટ્રેન ગોરેગાંવ અને બોરીવલી વચ્ચેની ફાસ્ટ લાઈનમાં દોડાવવામાં આવશે, જ્યારે ડાઉન ફાસ્ટ લાઈનમાં બ્લોક વખતે પ્લેટફોર્મ ઉપલબ્ધ નહીં હોવાથી ડાઉન દિશામાં ટ્રેનોને પાંચમી લાઈનમાં દોડાવવામાં આવશે. આ ટ્રેનો રામ મંદિર, મલાડ અને કાંદિવલી સ્ટેશન પર હોલ્ટ રહેશે નહીં.

બ્લોકના સમયગાળા દરમિયાન બોરીવલી સ્ટેશનના પ્લેટફોર્મ નંબર એક અને બે પર કોઈ ટ્રેન દોડાવવામાં આવશે નહીં. આ બ્લોક દરમિયાન સેંકડો ટ્રેન રદ રહેશે, જ્યારે અનેક ટ્રેનો મોડી દોડશે. આ ઉપરાંત અનેક ટ્રેનો અંધેરી અને ગોરેગાંવ સ્ટેશનની વચ્ચે આંશિક રીતે શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે. એટલું જ નહીં, બ્લોકના સમયાગાળા દરમિયાન પંદર કોચની સ્લો ટ્રેન અંધેરી અને બોરીવલી એમ બંને દિશામાં ફાસ્ટ ટ્રેન તરીકે દોડાવવામાં આવશે. પ્રવાસીઓને ખાસ અનુરોધ કરવામાં આવે છે બે નાઈટ બ્લોકને કારણે પ્રવાસીઓને ટ્રેનમાં મુસાફરી કરવામાં મુશ્કેલી પડી શકે છે.

ડઝનબંધ ટ્રેનો રદ રહેશે, જ્યારે રવિવારે સેંકડો ટ્રેન રદ રહેશે, જેમાં એસી લોકલની સાથે પંદર કોચની ટ્રેનનો પણ સમાવેશ થાય છે.

મુંબઈગરાને મળશે અત્યાધુનિક આરોગ્ય સેવા

# સાયન હૉસ્પિટલના આધુનિકીકરણ માટે ૨,૫૦૦ કરોડ રૂપિયા ખર્ચાશે

મુંબઈઃ મુંબઈ મહાનગર પાલિકા સંચાલિત લોકમાન્ય ટિળક મહાનગરપાલિકા જનરલ હૉસ્પિટલ (સાયન)ના બીજા તબક્કામાં પુનર્વિકાસના કામનું ભૂમિપૂજન શુક્રવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે કરવામાં આવ્યું હતું. એ પ્રસંગે મુખ્ય પ્રધાને કહ્યું હતું કે પ્રત્યેક મુંબઈગરાને આગામી સમયગાળામાં ઉત્તમ દરજ્જાની અને મફત આરોગ્ય સુવિધા મળી રહે તે માટે મુંબઈ મહાનગરપાલિકા અને રાજ્ય સરકાર સંયુક્ત રીતે પ્રયાસ કરી રહી છે, જે અંતર્ગત સાયન હૉસ્પિટલમાં દર્દી માટે વધારાના બેડ ઉપલબ્ધ થવાની સાથે જ કેન્સરના દર્દીઓને સારવાર મળી રહે તે માટે આખી બિલ્ડિંગ ઊભી કરવામાં આવવાની છે.

મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત નાયર અને કેઈએમ બાદ સાયન હૉસ્પિટલ મહત્વની અને મોટી હૉસ્પિટલ ગણાય છે. તેનું પુનર્વિકાસનું કામ હાથ ધરવામાં આવ્યું છે, જેમાં બીજા તબક્કાના કામમાં હૉસ્પિટલની મેઈન બિલ્ડિંગની સાથે જ કેન્સર અને ઈમરજન્સી સર્વિસ એન્ડ આઉટપેશન્ટ ડિપાર્ટમેન્ટ ઊભો કરવામાં આવવાનો છે. તે માટે ૨,૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવવાનો છે. આ કામ નવેમ્બર ૨૦૩૦ સુધીમાં પૂર્ણ કરવામાં આવવાનું છે. હૉસ્પિટલમાં બાંધવામાં આવનારી નવી અત્યાધુનિક બિલ્ડિંગને કારણે દર્દીઓ સમાવવાની ક્ષમતા પહેલા કરતા બમણી થઈ જશે. હૉસ્પિટલની ચાર બિલ્ડિંગના માધ્યમથી કુલ ૩,૨૮૬ બેડ દર્દી માટે ઉપલબ્ધ થશે. અત્યાધુનિક યંત્રણા સહિત વિવિધ સુવિધા સાથે હૉસ્પિટલનું બાંધકામ કરવામાં આવી રહ્યું છે, જેમાં કેન્સરના વધતા દર્દીની સંખ્યાને જોતા કેન્સર માટે આખી નવી બિલ્ડિંગ ઊભી કરવામાં આવવાની છે. તેથી ટાટા કેન્સર હૉસ્પિટલ પરની તાણ ઓછી થશે.

# રહેવાસીઓની ફરિયાદ બાદ કોસ્ટલ રોડનું 'જય હો' મ્યૂઝિક રાતના બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના રહેવાસીઓની ફરિયાદ બાદ મુંબઈ મહાનગરપાલિકાએ કોસ્ટલ રોડ પર વાગતી 'જય હો' ધૂનને રાતના સમયે બંધ કરવાનો નિર્ણય લીધો છે. સ્થાનિક રહેવાસીઓ માટે માથાનો દુખાવો બની ગયેલી આ ધૂન બાબતે ફરિયાદ આવ્યા બાદ રસ્તા પર ઉત્પન્ન થતા અવાજની અસરનું મૂલ્યાંકન કરવા માટે પાલિકાએ ડેસિબલ સ્તરનો અભ્યાસ પણ શરૂ કર્યો છે.

વાહનોની સતત થતી અવરજવરને કારણે થતી તકલીફ બાદ સ્થાનિક રહેવાસીઓની સાથે જ બ્રીચ કેન્ડી સિટીઝન ફોરમે કરેલી ધ્વનિ પ્રદૂષણની ફરિયાદને આધારે પાલિકા પ્રશાસને રાતના સમયે કોસ્ટલ રોડ પરના 'મેલોડી રોડ'ના પટ્ટામાં વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. આ પટ્ટાને રાતના ૧૦ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી બંધ કરી દેવામાં આવ્યો છે. બ્રીચ કેન્ડી સહિતના આજુબાજુના પરિસરના રહેવાસીઓ દ્વારા વારંવાર ફરિયાદ આવ્યા બાદ પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ આ નિર્દેશ જારી કર્યો હતો.

મુંબઈ કોસ્ટલ રોડ પર નરીમાન પોઈન્ટથી વરલી તરફ જતી ઉત્તરીય લેન પર એક મ્યુઝિકલ રોડ બનાવવામાં આવ્યો છે. જો કોઈ વાહન આ મેલોડી રોડ પરથી ચોકકસ સ્પીડે દોડે તો તો ફિલ્મ સ્લમડોન મિલિયોનેરનું 'જય હો' ગીત સાંભળી શકાય છે. ૫૦૦ મીટર લાંબો આ પટ્ટો ભારતનો પહેલો 'મ્યુઝિક રોડ' છે, જેને ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ (પ્રિયદર્શિની પાર્ક અને અમરસન ગાર્ડન વચ્ચે) વરલી તરફ જતી અંડર ગ્રાઉન્ડ ટનલમાંથી બહાર નીકળ્યા બાદ ડિવાઈડરને અડીને આવેલી પહેલી લેનથી ૫૦૦ મીટર આગળ મ્યુઝિકલ પટ્ટીઓ લગાવવામાં આવી છે. આ પટ્ટી પર ૭૦થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે વાહન ચલાવવામાં આવ તો આ ધૂન સંભાળ છે. રસ્તાની સપાટી પર ચોક્કસ અંતરે અને ચોકક્સ આકારમાં મ્યુઝિકલ પટ્ટીઓ લગાવવામાં આવી છે. આ પટ્ટીઓ પરથી પસાર થયા પછી ગીતની ધૂન ટાયરના ઘર્ષણથી ઉત્પન્ન થતા ધ્વનિ તરંગો પર સેટ થાય છે.

જોકે આ પટ્ટા પર વાહન પસાર થવાની સાથે જ 'જય હો'ની ધૂન વાગવાને કારણે સ્થાનિક રહેવાસીઓ ૨૪ કલાક આવતા અવાજથી ત્રાસી ગયા હતા અને આ ધૂનથી ડ્રાઈવરો વિચલિત થઈ શકે છે અને આ પટ્ટામાં સ્પીડ પર આવી રહેલા વાહનો અચાનક ધીમા થઈને તેનાથી એક્સિડન્ટનું જોખમ હોવા બાબતે રહેવાસીઓએ ચિંતા પણ વ્યક્ત કરી હતી. તેમ

સ્થાનિકોની ફરિયાદ પાલિકાએ રસ્તા પર ઉત્પન્ન થતા અવાજની અસરનું મૂલ્યાંકન કરવા માટે ડેસિબલ સ્તરનો અભ્યાસ શરૂ કર્યો છે. અભ્યાસ ચાલુ હોવા છતાં પાલિકા પ્રશાસને આ પટ્ટો રાતે બંધ કરીને ફક્ત દિવસના જ ચાલુ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ પ્રોજેક્ટ ૬.૨૧ કરોડના ખર્ચે બન્યો છે, જે ભારતમાં મ્યુઝિકલ રોડ ટેક્નોલોજી સાથેનો પહેલો પ્રયોગ છે.

# કોરોનામાં મૃત્યુ પામેલા કર્મચારીના પરિવારને ૫૦ લાખ અને વારસદારને નોકરી આપો - હાઈ કોર્ટનો બેસ્ટને આદેશ

મુંબઈઃ કોરોનાકાળમાં ફરજ બજાવતી વખતે મૃત્યુ પામેલા કર્મચારીના પરિવારને ૫૦ લાખ રૂપિયાનું વળતર અને વારસદારને નોકરી આપવાનો આદેશ હાઈ કોર્ટે તાજેતરમાં બૃહન્મુંબઈ ઇલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) ઉપક્રમને આપ્યો હતો.

નયન વસંત લોકેશ્રીનું કોરોનાકાળ દરમિયાન ફરજ બજાવતી વખતે મૃત્યુ થયું હતું. જોકે બેસ્ટ પ્રશાસને તેમના પરિવારને કોઈપણ લાભ આપવાનો ઈનકાર કર્યો હતો. આથી લોકેશ્રીના પુત્ર સુબોધે હાઈ કોર્ટમાં ધા નાખી અરજી કરી હતી. તેમ જ સખાવતી અનુદાન અને રહેમિયત ધોરણે નોકરી આપવાનો આદેશ આપવાની માંગ કરી હતી. જસ્ટિસ રિયાઝ છાગલા અને જસ્ટિસ અદ્વૈત સેઠનાની ખંડપીઠે અરજદારની અરજીને યોગ્ય ગણી બેસ્ટ પ્રશાસનને ઉપરોક્ત આદેશો આપ્યા હતા.

લોકેશ્રીએ ૨૭ વર્ષ સુધી બેસ્ટમાં કંડક્ટર તરીકે કામ કર્યું. કોરોના સમયગાળા દરમિયાન પણ તેઓ પોતાની ફરજો બજાવી રહ્યા હતા. જોકે, ફરજો બજાવતી વખતે તેમને કોરોનાનો ચેપ લાગ્યો અને ૪ જૂન, ૨૦૨૦ ના સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. તે પછી પણ લોકેશ્રીના પરિવારને ૫૦ લાખ રૂપિયાનું વળતર આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો, એવો દાવો કરીને કે તેમનું મૃત્યુ કોરોનાને કારણે થયું હોવાના કોઈ પુરાવા નથી. ઉપરાંત તેમના વારસદારોને નોકરી આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો.

કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે હોસ્પિટલના સારવારના રેકોર્ડને ધ્યાનમાં લેતા લોકશ્રીનું મૃત્યુ કોવિડ-૧૯ ને કારણે થયું હતું તે સ્પષ્ટ છે. આથી અરજદારને ૨૦૨૦ના વહીવટી આદેશ મુજબ તાત્કાલિક રહેમિયત ધોરણે નોકરી આપવામાં આવે. તે સિવાય, લોકેશ્રીના વારસદારોને ૫૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ કોર્ટે બેસ્ટ પ્રશાસનને આપ્યો હતો. કોર્ટે એમ પણ સ્પષ્ટ કર્યું હતું કે, બંને આદેશોનો અમલ આદેશની નકલ મળ્યાના ૬૦ દિવસની અંદર કરવો જોઈએ.

# વિધાનભવનના બજેટ સેશન માટેના બનાવટી પાસના રૅકેટમાં પાંચ પકડાયા

મુંબઈઃ ઔદ્યોગિક વિભાગ દ્વારા આપવામાં આવેલા બોગસ લેટરના આધાર પર વિધાનભવનના બજેટ સત્ર માટેના બનાવટી એન્ટ્રી પાસ કથિત રીતે તૈયાર કરવાના રૅકેટમાં પોલીસે મંત્રાલયના કર્મચારીઓ સહિત પાંચની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આરોપી ક્લર્ક અને પ્યૂને મહારાષ્ટ્ર ઈન્ડિસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન (એમઆઈડીસી)ના નામે બોગસ લેટર બનાવી લગભગ ૩૦ બનાવટી પાસ ઈશ્યુ કરવાનું કથિત કાવતરું ઘડ્યું હતું.

મરીન ડ્રાઈવ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓમાં દત્તાત્રય કેશવ ગુંજાલ (૫૩), બે પ્યૂન ગણપત ભાઉ જાવલે (૫૦) અને નાગેશ શિવાજી પાટીલ (૪૨), ક્લર્ક મનોજ આનંદા મોરબાલે (૪૦) અને સ્વપ્નિલ રમેશ તાયડે (૪૦)નો સમાવેશ થાય છે. આ કેસમાં પોલીસ મંત્રાલયના બે કર્મચારીઓની શોધ ચલાવી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ ગુંજાલે પાસ પર પોતાનું નામ લખ્યું હતું. પાસ પર હોદ્દા તરીકે મુખ્ય પ્રધાન કાર્યાલયના એડવાઈઝર લખીને તેની તસવીર સાથે મંત્રાલયનો સ્ટૅમ્પ માર્યો હતો. આવું ત્યારે જ શક્ય છે, જ્યારે મંત્રાલયના કર્મચારીની આ રૅકેટમાં સંડોવણી હોય, એવું પોલીસનું કહેવું છે.

આ મામલે લોકલ આર્મ્સમાં ફરજ બજાવતા એક કોન્સ્ટેબલની પણ પૂછપરછ કરવામાં આવી હતી. આરોપીઓની બુધવારે જ ધરપકડ કરવામાં આવી હોવાથી તેમની વધુ પૂછપરછ ચાલી રહી છે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

**નવગામ વિસાનગર વણિક**

પિલવાઇ હાલ કાંદિવલી સ્વ. કંચનબેન સુંદરલાલ શાહના પુત્ર. અરુણ સુંદરલાલ શાહ (ઉં. વ. ૭૬) તા. ૨૭-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. રમીલાબેનના પતિ. કૌશલ અને જિજ્ઞાના પિતાશ્રી. કુંજ અને કલ્પેશકુમારના સસરા. ક્રીશા અને કૃષના નાના. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**વિસનગરા નાગર**

સોજા નિવાસી હાલ બોરીવલી, રમેશભાઈ મનુભાઈ પંડ્યાના ધર્મપત્ની અ.સૌ કેતકીબેન પંડ્યા (ઉં. વ. ૬૮) ૨૬/૩/૨૬ના હાટકેશશરણ પામેલ છે. તે ચિરાગ-અ.સૌ. ઉરૂવેલા તથા નીલી આકાશકુમાર જોષીના માતુશ્રી. સુરેશભાઈ, રાજેન્દ્રભાઇ, અશોકભાઈ તથા મીનાક્ષીબેન દિનેશભાઇ પંડ્યાના ભાઈના પત્ની. પિયરપક્ષે અમદાવાદ નીવાસી જયેશભાઇ તથા સ્વ. રાકેશભાઈ નલીનભાઇ મહેતાના બહેન. દ્રષ્ટિ, જીયાંશ તથા દ્વિજાના બા. તેમની સર્વપક્ષની પ્રાર્થનાસભા ૨૯/૩/૨૬ના રવિવાર રોજ સમય ૫ થી ૭. સોનીવાડી, શીમ્પોલી સિગ્નલ, એસ વિ રોડ બોરીવલી વેસ્ટ.

**કપોળ**

ભરૂચવાળા, સ્વ. શારદાબેન ભરતકુમાર નારિયેળવાળાના પુત્ર દિપકભાઈ (ઉં. વ. ૬૯) ૨૬/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે રૂપલબેનના પતિ. કરણ તથા જીનલના પિતા. રૂપલના સસરા. હરેશભાઇ તથા મનોજભાઈના ભાઈ. પ્રશાંત કાંતિલાલ મહેતા કોલ્હાપુર, મનીષા જગદીશકુમારના બનેવી. પ્રાર્થનાસભા ૨૯/૩/૨૬ના રોજ ૪ થી ૬. માફ્પા બેન્કવેટ હોલ, નંદનવન ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાહેજા ગાર્ડન નજીક, એલ બી એસ રોડ થાણા વેસ્ટ.

**કચ્છી ભાટિયા**

ગં. સ્વ. દર્શના દિલીપભાઈ આશર (ઉં. વ. ૮૬) તે સ્વ દિલીપભાઈ જેઠાલાલ આશરના ધર્મપત્ની. સ્વ. વસંતબેન જેઠાલાલ આશરના પુત્રવધૂ. સ્વ. પ્રેમાબેન પુરુષોત્તમ ધનાનીના દીકરી. ૨૬/૩/૨૬ના રોજ પુના મુકામે શ્રીજીશરણ પામેલ છે લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા સોરઠીયા વણિક**

કાસાબર નિવાસી હાલ બોરીવલી, ગં.સ્વ. જશવંતિબેન માણેકલાલ શાહના પુત્ર જયેશ (ઉં. વ. ૬૨) ૨૫/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. જ્યોતિબેનના પતિ. પૂજા તથા રીનાના પિતા. જય સોની તથા નિકુંજ પારેખના સસરા. સમીરભાઈ, રમીલાબેન મનોજભાઈ શાહ, રેખાબેન મનોજભાઈ શાહના ભાઈ. તેમની પ્રાર્થનાસભા ૨૮/૩/૨૬ના રોજ ૪.૩૦ થી ૬.૩૦. લોટસ બેન્કવેટ હોલ, રઘુલીલા મોલ, ત્રીજે માળે, કાંદિવલી વેસ્ટ.

**ચાંપાનેરી ભાવસાર**

કાંદિવલી નિવાસી, ગં.સ્વ. કૈલાશબેન રમેશકુમાર ભાવસાર (ઉં. વ. ૭૪) તે સ્વ. રમેશકુમાર અમૂલખરાય ભાવસારના ધર્મપત્ની સ્વ. શાંતાબેન સોમચંદ ભાવસારના દીકરી, બીજલભાઈ તથા સ્નેહાના માતુશ્રી. ઉત્સવના દાદી. ૨૪/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૨૮/૩/૨૬ના ૫ થી ૭. લોહાણા બાળાશ્રમ, અતુલ ટાવર પાસે, મથુરાદાસ એક્ષટેનશન રોડ કાંદિવલી વેસ્ટ.

**કપોળ**

શિહોરવાળા હાલ કાંદિવલી, સ્વ. ધીરજલાલ બાલુભાઇ ભુતાના ધર્મપત્ની ગં.સ્વ. નિર્મળાબેન ભુતા (ઉં. વ. ૯૧) ૨૩/૩/૨૬ના રોજ ઊંઝા મુકામે શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. પંકજ, હેમંત, રાજેન્દ્રના માતુશ્રી. રૂપલ, હિના તથા ખ્યાતિના સાસુ. સ્વ. હીરાલક્ષ્મી, સ્વ. અનુબેન, સ્વ. મંજુલાબેન, સ્વ. ભુપેન્દ્રભાઈના ભાભી. પિયરપક્ષે સ્વ. જમનાદાસ કાનજી પારેખના દીકરી, તેમની પ્રાર્થનાસભા ૨૯/૩/૨૬ના ૫ થી ૭. એક્સ પોઇન્ટ ભાવના પી ૨, શતાબ્દી હોસ્પિટલ, પાસે, એસ વિ રોડ કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રીમાળી બ્રાહ્મણ**

ચિરંજીલાલજી અમૃતલાલજી દવેનું સ્વર્ગવાસ તા. ૨૬-૩-૨૬ના ભાયંદર (પશ્ચિમ) થયેલ છે. પુત્રો હરીશ દવે, ચંદુ દવે, પરેશ દવે, તેમની પ્રાર્થનાસભા તા. ૨૮-૩-૨૬, શનિવારના રોજ સમયઃ સાંજે ૪ થી ૬:૩૦. કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર, ભાટિયા ભાગીરથી ટ્રસ્ટ, ૮૮, દાદીશેઠ અગિયારી લેન, ભુલેશ્વર, કાલબાદેવી મુંબઈ.

**ઘોઘારી દશા શ્રીમાળી વણિક**

દહાણુ નિવાસી, સ્વ. ધીરજલાલ મનમોહનદાસ શાહના પુત્ર સ્વ. રમેશચંદ્ર (અન્નાભાઈ) (ઉં. વ. ૯૦) તા. ૨૭-૩-૨૬ શુક્રવારના દિવસે શ્રીચરણ પામેલ છે. તે પ્રજ્ઞય, નયન, મિનેશ તથા જાગૃતિ બકુલકુમાર શાહ (ચેન્નઈ)ના પિતાશ્રી. આશા, મમતા. પ્રીતિના સસરા. સરયુબેન (ડોલીબેન) રમેશચંદ્ર મહેતા, ગીતાબેન જીતેન્દ્રકુમાર પાતાણી, દક્ષાબેન ગિરીશકુમાર મહેતા, જગદીશભાઈ ધીરજલાલ શાહના મોટાભાઈ. સ્વ. જયેન્દ્રભાઈ નરોત્તમદાસ પુજાણી (પુના) ના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૨૮/૩/૨૬ શનિવારે બપોરે ૩:૩૦ થી ૫. સ્થળઃ શ્રી દહાણુ દશા શ્રીમાળી વણિક સમાજ હોલ, મસોલી, દહાણુ રોડ વેસ્ટ.

**શિ. સ. ઔ. અ. બ્રાહ્મણ**

ઊંસરડ નિવાસી હાલ મુલુંડ અ. સૌ. યશોમતી પ્રમોદ જાની તે ભાવનગર નિવાસી ચંદ્રાબેન મોરલીધર દવેના પુત્રી. અ. સૌ. કાશ્મીરા હિતેન કોરડીઆ, સ્વ. તુષારના માતુશ્રી. ઇશા, જય, શિવાનીના નાની. ગં. સ્વ. નિર્મળાબેન ભારતીબહેન, સ્વ. ડો. ભરત, ગં. સ્વ. વર્ષાબેનના બેન. વળાવડનાં સ્વ. પ્રતાપભાઇ, સ્વ. શાંતિભાઇ તથા સ્વ. ચંપકલાલ દયાશંકર મહેતાના ભાણેજ. તા. ૨૬-૩-૨૬ના અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**હાલાઇ લોહાણા**

સ્વ. રમાબેન મથુરાદાસ ગઠિઆના સુપુત્ર પ્રવીણભાઇ (ઉં. વ. ૬૮) મૂળ ગામ સલાયા હાલ મુંબઇ (બોરાબજાર) તે ગં. સ્વ. ભાવનાબેનના પતિ. ચિ. અવની અભિષેક શર્મા તથા ચિ. ફોરમના પિતાશ્રી. અનિલભાઇ, કિરણબેન, જગદીશકુમાર સૂચક તથા હર્ષાબેન રાજેશકુમાર મોદીના ભાઇ. તે સ્વ. કાંતાબેન હિરજી ચોથાણીના જમાઇ. તે પહલના નાના. તા. ૨૭-૩-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૮-૩-૨૬ના હાલાઇ મહાજન વાડી, ૧લે માળે, ઠાકુર દ્વાર મુંબઇ.

**કપોળ**

રાજુલા (કોટડી)વાળા હાલ મુંબઇ સ્વ. કંચનબેન ઠાકરશી દોશીના પુત્ર ધરણીધરભાઇ (ધનાભાઇ) (ઉં. વ.૮૭) ગુરુવાર તા. ૨૬-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે હંસાબેનના પતિ. અ. સૌ. ભાવના, અ. સૌ. મનીષા તથા ચેતનના પિતાશ્રી. તે અજય-અલકા, ધર્મેશ-છાયાના કાકા. અ. સૌ. સોના, દીપક ધીરજલાલ મહેતા, કેતન ગુણવંતરાય પારેખના સસરા. તે સ્વ. હરકિશનભાઇ, સ્વ. ચંદ્રિકા બહેન સુરેન્દ્ર મોદી, અ. સૌ. ઇન્દુમતી મહેશ મથુરિયા, સ્વ. વાસંતીબેન અરવિંદ મહેતાના ભાઇ. તે ગૌરવ તથા સ્નેહાના નાના. શ્વસુર પક્ષે સ્વ. ત્રિવેણીબહેન પ્રભુદાસ મહેતાના જમાઇ. સર્વપક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૯-૩-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. એફ. પી. એચ. બિલ્ડિંગ, લાલા લજપતરાય માર્ગ, હાજી અલી, મધ્યે રાખેલ છે, લૌકિક વ્યવહાર બંધ છે.

**ચાર ગામ દશા પોરવાડ વણિક (બીરપુર)**

પદમાબેન તથા નરેન્દ્રભાઇ પૂનમચંદ શેઠની દીકરી કુમારી હેતલ (ઉં. વ. ૫૩) તે શીતલ, અર્પિતની બેન. અમીની નણંદ. મનિષકુમારની સાળી. સ્વ. ચંદ્રકાન્તભાઇ, ભરતભાઇ, સ્વ. હસમુખભાઇ, સ્વ. મહેન્દ્રભાઇ, હરીશભાઇ, સ્વ. સુશીલાબહેન, સવિતાબેન, શકુબેન, સ્વ. મદાબેનની ભત્રીજી. તા. ૨૬-૩-૨૬ ગુરુવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૩-૨૬ શનિવાર સાંજે ૫થી ૭. ઠે. તાલમકી વાડી, ગામડિયા કોલોની સામે, ભાટિયા હોસ્પિટલની બાજુમાં, તારદેવ, મુંબઇ-૪૦૦૦૦૭.

**કચ્છી રાજગોર**

મયાશંકર દેવજી રાજગોર (ઉં. વ. ૮૩) મસ્કા હાલ મુલુંડ તે સ્વ. મમ્મીબાઇ દેવજી રાજગોરના સુપુત્ર. રતનબેનના પતિ. દિપક અને સ્વ. દક્ષાના પિતાજી. રંજનબેનના સસરા. સ્વ. મણિશંકર દેવજી રાજગોર, સ્વ. રાધાબેન લક્ષ્મીદાસ મોતા, સ્વ. રૂક્ષમણીબેન બાબુલાલ મોતાના ભાઇ. સ્વ. ચંદ્રિકાબેનના દિયર. ગામ મસ્કાના કુંવરબાઇ ખીમજી મોતા (પોળસે વાડી)ના જમાઇ તા. ૨૫-૩-૨૬ના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૩-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. એસ. શેટ્ટી, ગ્રાન્ડ સેન્ટ્રલ હોલ, નેતાજી સુભાષ ચંદ્ર રોડ, મુલુંડ (વેસ્ટ).

## પારસી મરણ

બાનુ મીનુ દલાલ (ઉં. વ. ૮૭) તે મરહુમ મીનુ બી. દલાલના પત્ની. તે મરહુમ શિરીનબાઇ અને રુસ્તમજી પંથકીના દીકરી. તે જાન્ગુનાં માતુશ્રી. તે અર્નાઇનાં સાસુ. તે જેહાન અને જેસિકા દલાલનાં ગ્રાન્ડમધર. તે ડોલી, મરહુમ હિલ્લા, હોમાઇ, ખોરશેદ અને પેરિનનાં બહેન. ઠે. ચોથે માળે, પાન્ડે હાઉસ, ઠાકુરદ્વાર, મેઇન રોડ, ચર્નીરોડ, મુંબઇ-૨.

કમી અદી કોન્ટ્રેક્ટર તે અદીના ધન્યાની. તે મરહુમો બાનુબઇ દીનશાજી મિસ્ત્રીના દીકરી. તે પરસી ને નાઝનીનના માતાજી. તે દીલનાવાઝ ને વીરાફના સાસુજી. તે નોશીર ને મરહુમ કેતીના બહેન. તે સરોશ, દેલઝીન ને ખુશનાઝના બપઇજી. (ઉં. વ. ૭૩) રે. ઠે. તોડીવાલા બિલ્ડિંગ, રૂમ. નં. ૨૦, પરેલ, ડો. આંબેડકર રોડ, આઇ.ટી.સી.ની હોટેલની સામે, મુંબઇ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૮-૩-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, લાલબાગ અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા જૈન**

સમઢીયાળા નિવાસી હાલ મીરારોડ, ગં.સ્વ. છાયાબેન (ઉં. વ. ૭૯) તે સ્વ. અનિલભાઈ ભોગીલાલ ભાલાણીના ધર્મપત્ની, સ્વ. લલીતાબેન ભોગીલાલ ભાલાણીના પુત્રવધૂ. પ્રીતી અરૂણ શાહ, પિંકી યોગેશ શાહ, જિજ્ઞા મનોજભાઈ ટિમ્બડીયા, દીપેશ તથા હિતેશના માતુશ્રી. કેજલના સાસુ. પિયરપક્ષે સ્વ. શાંતિચંદ નેમચંદ ઝવેરીના દીકરી. ૨૪/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જામનગર હાલાર વિશાશ્રીમાળી જૈન**

જામનગર નિવાસી હાલ મુંબઈ, સ્વ. રંભાબેન તથા સ્વ. ત્રિકમદાસ દામજી દોશીના સુપુત્ર ભગવાનદાસભાઈ (ઉં. વ. ૯૦) તે સ્વ. કુસુમબેનના પતિ. ચિ. અભયભાઈ, ગૌતમભાઈ તથા રાજીવભાઈના પિતાશ્રી. વિભાબેન, પ્રીતિબેન તથા અશ્વિનીબેનના સસરા. ધર્મદાસભાઈ શાહના ભાઈ. ભાવનગર નિવાસી સ્વ. ફુલચંદભાઈ તંબોલીના જમાઈ. તા. ૨૬-૩-૨૬ ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨૮-૦૩-૨૬ના રોજ સાંજે ૪ થી ૬. કે. સી. કોલેજ ઓડિટોરિયમ,ચર્ચગેટ, મુંબઈ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર (કાથરોટા), હાલ મોન્ટ્રીયલ, કેનેડા ખાતે, સ્વ પ્રિયવંદા કપુરચંદ અભાણીના સુપુત્ર ચંદ્રકાંત કપુરચંદ અભાણી (ઉં. વ. ૮૬) ૧૫-૩-૨૬ના રોજ અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. પ્રફુલ્લભાઇ અભાણીના ભાઈ. સ્વ. નિતાબેન પ્રફુલ્લભાઇ અભાણીના જેઠ. મૂકેશભાઈ કપુરચંદ અભાણીના મોટાભાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડા (વીરા ફરિયા)ના ધનસુખલાલ ડુંગરશી વીરા (ઉં. વ. ૭૯) તા. ૨૬-૩-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. મોંઘીબેન ડુંગરશીના પુત્ર. રંજનના પતિ. જીતેન, મેહુલ, દર્શનાના પિતા. સ્વ જયંતિલાલ, શશિકાંતના ભાઈ. ભુજપુરના સ્વ. પુષ્પા શામજી ગાલાના જમાઈ. ચક્ષુ દાન, ત્વચા દાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : જીતેન વીરા, ૧૪૦૭, ટી-૨, બિર્ઝી, આરાધ્યા, એમઆઈસીએલ, નાયડુ કોલોની, પંતનગર, ઘાટકોપર (ઇસ્ટ) ૭૫.

મોટા લાયજાના શાંતિલાલ (પપ્પુ) વોરા (ઉં. વ. ૬૭) તા. ૨૬-૩-૨૬ના અવસાન પામેલ છે. દેવકાબેન ભવાનજી વોરાના પુત્ર. ચેતનાના પતિ. ક્રિનાના પિતા. કેશરબેન, તારાચંદ, મણીલાલ, રશ્મિના ભાઈ. બાયાબાઈ નાનજી વીરાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચેતનાબેન વોરા, ૧૦, આરોગ્ય ધામ, દત્તાત્રય રોડ, સાંતાક્રુઝ વેસ્ટ.

નાની તુંબડીના વીરચંદ પોપટલાલ બૌઆ (ઉં. વ. ૮૮) તા. ૨૬-૩-૨૬ના અવસાન પામ્યા છે. મઠાબેન પોપટલાલ હંસરાજના પુત્ર. જયાબેનના પતિ. રીતેશ, ભારતી, રીટા, બીનાના પિતા. ખીમજી, ખેતશી, પાનબાઈના ભાઈ. મો. આસંબીયા ગુણવંતી કાનજી ઘેલાના જમાઇ. સ્મરણસભાઃ યોગી સભાગૃહ, દાદર (ઈ). ટા.: ૩.૩૦ થી ૫. નિ.: વીરચંદ બૌઆ, બી/૭૦૧, સોની ટાવર, હરીદાસ નગર, બોરીવલી (વે).

ભુજપુરના અ.સૌ. પલ્લવી ગડા (ઉં. વ. ૬૦) તા. ૨૫-૩-૨૬ના અવસાન પામ્યા છે. મણીબાઈ લાલજી જેઠાના પુત્રવધુ. ગીરીશના પત્ની. ડો. શ્રદ્ધા ના માતુશ્રી. કપાયા જયવંતી વીરચંદ કુંવરજી કોરાણીના સુપુત્રી. કલ્પના અરૂણ મેઘજી, ડો. દિના ડો. રાજીવ બાબુભાઈ, મીના હરીશ પ્રેમજી, બિંદુ હિતેન સુરજી, સોનલ બીપીન નાનજી, પરેશના બેન. પ્રા. શ્રી હાલારી વિ.ઓ.સ. વાડી, દા.સા. ફાલકે રોડ, દાદર (ઈ.), મું. સ.ઃ ૩ થી ૪.૩૦. ઠે.: ગીરીશ ગડા, ૫, સાધના બિલ્ડીંગ, બીજે માળે, સ્ટેશન રોડ, વડાલા (વે.).

હાલાપુરના પોપટલાલ જીવરાજ હરિયા (ઉં. વ. ૮૦) તા. ૨૫-૩-૨૬ ના અવસાન પામેલ છે. રાણબાઈ જીવરાજના પુત્ર. ખેતબાઈના પતિ. દિપક, અશોક, કુસુમ, નીતાના પિતા. છગન, મુલબાઈ, ગંગા, મણી, કેસરના ભાઈ. ડુમરા મઠીબાઈ કાનજીના જમાઈ. પ્રા. : શ્રી માટુંગા શ્વે. મૂ. જૈન સંઘની શ્રીનારાણજી શામજી, માટુંગા (ઈ), ટા. ૪ થી ૫.૩૦. નિ. : દીપક હરિયા, ૬૦૪ સાઈકૃપા, હિંગવાલા લેન, ઘાટકોપર (ઈ).

દેશલપુર (કંઠી)ના પ્રભાવંતીબેન ભવાનજી વીરા (ઉં. વ. ૮૬) તા. ૨૫-૩-૨૬ના દેહપરિવર્તન કરેલ છે. ભચીબાઈ કુંવરજી જેવતના પુત્રવધૂ. ભવાનજીભાઈના ધર્મપત્ની. રાજેશ, જયેશ, અરૂણા, રેખાના માતુશ્રી. બારોઈ તેજબાઈ નેણશી લાલજીના સુપુત્રી. માવજી, ભવાનજી, રમણીકલાલ, સાડાઉ મઠાંબેન કોરશી હંસરાજના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. ભવાનજી કુંવરજી વીરાઃ એ-૯, હિંદમાતા સોસાયટી, આંબેડકર રોડ, દાદર (ઈ).

**કચ્છી ગુર્જર જૈન**

કચ્છ માંડવીના હાલ ઘાટકોપર ડો. મહેન્દ્ર બુદ્ધિચંદ શાહ (ઉં. વ. ૮૮) તા. ૨૪-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. સ્વ. પારોતી અને સ્વ. બુદ્ધિચંદ કેશવજી શાહના સુપુત્ર. મધુબહેનના પતિ. બીના, સ્વ. અમિત દર્શકના પિતાશ્રી. સ્વ. પ્રેમિલાબેન, સ્વ. ધીરજભાઇ, સ્વ. મણિલાલભાઇ, સ્વ. વિનોદભાઇ, સ્વ. ચંદ્રકાંતભાઇના નાનાભાઇ. સ્વ. મોતીબેન અને સ્વ. તારાચંદ ડામરશી શાહ (ધ્રાંગધ્રા)ના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. પ્રતાપરાય કપૂરચંદભાઇ પારેખના ધર્મપત્ની ચંદ્રિકાબેન (ઉ. વ. ૭૫) તા. ૨૫-૩-૨૬ના બુધવારે અરિહંતશરણ પામેલ છે. તે પરિન, સ્વ. સારિકા ચેતન મહેતાના માતા. તે કિંજલના સાસુ. તે લાઠી નિવાસી સ્વ. કંચનબેન ગુણવંતરાય દોશીની દીકરી. તે સ્વ. કળાબેન, સ્વ. મધુબેન, હંસાબેન, દમયંતીબેન, રંજનબેન, જયોતિબેન, લલિતભાઇ, રેખાબેન, સ્વ. અતુલભાઇ તથા સ્મિતા પારેખના ભાભી. મહેન્દ્રભાઇ, શરદભાઇ, રશ્મિનભાઇ અને ચારુલતાના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

હરમડીયા નિવાસી હાલ ઘાટકોપર પ્રફુલભાઇ ચંપાબેન ગીરધરલાલ મડિયા (ઉં. વ. ૬૭) તે તરલિકાબેનના પતિ. ધવલ તથા મિહિરના પપ્પા. રિદ્ધિના સસરા. નવીનભાઇ, દિલીપભાઇ, પ્રમોદભાઇ, જતીનભાઇ, સ્વ. ઇન્દિરાબેન દોશી તથા હંસાબેન ઠોસાણીના ભાઇ. સ્વ. જયંતીલાલ કલ્યાણજીભાઇ ગાંધીના જમાઇ તા. ૨૫ માર્ચ ૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૯ માર્ચ ૨૬ના લાયન્સ કોમ્યુનિટી હોલ, ગરોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ) સવારના ૧૦થી ૧૨.

# ૪.૧૨ કરોડના એમડી સાથે ત્રણ પકડાયા

મુંબઈઃ થાણેની એન્ટિ-નાર્કોટિક્સ સેલના અધિકારીઓએ નશીલા પદાર્થની હેરફેર સાથે સંકળાયેલા ત્રણ આરોપીની ધરપકડ કરી અંદાજે ૪.૧૨ કરોડ રૂપિયાનું મેફેડ્રોન (એમડી) જપ્ત કર્યું હતું.

ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ સોહેલ દિલીપ ખાન (૨૬), રોહિત વિલાસ સિતાપુરે (૨૧) અને રાજેશ હડાવલે (૨૩) તરીકે થઈ હતી. ત્રણેય આરોપીને કોર્ટે ૨૮ માર્ચ સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે. થાણેના ચરઈ વિસ્તારમાં એમટીએનએલ ઑફિસ સામે અમુક શકમંદો ડ્રગ્સની ડિલીવરી માટે આવવાના હોવાની માહિતી પોલીસને મળી હતી. માહિતીને આધારે પોલીસે સોમવારે છટકું ગોઠવી સોહેલ અને વિલાસને પકડી પાડ્યા હતા.

# 'દોઢ વર્ષ ચૂપ રહ્યો, જો હું બોલવાનું શરૂ કરીશ તો ...' ધનજય મુંડેની વિરોધીઓને સીધી ચેતવણી

મુંબઈઃ હું જન્મ્યો ત્યારથી જ મારા ભાગ્યમાં સંઘર્ષનું ચક્ર શરૂ થયું છે. જન્મ પછી ચાર મહિના સુધી મારી આંખો ખુલી નહોતી. મને જન્મજાત લીવરની સમસ્યા હતી. હું કેવી રીતે બચી ગયો, તે તો ભગવાન જ જાણે! જોકે, તમારા બધાના આશીર્વાદથી, મેં અત્યાર સુધી ઘણી મુશ્કેલીઓનો સામનો કર્યો છે, પરંતુ મારો ક્યારેય ખરાબ સમય આવ્યો નથી, આ શબ્દોમાં ધનંજય મુંડેએ કાર્યકર્તાઓ સમક્ષ તેમના જીવનનો સંઘર્ષ રજૂ કર્યો હતો. ભાયાળામાં આયોજિત નારલી સપ્તાહના પ્રસંગે, મુંડે એક અલગ જ રૂપમાં જોવા મળ્યા હતા.

ધનંજય મુંડેએ છેલ્લાં દોઢ વર્ષની રાજકીય ઘટનાઓ પર ટિપ્પણી કરી હતી. મારા પર ઘણી વખત હુમલો થયો છે, ઘણા લોકોએ મારી ટીકા કરી છે. પણ હું દોઢ વર્ષ સુધી ચૂપ રહ્યો. જો મારા મૌનમાં આટલી શક્તિ હોય, તો વિચારો કે જ્યારે હું બોલવાનું શરૂ કરીશ ત્યારે શું થશે... તેમણે વિપક્ષની ટીકાનો જવાબ આપ્યો. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો કે, તેમનું સ્વાગત કરવા આવેલા સમર્થકોની આંખો મુંડે સાથે થયેલા અન્યાય પ્રત્યેના ગુસ્સાથી અને તેમના નવા ઉત્સાહ સાથે પાછા ફરતા આનંદ એમ બંને ભાવો એકસાથે વ્યક્ત કરી રહી છે. કાર્યક્રમ દરમિયાન, કાર્યકરોએ મુંડેને રથ પર બેસવાનો ખૂબ આગ્રહ કર્યો હતો, પરંતુ તેમણે ના પાડી. તેની પાછળનું રહસ્ય જણાવતા તેમણે કહ્યું, રથ પર બેસવું હોય તો ઘોડાથી બંધાયેલા રથ પર બેસવું , મોરના રથ પર નહીં. મારું નામ 'ધનંજય' છે, જે અર્જુનનું એક નામ છે. તેથી મને સારી રીતે ખબર છે કે કયા રથ પર અને ક્યારે બેસવું. તેમના આ નિવેદનથી સમર્થકોએ તાળીઓનો ગડગડાટથી વધાવી લીધા.બીડમાં રાજકીય સંઘર્ષની પૃષ્ઠભૂમિમાં, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા અને ભૂતપૂર્વ પ્રધાન ધનંજય મુંડેએ તેમના અંગત જીવનના સંઘર્ષોનો ખુલાસો કરીને વિપક્ષને ચેતવણી આપી છે. રાજકીય ટોણાથી બીડના રાજકારણમાં નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



**ગરમીનું મારણઃ** મુંબઈ/મહારાષ્ટ્રમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે અને તેને પગલે લીલા નાળિયેળ ટ્રક ભરીને આવી રહ્યાં છે. આવી ટ્રકમાંથી નાળિયેર ઉતારી રહેલા નાગપુરના વેપારી. (એજન્સી)

# મહેસૂલ વિભાગના અધિકારીઓ ખરાતના સંપર્કમાં હતાઃ બાવનકુળેની કબૂલાત

નાગપુરઃ રાજ્યમાં બહુચર્ચિત અશોક ખરાત પ્રકરણ હવે રાજકીય અને વહીવટી વળાંક પર છે. ચંદ્રશેખર બાવનકુળેએ પ્રથમ વખત આ વિષય પર વિગતવાર વાત કરતાં સ્વીકાર્યું હતું કે મહેસૂલ વિભાગના કેટલાક અધિકારીઓ અશોક ખરાતના સંપર્કમાં હતા. આ કેસમાં કરોડો રૂપિયાના વ્યવહારની આશંકા છે અને ટૂંક સમયમાં જ સંકળાયેલા અધિકારીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ સંદર્ભમાં સંબંધિત અધિકારીઓની ભૂમિકાની ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે.

વહીવટીતંત્રની મિલિભગતને કારણે જ મોટા પાયે આર્થિક વ્યવહારો થયા હોવાની શંકા છે.

સોશિયલ મીડિયા પરની કેટલીક મહત્વપૂર્ણ ટ્વિટ્સ દ્વારા આ કેસમાં નવી વિગતો સામે આવી છે. તેના આધારે અધિકારીઓની પૂછપરછ અને પુરાવા એકત્ર કરવાનું કામ ઝડપથી ચાલી રહ્યું છે.

આગામી સપ્તાહમાં આ તપાસમાં મોટા ખુલાસા થવાની શક્યતા છે.

કેસની ગંભીરતાને ધ્યાનમાં લેતા રાજ્ય સરકાર આ બાબતે ખૂબ જ ગંભીર હોવાના સંકેત મળી રહ્યા છે. મહેસૂલ વિભાગમાં થયેલી સંભવિત ગેરરીતિઓને બહાર લાવવા માટે તપાસ વધુ તેજ કરવામાં આવશે. ■

# થાણેમાં જૂની અદાવતને પગલે ગોળીબાર કરી આરોપી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેના પાંચપાખાડી વિસ્તારમાં પેટ્રોલ પંપ નજીક ગોળીબાર કરી આરોપી ફરાર થઈ ગયો હતો. જૂની અદાવતને પગલે વેર વાળવાને ઇરાદે આરોપીએ યુવકની દિશામાં ગોળીબાર કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું.


નૌપાડા પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની મધરાતે ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે નજીક શેલ કંપનીના પેટ્રોલ પંપ નજીક બની હતી. આ પ્રકરણે ઈન્ઝમામ અમીરુદ્દીન સિદ્દીકી (૨૬)ની ફરિયાદને આધારે ઝબીઉલ્લા શફીકુરરહમાન ખાન (૩૭) વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. ખાન વિરુદ્ધ અગાઉ પર ગુના નોંધાયેલા હોઈ તે રેકોર્ડ પરનો આરોપી હોવાનું તપાસમાં જણાયું હતું.

પોલીસ ફરિયાદ અનુસાર ગુરુવારની રાતે ફરિયાદી સિદ્દીકી યુવતી અને તેના ભાઈ સાથે સ્કૂટર પર પેટ્રોલ ભરાવવા નીકળ્યો હતો. પેટ્રોલ પંપ પર ઈંધણ ન હોવાથી ત્રણેય પાછા વળી રહ્યા હતા ત્યારે આરોપી ત્યાં આવ્યો હતો. આરોપીએ સિદ્દીકીને રોકી તેની સાથે વિવાદ કર્યો હતો. પછી પોતાની પાસેની પિસ્તોલમાંથી સિદ્દીકીની દિશામાં બે રાઉન્ડ ફાયર કરી ફરાર થઈ ગયો હતો.

સદ્નસીબે આ ગોળીબારમાં કોઈને ઇજા થઈ નહોતી, પરંતુ ગોળીબારની ઘટનાથી રહેવાસીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બે વર્ષ અગાઉ આરોપી અને ફરિયાદીમાં વિવાદ થયો હતો. ફરિયાદીના પિતા માટે આરોપીએ અપશબ્દ કહ્યા હતા, જેને લઈ તેમની વચ્ચે ઝઘડો થયો હતો. આ વિવાદને કારણે જ ગોળીબાર કરાયો હોવાનું પોલીસનું માનવું છે.

પોલીસ ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીની શોધ ચલાવી રહી છે. ■

With gratitude for a beautiful life well lived,
we share that our beloved
**Shri Bhagwandasbhai Doshi**
has peacefully passed away at the age of 90 on 26.03.2026



## Shri Bhagwandas Trikamdas Doshi

He filled our lives with love, wisdom, and countless cherished memories.
and his legacy will continue to guide and inspire us always.

**Prayer Meet**

**Saturday, 28th March 2026 from 4 pm to 6 pm**
**K. C. College Auditorium, Churchgate, Mumbai**

**Fondly Remembered by**

**Wife: Late Smt. Kusumben Bhagwandas Doshi**
Sons & Daughters-in-law:
**Abhay-Vibha, Gautam-Priti, Rajiv-Ashwini**
Grandchildren:
**Abha-Shreyansh, Ariha-Jakob-Viana, Shagun-Parth**
**Raj-Riya, Shivani-Shaival, Rayan**

**Doshi, Shah & Tamboli Family**
**Fine-Line Circuits Limited**

# ડબ્બાવાળાઓને હવે મળશે ઈ-બાઈક્સ

## મુંબઈના ચાર પ્રવેશ દ્વારમાંથી એક દ્વાર હશે 'ડબ્બાવાળા' થીમ પર આધારિત

મુંબઈઃ ડબ્બાવાળા મુંબઈની આગવી ઓળખ છે. સાઇકલના પૈડાં અને ઘડિયાળના કાંટે દોડતા મુંબઈના ડબ્બાવાળા છેલ્લાં ઘણા વર્ષોથી મુંબઈવાસીઓને ઘરનું ભોજન પહોંચાડી તેમની ભૂખ સંતોષી રહ્યા છે. તેમણે પોતાની શિસ્ત, ચોકસાઈ અને અવિરત મહેનતના બળ પર વિશ્વભરમાં નામના મેળવી છે. હવે આ ડબ્બાવાળાઓ માટે એક સારા સમાચાર છે. મહાનગરપાલિકા ડબ્બાવાળાઓને એક ખાસ 'ભેટ' આપવાની તૈયારી કરી રહી છે. બાન્દ્રામાં મુંબઈ ડબ્બાવાળા ઇન્ટરનેશનલ એક્સપિરિયન્સ સેન્ટરની મુલાકાત દરમિયાન મેયરે કહ્યું કે ડબ્બાવાલાને ૧૦૫ ઇ-બાઇક આપવામાં આવશે. હાલમાં ઘણા ડબ્બાવાળાને સાઇકલ પર અથવા પગપાળા લાંબું અંતર કાપવું પડે છે. ઈ-બાઈક તેમનો સમય બચાવશે અને ડિલિવરી ઝડપી અને વધુ કાર્યક્ષમ બનાવશે. વધતા ટ્રાફિકનો સામનો કરવા માટે આ સુવિધા ખૂબ જ ઉપયોગી થશે.

મુંબઈના ચાર પ્રવેશદ્વારોને ભવ્ય બનાવવાનો પ્રસ્તાવ પણ રજૂ કરવામાં આવ્યો હતો. આમાંથી એક પ્રવેશદ્વાર ડબ્બાવાળા પર આધારિત હશે. આ દ્વારા ડબ્બાવાળાઓના કાર્યને સન્માનિત કરવાનો અને તેમની સેવાને શહેરની પ્રતીકાત્મક ડિઝાઇનમાં સામેલ કરવાનો પ્રયાસ કરવામાં આવશે.

ઈ-બાઈક જેવી આધુનિક સુવિધાઓ અને ડબ્બાવાળા થીમ આધારિત પ્રવેશદ્વારો જેવી પહેલો સાથે આ પરંપરાને નવી ઓળખ મળવાની અપેક્ષા છે. લાખો મુંબઈવાસીઓના રોજિંદા જીવન સાથે જોડાયેલી આ સેવાની સફર હવે આધુનિકતા તરફ વળતી જોવા મળી રહી છે. ■

# વીજ બિલના વિવાદમાં અધિકારી સાથે મારપીટઃ મહિલાને એક વર્ષની જેલ

થાણેઃ વીજ બિલને મુદ્દે વિવાદ થતાં મહારાષ્ટ્ર સ્ટેટ ઈલેક્ટ્રિસિટી ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ (એમએસઈડીસીએલ)ના અધિકારી સાથે મારપીટ કરનારી મહિલાને થાણેની સેશન્સ કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા સંભળાવી હતી.

એડિશનલ સેશન્સ જજ આર. એસ. ભાકરેએ ચુકાદામાં જ્યોત્સ્ના મોહન પવાર (૩૬)ને એક વર્ષની જેલ અને ત્રણ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

ફરિયાદ પક્ષે જણાવ્યું હતું કે ઘટના જાન્યુઆરી, ૨૦૨૦માં એમએસઈડીસીએલની દીવા ઑફિસમાં બની હતી. બિલ વધુ રકમનું આવતું હોવાની ફરિયાદ કરવા પવાર ગઈ ત્યારે આસિસ્ટન્ટ એન્જિનિયર શશિકાંત ઉદુગડેએ જણાવ્યું હતું કે મીટર અનુસાર બિલ યોગ્ય જ છે. તેણે બિલ ભરી દેવાની વિનંતી કરી હતી, જેને લઈ પવાર ગુસ્સે ભરાઈ હતી. ગાળો બોલી, ધક્કે ચડાવી પવારે અધિકારીની મારપીટ કરી હતી.

જોકે પવારે દાવો કર્યો હતો કે અધિકારી દ્વારા મારપીટના ખોટા કેસમાં તેને સંડોવવામાં આવી છે. પુરાવાને આધારે કોર્ટે પવારની દલીલો ફગાવી દીધી હતી.કોર્ટે નોંધ્યું હતું કે ફરિયાદીના નિરાકરણથી આરોપીને સંતોષ નહોતો તો તેણે ઉપરી અધિકારીને ફરિયાદ કરવી જોઈતી હતી અથવા કાયદેસરનાં પગલાં લેવાં જોઈતાં હતાં. આરોપીને પોતાની સમસ્યાનું સમાધાન મેળવવાનો હક છે, પણ તે કાયદાને હાથમાં ન લઈ શકે, એવું જણાવી કોર્ટે પવારને કસૂરવાર ઠેરવી હતી. (પીટીઆઈ) ■

# ગૅન્ગસ્ટર સંદીપ ગડોલીના એન્કાઉન્ટર કેસમાં હરિયાણાના પાંચ પોલીસ સહિત સાત નિર્દોષ

મુંબઈઃ મુંબઈની હોટેલમાં ૨૦૧૬માં થયેલા ગૅન્ગસ્ટર સંદીપ ગડોલીના કથિત બનાવટી એન્કાઉન્ટરના કેસમાં તે સમયના સબ-ઈન્સ્પેક્ટર સહિત હરિયાણાના પાંચ પોલીસ અને અન્ય બે જણને સેશન્સ કોર્ટે શુક્રવારે નિર્દોષ જાહેર કર્યા હતા.

એડિશનલ સેશન્સ જજ પ્રશાંત કાળેએ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા) અને અન્ય સુસંગત કલમો હેઠળ આરોપીઓ કસૂરવાર ન હોવાની નોંધ કરી હતી.

અંધેરી પૂર્વમાં આવેલી એક હોટેલમાં ૭ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ ગડોલીનું એન્કાઉન્ટરમાં ઢીમ ઢાળી દેવામાં આવ્યું હતું. આ એન્કાઉન્ટર ગુરુગ્રામ પોલીસે કર્યું હતું. કુખ્યા ગૅન્ગસ્ટર એવા ગડોલીના માથે એક લાખ રૂપિયાનું ઇનામ પણ જાહેર કરાયું હતું. ૧૯૯૯ સુધીમાં તેની વિરુદ્ધ ૪૦થી વધુ એફઆઈઆર નોંધાયા હતા.

આ કેસમાં પોલીસે ગુરુગ્રામના પાંચ પોલીસ કર્મચારી સહિત આઠ જણની ધરપકડ કરી હતી. આરોપીઓમાં ગડોલીની 'ગર્લફ્રેન્ડ' દિવ્યા પાહુજા, તેની માતા અને વિરોધી ગૅન્ગના લીડર વીરેન્દ્ર ગુજ્જરનો સમાવેશ થતો હતો. બાદમાં દિવ્યા પાહુજાની હત્યા થઈ હતી.

આરોપી પોલીસોમાં તે સમયના સબ-ઈન્સ્પેક્ટર પ્રદ્યુમન યાદવ સહિત વિક્રમ સિંહ, જિતેન્દ્ર યાદવ, દીપક કાકરન અને પરમજીત અહલાવતનો સમાવેશ થતો હતો.

પોલીસ અનુસાર ગડોલીને પાહુજાની મદદથી જાળમાં ફસાવીને બનાવટી એન્કાઉન્ટરમાં મારી નાખવામાં આવ્યો હતો. જોકે જામીન પર છૂટ્યા પછી ૨૦૨૪માં હરિયાણાની હોટેલમાં પાહુજાની હત્યા થઈ હતી, જેને પગલે કેસમાંથી તેની બાદબાકી થઈ હતી.ફરિયાદી પક્ષે આક્ષેપ કર્યો હતો કે ગડોલી અને ગુજ્જર વચ્ચે લાંબા સમયથી દુશ્મનાવટ હતી, જેને પગલે ગુજ્જરે આરોપી પોલીસોને ગાંઠી ગડોલીનું એન્કાઉન્ટર કરાવ્યું હતું.ફરિયાદ પક્ષે દાવો કર્યો હતો કે આરોપી પોલીસે ગેરકાયદે રિવોલ્વરથી અંધેરીની હોટેલમાં ગડોલીનું એન્કાઉન્ટર કર્યું હતું અને પોતાને બચાવવા ખોટા પુરાવા રજૂ કર્યા હતા.

ફરિયાદ પક્ષે ૪૩ સાક્ષીદાર તપાસ્યા હતા અને સીસીટીવી, કૉલ રેકોર્ડ્સ, બેલાસ્ટિક રિપોર્ટ જેવા ટેક્નિકલ પુરાવાનો આધાર લીધો હતો. જોકે જજે બધા આરોપીને નિર્દોષ જાહેર કર્યા હતા. (પીટીઆઈ)■

**વાલમ બ્રાહ્મણ**



મુંબઈ ના રેહવાસી ગામ ગોંડલ
**મૃદુલા હેમેન્દ્ર ઠાકર**
ઉંમર 78
હેમેન્દ્ર (કમલભાઈ) ઠાકર
ના ધર્મપત્ની
સ્વ. કાંતિલાલ શંભુલાલ ઉપાધ્યાય
અને સ્વ. લાભકુંવર કાંતિલાલ
ઉપાધ્યાય ના સુપુત્રી
શીતલભાઈ ના માતૃશ્રી
અસ્મિતાબેન ના સાસુ
ખ્યાતિ અને કવિશ ના દાદી
સ્વર્ગવાસ 24મી માર્ચ 2026 રોજ
થયેલ છે
પ્રભુ એમની આત્મા ને શાંતિ આપે

# છ મહિના સુધી એલપીજીનો ઉપયોગ ન કરવાનો ત્રણ ગામનો નિર્ણય

ધુળેઃ યુદ્ધને કારણે સર્જાયેલી ગેસની અછતને પહોંચી વળવા માટે ધુળે જિલ્લાના સાકરી તાલુકાના બારીપાડા, મોહોગાંવ અને ચાવડી પાડાના ગ્રામજનોએ એક મોટો નિર્ણય લીધો છે. ત્રણેય ગામોએ એક બેઠક યોજી અને આગામી છ મહિના સુધી એલપીજી ગેસનો ઉપયોગ ન કરવાનો ઐતિહાસિક નિર્ણય લીધો. આ સમયગાળા દરમિયાન તેઓ જંગલના સૂકા લાકડા અને ગાયના છાણમાંથી બનેલા છાણાનો ઉપયોગ કરશે.

બારીપાડા, મોહોગાંવ અને ચાવડીપાડા આ ત્રણ ગામની કુલ વસ્તી આશરે ૪,૦૦૦ છે, જેમાંથી ૪૦૦ ઘરોમાં ગેસ કનેક્શન છે. તેમ છતાં ગ્રામજનોએ નિર્ણય લીધો કે તેઓ ગેસ પર રસોઈ બનાવશે નહીં. આગામી છ મહિના સુધી જો બળતણની અછત વર્તાશે, તો પણ આ નિર્ણય યથાવત્ રાખવાનો અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લઈને આ ગ્રામજનોએ દેશ સામે એક આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જોકે, સ્વાસ્થ્ય પર તેની માઠી અસર ન થાય તે માટે ધુમાડા રહિત ચૂલા અને પર્યાવરણને અનુકૂળ બળતણના ઉપયોગ પર વિશેષ ભાર મૂકવામાં આવશે. દેશહિત સર્વોપરીની ભાવનાને કેન્દ્રમાં રાખીને, બળતણની બચત માટે આ નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો.

સંભવિત વૈશ્વિક બળતણ સંકટને પહોંચી વળવા માટે આ ત્રણ ગામોએ ઉઠાવેલું આ પગલું માત્ર જિલ્લા માટે જ નહીં, પરંતુ સમગ્ર રાજ્ય માટે પ્રેરણાદાયી સાબિત થઈ રહ્યું છે. ■

# ડ્રિલિંગ રોકવામાં નિષ્ફળ જતા પાલિકાનો એન્જિનિયર ત્રણ દિવસ માટે સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મેટ્રો-થ્રીની અંડર ગ્રાઉન્ડ ટનલને નુકસાન થવાની ઘટનાને પગલે મુંબઈ મહાનગર પાલિકાએ તેના પેસ્ટ કંટ્રોલ વિભાગમાંથી એક જુનિયર એન્જિનિયરને ત્રણ દિવસ માટે સસ્પેન્ડ કરી દીધો છે. પાંચ માર્ચે મરીન લાઇન્સમાં મેટ્રો સિનેમા નજીક ખાનગી પાણીના સપ્લાયર દ્વારા અનધિકૃત ડ્રિલિંગ રોકવામાં નિષ્ફળતા બદલ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

આ ઘટના પછી મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડએ ૧૩ માર્ચે આઝાદ મેદાન પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી હતી. સેન્ટ્રલ પેસ્ટ કંટ્રોલ એજન્સીને નુકશાનની જાણ થયા પછી જુનિયર એન્જિનિયરનું સસ્પેન્શન ૨૫માર્ચે અમલમાં આવ્યું હતું. પાલિકામાં વૉર્ડ સ્તરે પેસ્ટ કંટ્રોલ અધિકારીઓ બોરવેલ જેવી યુટિલિટી સર્વિસ અંતર્ગત ખોદવાની પરવાનગી આપવા માટે જવાબદાર છે. મેટ્રો ટનલને નુકસાન પહોંચાડનાર અનધિકૃત ડ્રિલિંગને રોકવામાં અધિકારી નિષ્ફળ ગયા હોવાથી જુનિયર એન્જિનિયરને ત્રણ દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યો હોવાનું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું. ■

**કપોળ મરણ**



**સ્વ. ધરણીધરભાઈ (ધનાભાઈ) ઠાકરશી દોશી**
(ઉ.વ. ૮૭) રાજુલા (કોટડી) વાળા હાલ મુંબઈ
ગુરૂવાર તા. ૨૬/૦૩/૨૦૨૬ ના શ્રીજીચરણ પામ્યા છે.

**સર્વ પક્ષની પ્રાર્થના સભા**
રવિવાર તા. ૨૯/૦૩/૨૦૨૬ - સાંજે ૫.૦૦ થી ૭.૦૦

-: સ્થળ :-
F.P.H. બિલ્ડીંગ, લાલા લજપતરાય માર્ગ,
હાજીઅલી, મુંબઈ - ૪૦૦૦૩૪ મધ્યે રાખેલ છે.
(વેલે પાર્કિંગની વ્યવસ્થા છે)
લૌકિક વ્યવહાર બંધ છે.

**સદા યાદ કરનારા**

માતા-પિતા : સ્વ. કંચનબેન ઠાકરશી દોશી
પત્ની : હંસાબેન ધરણીધર દોશી
પુત્રી-પુત્ર : ભાવનાબેન, મનીષાબેન, ચેતનભાઈ
અજય-અલ્કા, ધર્મેશ-છાયા
પુત્રવધુ-જમાઈ : સોનાબેન, દિપક ધીરજલાલ મહેતા,
કેતન ગુણવંતરાય પારેખ
પૌત્ર-પૌત્રી : અર્જુન, અનુષ્કા અપૂર્વ જવર
ભાઈ-બેન : સ્વ. હરકિશનભાઈ-સ્વ. ઈંદિરાબેન,
સ્વ. ચંદ્રિકાબેન સુરેન્દ્ર મોદી, ઈન્દુમતી મહેશ મથુરીયા,
સ્વ. વાસંતીબેન અરવિંદ મહેતા
શ્વસુર પક્ષ : સ્વ. તરવેણીબેન પ્રભુદાસ મહેતા

સત્વશિલ, સેવાપરાયણ,
કરૂણા વાસ્તલ્ય સ્નેહી સ્વજનને
**૧૫મી પુણ્યતિથીએ પુષ્પાંજલી**



**સ્વ. શ્રી ચીમનલાલ ગીરધરલાલ મુળજી દોશી**
સ્વર્ગવાસ તા. ૨૮.૦૩.૨૦૧૧

આપના પ્રેમાળ હૃદયની મમતા, ક્ર્તવ્યતા, નિષ્ઠા, મિલનસાર સ્વભાવ,
સદગુણોની મધુર સુવાસ સદાય મહેકતી રહેશે.
આપની પ્રેરણા, આપનો સ્નેહ,
આપના આશીર્વાદ અને આપનો યશ અમારા હૈયે સદાય ધબક્તો રહેશે.

**એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના..**

જય જીનેન્દ્ર

સ્નેહાધીન
**સમસ્ત દોશી પરિવાર**
વડોદરા | મુંબઈ | દુબઈ

# દીકરો-દીકરી રૂમ બદલીને વાત કરે તો સાવધ રહેજો: આનંદીબેન પટેલની માતા-પિતાને ટકોર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉત્તર પ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલે હરિદ્વાર ખાતે આયોજિત લેઉવા પાટીદાર સમાજના એક કાર્યક્રમમાં મંચ પરથી સમાજની બદલાતી સ્થિતિ અને સંસ્કારો પર ખુલ્લેઆમ પ્રહારો કર્યા હતા. તેમણે વાલીઓને સંબોધતા બાળકો પર ખાસ નજર રાખવા શિખામણ આપી હતી. કાર્યક્રમ દરમિયાન આનંદીબેને વાલીઓને ચેતવતા કહ્યું હતું કે, જો તમારી દીકરી અત્યાર સુધી તમારી પાસે બેસીને વાત કરતી હોય અને અચાનક બીજા રૂમમાં જઈને ધીરેથી વાત કરવાનું શરૂ કરે, તો સમજજો કે 'કાંઈક ખોટું થઈ રહ્યું છે'. તેમણે શંકા નહીં, પણ સાવચેતી રાખવા પર ભાર મૂક્યો હતો.

તેમણે સમાજમાં વધી રહેલા કુરિવાજો અને બાળકોના બદલાતા વર્તન પર ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ટેકનોલોજીના આ યુગમાં જો માતા-પિતા જાગૃત નહીં રહે તો સંતાનો સંસ્કારના માર્ગેથી ભટકી શકે છે. તેમણે કહ્યું હતું કે, મારે તો બહેનોને ખાસ કહેવું છે, તમારી નજર દીકરા-દીકરીઓ પર હોવી જ જોઈએ. હું શંકાની વાત નથી કરતી, તે કોઈની સાથે વાતચીત કરે તો તે મિત્ર હોઈ શકે, પણ મિત્ર-મિત્રમાં પણ ફરક હોઈ શકે. તેમણે ઉમેર્યું કે, તમારી દીકરી ૮-૧૦ વર્ષની હોય અને તેને મામા-ભાઈ-કાકા કોઈ પણ સગાસંબંધીનો ફોન આવે ત્યારે તે તમારી સામે વાતો કરે છે જે સ્વાભાવિક વાત છે, પરંતુ જે દિવસે તમારી દીકરીને કોઈનો કોલ આવે અને તે તમારાથી દૂર જઈને વાત કરવાનું શરૂ કરે ત્યારે તેના પર શંકા વ્યક્ત કરજો. કે અત્યાર સુધી તે મારી બાજુમાં બેસી વાત કરતી હતી અને હવે તે બાજુના રૂમમાં જઈને ધીરેથી કેમ વાત કરે છે? કંઈક ખોટું થઈ રહ્યું છે. એટલા માટે જ ધ્યાન રાખજો કે તે ઘરમાંથી કે સ્કૂલમાંથી ભાગી ન જાય, કથાઓમાં આવી વાતો ભલે ન થતી હોય, પરંતુ મારી કથા તો આજ છે.

# વારસાઈ સંબંધિત જમીન વ્યવહારોમાં ₹ ૩૦૦ની ટોકન સ્ટેમ્પ ડ્યૂટી લેવાશે, ૫૬ લાખથી વધુ ખેડૂતોને લાભ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે રાજ્યમાં સીધી લીટીના અને આડી લીટીના વારસદારો વચ્ચે થતા જમીન સંબંધિત આંતરિક વ્યવહારો માટે જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યૂટીની જોગવાઈઓમાં રાહત આપવાનો પ્રજાલક્ષી નિર્ણય કર્યો હતો. સરકાર સમક્ષ સમાજના વિવિધ અગ્રણીઓ, કિસાન સંઘ તથા ખેડૂત સંગઠનો દ્વારા કરવામાં આવેલી રજૂઆતનો તેમણે સકારાત્મક પ્રતિસાદ આપીને આ ખેડૂતોના હિતલક્ષી નિર્ણય કર્યો હતો.

ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ની કલમ ૯ હેઠળ રાજ્ય સરકારને સ્ટેમ્પ ડ્યૂટી ઘટાડવા અથવા માફ કરવા મળેલી સત્તા અન્વયે ખેતીની જમીન અંગેના કેટલાક કિસ્સાઓમાં જંત્રી આધારિત સ્ટેમ્પ ડ્યૂટીની જોગવાઈઓમાંથી રાહત આપીને રૂપિયા ૩૦૦ ટોકન સ્ટેમ્પ ડ્યૂટી લાગુ કરવાનો નિર્ણય કર્યો હતો. આ મહત્ત્વપૂર્ણ નિર્ણય અનુસાર વારસાઈની નોંધ/નોંધો હેઠળના સંયુક્ત કબજેદારો પૈકીના કોઈ એક અથવા વધુ વારસો (મરણ જનાર મૂળ ખાતેદારના સીધી લીટીના કેસમાં એક પણ વારસ હયાત ન હોય તો આડી લીટીના વારસો) દ્વારા અન્ય એક કે વધુ વારસદારોની તરફેણમાં એક અથવા વધુ તબક્કાઓમાં હક ઉઠાવવાના કિસ્સામાં પ્રત્યેક હક ઉઠાવવા/કમીના લેખ પર રૂ.૩૦૦ સ્ટેમ્પ ડ્યૂટી લેવાશે. જો સીધી લીટીના વારસો હયાત હોય તો તે પૈકીના એક યા વધુના નામ એક અથવા વધુ તબક્કાઓમાં દાખલ કરવાના કિસ્સામાં, સીધી લીટીના એક પણ વારસ હયાત ન હોય તો આડી લીટીના હયાત પૈકીના એક યા વધુ વારસોના નામ દાખલ કરવાના કિસ્સામાં પ્રત્યેક હયાતીમાં હક દાખલના લેખ પર રૂ.૩૦૦ સ્ટેમ્પ ડ્યૂટી વસૂલ કરવામાં આવશે.સમયના ક્રમાનુસાર એક યા વધુ તબક્કે વારસાઈ નોંધ/નોંધો અન્વયે દાખલ થયેલ સંયુક્ત ખાતેદારો દ્વારા એક અથવા વધુ તબક્કે વહેંચણી કરવામાં આવે (આવી વારસાઈથી સીધી લીટી અથવા તેની હયાતી ન હોય ત્યારે આડી લીટીના વારસો દાખલ થયેલ હોઈ શકે) પ્રત્યેક વહેંચણીના લેખ પર રૂ.૩૦૦ સ્ટેમ્પ ડ્યૂટી લેવાશે.

હવે જો કોઈ કિસ્સામાં સીધી લીટીના એક પણ વારસ હયાત ન હોય તો જ આડી લીટીના પ્રકારના એક કે વધુ વારસદારોની તરફેણમાં એક અથવા વધુ તબક્કાઓમાં હક ઉઠાવવો, હયાતીમાં નામ/હક દાખલ કરવા તથા વહેંચણી અંગે, ઉક્ત દર્શાવેલ પ્રત્યેક તબદિલી લેખે રૂ.૩૦૦ સ્ટેમ્પ ડ્યૂટી વસૂલી વિનિયમિત કરવાની રહેશે.

રાજ્ય સરકારના આ મહત્વના નિર્ણયના પગલે પરિવારના સભ્યો વચ્ચે મિલકત વહેંચણી સરળ બનવાથી કોર્ટ કેસ અને વિવાદોમાં ઘટાડો થશે, કાયદેસર દસ્તાવેજીકરણમાં વધારો થશે અને હાલમાં સ્ટેમ્પ ડ્યૂટી વધુ હોવાથી જે ઘણા વ્યવહારો બિનદસ્તાવેજી રહે છે. તેમાં આ સુધારા પછી લોકો સરળતાથી નોંધણી કરાવશે.

એટલું જ નહીં, ખેડૂતોને ખેતીની જમીનની વારસાઈ મિલકતના વહેંચણીમાં આર્થિક ભાર ઓછો પડવાથી મોટી રાહત મળશે અને પારદર્શિતા અને સ્પષ્ટતાનો ધ્યેય સાકાર થશે એટલે કે, હક પત્રક વધુ સ્પષ્ટ બનશે અને જમીનના માલિકી હક અંગેની ગેરસમજ ઘટશે. આ રૂ.૩૦૦ ની સરળ સ્ટેમ્પ ડ્યૂટીથી પ્રક્રિયા ઝડપી અને વ્યવહારિક બનશે અને લોકોને વ્યવહારોમાં વધુ સરળતા થશે.

# ₹ ૧૪૧ કરોડની રકમની અંબાજી જૂથ પાણીપુરવઠા યોજનાનું વડા પ્રધાન મોદીના હસ્તે ઈ- ખાતમુહૂર્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાના આદિવાસી વિસ્તારો તેમજ પવિત્ર યાત્રાધામ અંબાજી માટે અંદાજિત રૂ. ૧૪૧ કરોડની રકમની 'અંબાજી જૂથ પાણી પુરવઠા યોજના ભાગ-૧ અને ૨' નું વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઈ- ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે. આ યોજનાનો સીધો લાભ દાંતા અને અમીરગઢ તાલુકાના કુલ ૩૪ ગામો અને અંબાજી શહેરના નાગરિકોને મળશે. એક સામાન્ય અંદાજ મુજબ, આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી આશરે ૦.૭૮ લાખની વસ્તીને નિયમિત પીવાનું પાણી ઉપલબ્ધ થશે. અંબાજીએ ભારતનું એક મહત્ત્વનું પવિત્ર યાત્રાધામ હોવાથી અને ભવિષ્યમાં આસપાસના વિસ્તારોમાં થનારા વિકાસને ધ્યાને રાખીને આ પીવાના પાણીની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

# બહુચરાજીમાં ચૈત્રી આઠમે માતાજીની શાહી સવારી નીકળી, મેળા માટે ૫૩૦થી વધુ ટ્રિપનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ચુંવાળ પંથકનાં સુપ્રસિદ્ધ શક્તિપીઠ બહુચરાજીમાં ચૈત્રી નવરાત્રીના પવિત્ર દિવસોમાં આઠમના અવસરે માતાજીની ભવ્ય શાહી સવારી નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં ઊમટી પડેલા ભક્તોએ માતાજીના પાવનકારી દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે રાત્રે ૧૨ કલાકે માતાજીના ગર્ભગૃહમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે નવખંડ પલ્લી ભરવામાં આવી હતી. બહુચરાજી મંદિરમાં ચૈત્રી આઠમની શાહી સવારીનું વિશેષ મહત્ત્વ છે. સવારી નીકળે તે પૂર્વે માતાજીની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી, ત્યારબાદ પોલીસ જવાનો દ્વારા માતાજીને શાહી ઠાઠ સાથે 'ગાર્ડ ઑફ ઓનર' આપવામાં આવ્યું હતું. બહુચરાજીમાં યોજાનાર ચૈત્રી પૂનમના લોકમેળામાં લાખો શ્રદ્ધાળુઓ માતાજીના દર્શને ઊમટતા હોય, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. એસટી નિગમ દ્વારા અંદાજે ૫૩૦થી વધુ ટ્રિપોનું આયોજન કરવામાં આવશે તેમ જ મેળા દરમિયાન એક્સ્ટ્રા સંચાલન માટે નિગમ દ્વારા નક્કી કરાયેલા ૧.૨૫ના ગુણાંક મુજબ ભાડું વસૂલવામાં આવશે.

ચૈત્રી પૂનમના મેળા પૂર્વે યાત્રાળુઓની સુવિધા માટે અમદાવાદ-રણુજ પેસેન્જર ટ્રેન શરૂ કરવાની માગ સાથે પૂર્વ ધારાસભ્ય ભરતજી ઠાકોર અને કૉંગ્રેસના આગેવાનોની આગેવાનીમાં મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આ આંદોલનમાં તાલુકાના ૫૨ જેટલા ગામના આગેવાનો અને સ્થાનિક વેપારી એસોસિયેશન પણ જોડાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સ્થાનિકોનો આક્ષેપ કર્યો હતો કે ગેજ પરિવર્તનની કામગીરી પૂર્ણ થયા બાદ રેલવે ટ્રેક પરથી માત્ર મારુતિ કંપનીની ગુડ્સ ટ્રેન ચલાવવામાં આવી રહી છે, પરંતુ પ્રજા માટે છેલ્લાં ઘણાં વર્ષોથી પેસેન્જર ટ્રેન બંધ હાલતમાં છે. રેલવે તંત્ર ઉદ્યોગોને પ્રાધાન્ય આપી સામાન્ય જનતા અને શ્રદ્ધાળુઓની હાલાકી પ્રત્યે કોઈ ધ્યાન નથી આપતું. આવેદનપત્ર દ્વારા માગ કરવામાં આવી હતી કે અમદાવાદથી કટોસણ રોડ સુધી આવતી ડેમુ ટ્રેનને તાત્કાલિક ધોરણે રણુજ સુધી લંબાવવામાં આવે.

# બાજરી, જુવાર તથા મકાઈની લઘુતમ ટેકાના ભાવે સરકાર દ્વારા સીધી ખરીદી કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે બાજરી રૂ. ૨,૭૭૫ પ્રતિ ક્વી., જુવાર-માલદંડી માટે રૂ. ૩,૭૪૯ પ્રતિ ક્વી., જુવાર-હાઈબ્રીડ માટે રૂ. ૩,૬૯૯ પ્રતિ ક્વી. તથા મકાઈ માટે રૂ. ૨,૪૦૦ પ્રતિ ક્વી. લઘુત્તમ ટેકાનો દર નિયત કરવામાં આવ્યો છે.

ખેડૂતોને મહત્તમ ટેકાના ભાવનો લાભ મળી રહે તે માટે બાજરી તેમજ જુવારની ખરીદી ઉપર ટેકાના ભાવ ઉપરાંત રૂ. ૩૦૦ પ્રતિ ક્વી. બોનસની ચુકવણી કરવામાં આવશે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત લઘુત્તમ ટેકાના ભાવે બાજરી, જુવાર તથા મકાઈની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. મારફતે કરવામાં આવશે.

લઘુત્તમ ટેકાના ભાવે બાજરી, જુવાર તથા મકાઈના વેચાણ કરવા ઇચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઇન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ વીસીઈ મારફતે તા. ૦૧ થી ૩૦ એપ્રિલ, ૨૦૨૬ સુધી કરવામાં આવશે તેમજ બાજરી, જુવાર તથા મકાઈની ખરીદી તા. ૦૧ મે થી ૧૫ જુલાઇ, ૨૦૨૬ સુધી કરવામાં આવશે. ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા પણ નોંધણી કરવામાં આવશે.

# ગુજરાતમાં ૧૩.૯૬ લાખ વિદ્યાર્થીઓને ₹ ૩૫૪ કરોડની સહાય સીધી ડીબીટી માધ્યમથી ચૂકવાઈ

અમદાવાદ: ગાંધીનગર સ્થિત વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતેથી મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે શિક્ષણ પ્રધાન ડૉ. પ્રદ્યુમન વાજા અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાજ્યના લાખો વિદ્યાર્થીઓને વિવિધ યોજનાઓ હેઠળ શિષ્યવૃત્તિ સહાય આપવામાં આવી હતી. નમો લક્ષ્મી, નમો સરસ્વતી વિજ્ઞાન સાધન, અને મુખ્યમંત્રી જ્ઞાન સાધના જેવી મહત્ત્વકાંક્ષી યોજનાઓ અંતર્ગત કુલ ૧૩.૯૬ લાખ વિદ્યાર્થીઓને રૂ.૩૫૪ કરોડની સહાય સીધી ડીબીટી (ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર) માધ્યમથી ચૂકવવામાં આવી હતી. રાજ્ય સરકારે અત્યાર સુધીમાં ૨૭.૬૧ લાખ વિદ્યાર્થીઓને આ યોજનાઓ પેટે ૧૮૭૧.૭૮ કરોડ રૂપિયાની સહાય આપી છે.

મુખ્ય પ્રધાને એસએસઆઇપી ૨.૦ અન્વયે વિદ્યાર્થીઓના ઈનોવેટીવ પ્રોજેક્ટ્સ માટે પ્રોત્સાહન સહાયના ચેકનું વિતરણ પણ કર્યુ હતુ. આવા ૭૩૫ યુવા વિદ્યાર્થીઓને કુલ ૬૯.૬૯ લાખની સહાય અપાઈ હતી. આ કાયક્રમમાં દીકરીઓના સશક્તીકરણ વિશે જણાવતા મુખ્ય પ્રધાને ભૂપેન્દ્ર પટેલએ કહ્યું હતું કે, દીકરીઓનો અભ્યાસ આર્થિક સ્થિતિના કારણે અધૂરો ન રહે તે માટે રાજ્ય સરકારે સતત ચિંતા કરીને નમો લક્ષ્મી અને નમો સરસ્વતી જેવી મહત્ત્વપૂર્ણ યોજનાઓ અમલી બનાવવામાં આવી હતી. આ યોજનાઓના સફળ અમલીકરણથી શાળાઓમાં દીકરીઓની સંખ્યામાં ૬-૭ ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

# ચૂંટણી પૂર્વે વહીવટીતંત્ર સજ્જ: પ્રભારી સચિવો, નિયામકો સહિત અને ધરખમ ફેરફાર

અમદાવાદ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના એંધાણ પૂર્વ વહીવટી તંત્રમાં બદલીનો દોર શરૂ થઈ ગયો છે. ગઈકાલે પોલીસ વિભાગની ભરતી બાદ રાજ્યના વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારો જોવા મળ્યા હતા. ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વિવિધ જિલ્લાઓના પ્રભારી સચિવોની નિમણૂકમાં ફેરફાર કરવામાં આવ્યા હતા. વહીવટી કારણોસર કરવામાં આવેલા આ ફેરફારો મુજબ, અમદાવાદ જિલ્લાના પ્રભારી તરીકે અગ્ર સચિવ એમ. થેન્નારસન, સુરત માટે શાલીની અગ્રવાલ અને વડોદરા માટે ઉદ્યોગ કમિશનર પી. સ્વરૂપની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત, ડો. વિનોદ રાવને ગાંધીનગર, પી. ભારથીને વાવ-થરાદ અને રાજ કુમાર બેનિવાલને કચ્છ જિલ્લાની જવાબદારી સોંપવામાં આવી છે. તે ઉપરાંત ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ના ૩૧ જેટલા અધિકારીઓની જાહેર હિતમાં તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી હતી. આ ફેરફારો અંતર્ગત કાજલ અંબાલિયાની અમદાવાદ કલેક્ટર કચેરીમાં અને તેજસ ચૌધરીની અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીમાં વહીવટી અધિકારી તરીકે નિમણૂક કરવામાં આવી હતી, જ્યારે પ્રશાંત માંગુડાને ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળમાં નાયબ સચિવ તરીકે જવાબદારી સોંપાઈ છે. આઈ.ટી. સંવર્ગના ૪૧ આઈ.સી.ટી. અધિકારીઓની લોન સેવાના ધોરણે મોટાપાયે બદલી કરવામાં આવી હતી. આ ફેરફારો અંતર્ગત આશિષ ચૌધરીને ફવિકાસ કમિશનરની કચેરીમાં, શરદ કુંભારાણાને ગુજરાત જાહેર સેવા આયોગમાં અને મુકેશકુમાર નિનામાને ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળમાં નિયુક્તિ આપવામાં આવી છે.

આઈ.ટી. કેડરના પાંચ નાયબ નિયામકો દેવેન પંડ્યાને ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટર, વસીમ મન્સુરીને ઇન્સેન્ટીવ અને શ્રદ્ધા જાનીને એડમીન શાખામાં સંયુક્ત નિયામક તરીકે નિયુક્ત કરવામાં આવ્યાં છે.

# ગુજરાતમાં દહેજનું વરવું સ્વરૂપ: ત્રણ વર્ષમાં ૧૭૮ મહિલાએ જિંદગી ટૂંકાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં મહિલા સુરક્ષા અને આત્મસન્માનના દાવાઓ વચ્ચે દહેજ પ્રથાનું દૂષણ હજુ પણ સમાજને ભરખી રહ્યું હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. વિધાનસભા સત્ર દરમિયાન રજૂ થયેલા આંકડા મુજબ, છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં દહેજની કુપ્રથાના કારણે કુલ ૧૭૮ મહિલાએ આપઘાત કરી જીવન ટૂંકાવ્યું હતું. આ સમયગાળા દરમિયાન દહેજ ઉત્પીડનની કુલ ૫૬૩૮ ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ હોવાનું જાણવા મળ્યું હતું. સરકારના જણાવ્યા અનુસાર, આ આત્મહત્યાના કેસોમાં અત્યાર સુધીમાં ૫૨૨ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે ૧૫ આરોપી હજુ પણ પોલીસ પકડથી દૂર હોવાનું ખૂલ્યું હતું. જિલ્લાવાર આંકડાઓ પર નજર કરીએ તો, દહેજ દૂષણની ફરિયાદો અને આપઘાતની ઘટનાઓમાં મહાનગરો મોખરે રહ્યા હતા. અમદાવાદમાં સૌથી વધુ ૧૬૬૫ ફરિયાદો સાથે ૩૪ મહિલાએ જીવ ગુમાવ્યો હતો, જ્યારે સુરતમાં ૧૧૬૬ ફરિયાદ અને ૩૬ મહિલાના આપઘાત નોંધાયા હતા.

વડોદરામાં ૧૭ અને કચ્છમાં ૧૬ મહિલાએ દહેજને કારણે મોતની સોડ તાણી લીધી હતી. ચોંકાવનારી બાબત એ છે કે બનાસકાંઠા, મહેસાણા અને રાજકોટ જેવા જિલ્લાઓમાં પણ ફરિયાદોનો આંકડો ખૂબ મોટો હોવાનું ખૂલ્યું હતું.

# અમદાવાદમાં કોહવાયેલી લાશ મળતા ચકચાર, મૃતકનું રહસ્ય અકબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના સરખેજ વિસ્તારમાં મર્સિડીઝ ગાડીમાંથી ડી કમ્પોઝ થયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સરખેજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં કાર ગેરેજવાળાની હોવાનું બહાર આવ્યું હતું. મૃતકની ઓળખ થઈ શકી ન હતી. પોલીસે લાશ પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલ મોકલી વધુ તપાસ હાથ ધરી છે.

આ ઘટનાની મળતી વિગત મુજબ, સરખેજ વિસ્તારમાં એલ.જે. કૉલેજની પાછળ આવેલા એક ગેરેજની સામે અંદાજે ૪૦ વર્ષની ઉંમરના એક વ્યક્તિની લાશ મર્સિડીઝ કારમાંથી મળી આવતા ખળભળાટ મચી ગયો હતો. આ અંગે પોલીસે જણાવ્યું હતું કે, પ્રાથમિક દ્રષ્ટિએ મૃતકનું મોત બે દિવસથી થયું હોવાનું લાગી રહ્યું છે. એફએસએલની ટીમ દ્વારા પણ તપાસ કરવામાં આવી રહી છે. જે ગાડીમાંથી લાશ મળી છે તે ગાડી ૬ મહિનાથી બંધ હાલતમાં ત્યાં પડી હતી.

# સુરતના ઇન્ટરનેશનલ ઍરપોર્ટ પર બૉમ્બની અફવા: યુવકની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર બૉમ્બ હોવાની અફવાના પગલે ખળભળાટ મચી ગયો હતો. એક યુવકની હરકતને કારણે સુરક્ષા એજન્સીઓ અને મુસાફરોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. મળતી માહિતી મુજબ, એક યુવકે એરપોર્ટ સ્ટાફને જણાવ્યું હતું કે તેની પાસે બૉમ્બ છે.

આ માહિતી મળતા જ સ્ટાફમાં હડકંપ મચી ગયો હતો અને તરત જ સીઆઈએસએફ તેમજ સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટના બાદ સમગ્ર એરપોર્ટ પર સુરક્ષા ચકાસણી વધારી દેવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ સુરક્ષા એજન્સીઓ તાત્કાલિક સક્રિય થઈ ગઈ હતી અને સમગ્ર એરપોર્ટ પર કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. જોકે, સઘન તપાસ બાદ કંઈ પણ વાંધાજનક ન મળતા તંત્રે રાહતનો શ્વાસ લીધો હતો. ઘટનાને પગલે ડુમસ પોલીસે યુવકની અટકાયત કરી વધુ તપાસ શરૂ કરી છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સુરક્ષા જવાનોએ તાત્કાલિક એરપોર્ટના અમુક હિસ્સાને કોર્ડન કરી લીધો હતો. શંકાસ્પદ યુવકની અટકાયત કરી તેની અને તેના સામાનની ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી હતી. એરપોર્ટ પર બૉમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની મદદ પણ લેવામાં આવી હતી.

# રાજ્યમાં ગણોતિયાઓને ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત ડિસેમ્બર સુધી વધારવામાં આવી

અમદાવાદ: ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન અધિનિયમની કલમ-૩૨ અંતર્ગત ગણોતીયાઓને ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદત એક વર્ષ વધારવાનો સંવેદના સ્પર્શી નિર્ણય કર્યો હતો. ગુજરાત ગણોત વહિવટ અને ખેતીની જમીન અધિનિયમ ૧૯૪૮ મુજબ કલમ ૩૨ જી અંતર્ગત ખેડૂતો/ગણોતીયાઓ માટે મામલતદાર અને કૃષિ પંચ દ્વારા ખરીદ કિંમત નક્કી કરવામાં આવે છે અને આ કિંમત કાયદા મુજબની સમય મર્યાદામાં ભરપાઈ કરવાની હોય છે.

ગણોતીયાઓ દ્વારા અજ્ઞાનતાના કારણે ખરીદ કિંમત ભરપાઈ ન કરી હોવાના કિસ્સાઓ ધ્યાનમાં આવ્યા છે. આવી ખરીદ કિંમત ન ભરવાના કિસ્સામાં તેમને કાયદેસરના માલિક ગણી શકાતા નથી. આના પરિણામે ખેડૂતો દ્વારા ખેતીની જમીન વેચાણ, બિન ખેતીના પ્રસંગોએ જે મુશ્કેલીઓ પડે છે તે નિવારવા રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં વખતોવખત આવી ખરીદ કિંમત ભરપાઈ કરવાની છૂટ આપીને સમય મર્યાદા લંબાવવાના નિર્ણયો કરેલા છે.

રાજ્ય સરકાર સમક્ષ ખેડૂતોએ કરેલી રજૂઆતો અને ૩૧ ડિસેમ્બર-૨૦૨૫ના અંતે કેસોની બાકી રહેલી સંખ્યા ધ્યાનમાં લઈને તેમણે ખેડૂતોની તરફેણમાં વધુ નરમ વલણ દર્શાવીને ગણોતીયાઓને ખરીદ કિંમત ભરપાઈ કરવાની આ મુદત તા. ૩૧ ડિસેમ્બર-૨૦૨૬ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણયના પરિણામે ખેડૂતો/ગણોતીયાઓ ખરીદ કિંમત ભરપાઈ કરીને કાયદેસર માલિક બની શકશે.

# હાઈ કોર્ટના ચુકાદાના અમલમાં વિલંબ ટાળવા નાણાં વિભાગે જાહેર કર્યો નવો પરિપત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્યના નાણાં વિભાગ દ્વારા હાઈકોર્ટના ચુકાદાઓના અમલીકરણમાં થતા બિનજરૂરી વિલંબને અટકાવવા માટે એક મહત્ત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. ખાસ કરીને સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને લગતા કોર્ટ કેસોમાં થતી ઢીલને કારણે ઊભી થતી અદાલતી તિરસ્કારની સ્થિતિને નિવારવા હવે સમયબદ્ધ પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે. આ નવા નિયમ મુજબ, હવે કોઈપણ વિભાગે હાઈ કોર્ટના ચુકાદાનું અમલીકરણ મહત્તમ ૪૫ દિવસની અંદર ફરજિયાતપણે કરવાનું રહેશે. નવી પ્રક્રિયા અંતર્ગત સમયમર્યાદાનું માળખું નક્કી કરવામાં આવ્યું હતું, જે મુજબ ચુકાદો મળ્યાના ૧૨ દિવસમાં સંબંધિત વિભાગે પોતાનો અભિપ્રાય આપવો પડશે અને ત્યારબાદ આઠ દિવસમાં નાણાં વિભાગ સમક્ષ દરખાસ્ત રજૂ કરવાની રહેશે. ખાતાના વડાએ આ દરખાસ્તની ચકાસણી ૧૦ દિવસમાં પૂર્ણ કરી આગામી ૧૫ દિવસમાં આખરી નિર્ણય લેવાનો રહેશે. જો નિર્ધારિત સમયમાં નિકાલ શક્ય ન હોય, તો વિભાગે કોર્ટમાં સમયવધારા માટે ફરજિયાત અરજી કરવી પડશે.

# અમદાવાદ સિવિલમાં ₹ ૬૦ કરોડના ખર્ચે ૮૫૮ બેડનું અત્યાધુનિક 'રેનબસેરા' તૈયાર

અમદાવાદ: એશિયાની સૌથી મોટી સિવિલ હૉસ્પિટલમાં રાજ્યભરમાંથી તેમ જ દેશ-વિદેશથી નાગરિકો જટિલ સર્જરી અને વિવિધ રોગોની સારવાર માટે આવે છે. અત્યાર સુધી હૉસ્પિટલની નજીકના વિસ્તારોમાં પૂરતી સુવિધાના અભાવે અથવા આર્થિક મર્યાદાના કારણે અનેક પરિવારોએ મોંઘા દરની હૉટેલોમાં રોકાવું પડતું હતું અથવા ફૂટપાથ પર રાત વિતાવવી પડતી હતી.

નાગરિકોની આ હાલાકી દૂર કરવા માટે સિવિલ હૉસ્પિટલ કેમ્પસ, અસારવા ખાતે રૂ. ૬૦ કરોડના ખર્ચે ૮૫૮ બેડની ક્ષમતા ધરાવતું અત્યાધુનિક 'રેનબસેરા' તૈયાર કરવામાં આવ્યું છે. રેનબસેરાની મુખ્ય વિશેષતાઓમાં વિશાળ બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર અને આઠ માળ ધરાવતા આ ભવનનું કુલ બાંધકામ ક્ષેત્રફળ ૨૪,૪૩૬ ચો.મી. છે. ગ્રાઉન્ડ ફ્લોર પર ૨૮૦ લોકોની ક્ષમતા ધરાવતી વિશાળ કેન્ટીન અને આધુનિક રસોડું તેમ જ અન્ય સુવિધાઓમાં ટીવી રૂમ, રિસેપ્શન, બૅન્ક એટીએમ અને દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુઓ માટે ૦૮ દુકાનની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ રેનબસેરામાં સ્વચ્છ ડોરમેટરી, પૂરતા શૌચાલય અને સામાન રાખવા માટે સુરક્ષિત લોકરની સુવિધા પણ ઉપલબ્ધ છે. ટ્રાફિકની સમસ્યા નિવારવા બેઝમેન્ટમાં ૫૮ ફોર-વ્હિલર અને ૯૧ ટુ-વ્હિલર માટે પાર્કિંગની સુવિધાની સુવિધા કરવામાં આવી છે.

# સુરતમાં કથિત રીતે પડોશીઓના ત્રાસથી કંટાળી મહિલાનો આપઘાતનો પ્રયાસ

અમદાવાદ: સુરતના પાસોદરા વિસ્તારમાં પડોશીઓના સતત માનસિક ત્રાસ અને ધમકીઓથી કંટાળીને એક મહિલાએ ફિનાઈલ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. આવું પગલું ભરતા પહેલા મહિલાએ એક વીડિયો બનાવી સોશ્યલ મીડિયામાં વાયરલ કર્યો હતો, જેમાં તેણે રડતા અવાજે પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, છેલ્લા ૬ મહિનાથી પડોશીઓનો ત્રાસ વધી ગયો છે અને હવે મારી સહનશક્તિની હદ આવી ગઈ છે.'' મહિલાએ વીડિયોમાં આક્ષેપ કર્યો હતો કે જો ભવિષ્યમાં તેને કે તેના પરિવારને કંઈ પણ થશે તો તેના જવાબદાર આ પડોશીઓ જ રહેશે. ત્યારબાદ મહિલાને હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી અને તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું હતું. વિવાદની શરૂઆત આશરે છ મહિના પહેલા બિલ્ડિંગની લોબીમાં કચરા-પોતા કરવા જેવી સામાન્ય બાબતે થઈ હતી. ત્યારબાદ બાલ્કનીમાં તાડપત્રી લગાવવાના પૈસા બાબતે પણ તકરાર વધી હતી.

# મુંબઈ સમાચાર

આયોજિત

# માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ

Supported by:
adani



અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકાશારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ

વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી–અમદાવાદ)

શ્રી વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીનું

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજસાહેબનું

## માર્ગદર્શન

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

**સનાતન નગરીઃ**
સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ,
(ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

**ભાગવત કથાઃ** બપોરે ૩.૩૦થી ૬.૩૦
**પ્રસાદઃ** સાંજે ૬.૩૦ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી
**માતૃભાષા મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમોઃ** રાત્રે ૭.૩૦થી ૧૦.૦૦

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્‌ભુત પહેલ



SKYLINE
INFRA FORGE
**શ્રી સૌરભ મહેતા**
(મુખ્ય મનોરથી)



gandhar
Group of Companies
**શ્રી રમેશભાઈ પારેખ**
(સહ મનોરથી)

- તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા
- ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા
- પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

## જીવંત પ્રસારણ

મુંબઈ સમાચાર
YouTube
ગુજરાતી

आस्था
धर्म संदेश
आस्था भजन

वसुधैव कुटुंबकम्
॥ Sandipani ॥

DANUBE PROPERTIES
DUBAI
Real Estate Partners:

### દરરોજના કાર્યક્રમ



**તા. ૨** માતૃભાષા માનવંદનાઃ મરાઠી સંગીત સંધ્યા
સંજીવની ભેલાંડે
પલ્લવી કેળકર
નચિકેત દેસાઈ
દીપ્તિ ભાગવત
અજિત પરબ
અને હેમંત બર્વે



**તા. ૩** પદ્મશ્રી કૈલાસ ખેરનો 'કૈલાસા' કોન્સર્ટ અને કૈલાસા લાઈવ



**તા. ૪** ગીતા રબારીનો સંગીત જલસો



**તા. ૭** કીર્તિદાન ગઢવીનો ડાયરો

માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી આપણે રાખીએ - સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.

માતૃભાષાના સેનાનીઓના ઋણ-સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.

**આયોજક**

## મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

| | | | | |
|---|---|---|---|---|
| ★ શ્રી પરાગ શાહ | ★ શ્રી સંતોષ સિંહ | ★ શ્રી મુકેશ પટેલ | ★ શ્રી રાજુ સાવલા | ★ શ્રી અરવિંદ શાહ |
| ★ શ્રી જિજ્ઞેશ ભુતા | ★ શ્રી જસ્મીન શાહ | ★ શ્રી જિતેન્દ્ર મહેતા | ★ શ્રી જગદીશ ઓઝા | ★ શ્રી ભાર્ગવ પટેલ |
| ★ શ્રી નિરવ મહેતા | ★ શ્રી જિજ્ઞેશ હિરાણી | ★ શ્રી શોભિત દેસાઈ | ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) | ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ) |

વિશેષ આભારઃ ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત કુમાર મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા ★ શ્રી વિપુલ પારેખ ★ શ્રી વિરલ ચિતલિયા ★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST
MICL LIVE BETTER
Showglitz Events & Entertainment Private Limited
HEM AGARBATTI
MUNJAL
hitech events & exhibition
मा तृभाषा वंदना
NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons.
ARVINDBHAI KHATRI SONS
BRIGHT OUTDOOR MEDIA LIMITED
Neela Film Productions
NATUREPURE Wellness Pvt. Ltd.
WellPure | Keshasvi
APAR ADVERTISERS PRIVATE LIMITED
SURBHI GROUP Redefining Urban Lifestyle
Contact - +91 98218 85998/
SILVER BUILDING LANDMARKS SINCE 1986

# ઑરેન્જ ગેટ-મરીન ડ્રાઈવ ટ્વિન અંડર ગ્રાઉન્ડ ટનલ: ૭૦ મીટરનું ખોદકામ પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભારતના સૌથી જટિલ રોડ ટનલ પ્રોજેક્ટમાં આવતા ઑરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ ટનલ રોડ પ્રોજેક્ટે વધુ એક ઐતિહાસિક તબક્કો પાર કર્યો હોઈ હવે પ્રોજેક્ટમાં મુખ્ય ટનલિંગ ડ્રાઈવના કામની શરૂઆત થઈ છે. મુંબઈના અંડરગ્રાઉન્ડ પરિવહન વ્યવસ્થા માટે એક મહત્ત્વનો રૂટ ગણાય છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)ની ઑરેન્જ ગેટ-મરીન ડ્રાઈવન ટ્વિન અંડરગ્રાઉન્ડ ટનલ પ્રોજેક્ટમાં ‘માવળા’ ટનલ બોરિંગ મશીનને ડિસેમ્બર ૨૦૨૫માં જમીનની અંદર ઉતાર્યું હતું. આ ટીબીએમએ અત્યાર સુધી ૭૦મીટરનું ખોદકામ પૂર્ણ કર્યું છે. ટીબીએમ સંપૂર્ણપણે જમીનની નીચે ખોદકામ પૂરું કરીને સવાથી દોઢ વર્ષમાં જમીનથી બહાર આવે એવી શક્યતા છે.



ઈસ્ટર્ન ફ્રીવેથી ડાયરેક્ટ મરીન ડ્રાઈવ ઝડપથી પહોંચી શકાય તે માટે એમએમઆરડીએ ઑરેન્જ ગેટથી-મરીન ડ્રાઈવ સુધી ટ્વિન ટનલ પ્રોજેક્ટ હાથમાં લીધો છે. ૯.૨ કિલોમીટર લંબાઈની આ ટ્વિન ટનલના કામ માટે ૯,૧૫૮ કરોડ રૂપિયાનો ખર્ચ અપેક્ષિત છે. આ પ્રોજેક્ટનો કૉન્ટ્રેક્ટ એલ ઍન્ડ ટી કંપનીને આપવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ઑરેન્જ ગેટથી લૉન્ચિંગ શાફ્ટ તૈયાર કરવામાં આવ્યો હોઈ આ લૉન્ચિંગ શાફ્ટમાંથી બે ટીબીએમ જમીનની નીચે ઊતારીને ટનલ બનાવવામાં આવવાની છે. ટીબીએમને ત્રણ ડિસેમ્બર, ૨૦૨૫ના નીચે ઉતાર્યા બાદ તેણે કામ શરૂ કરી દીધું હતું.

અંડરગ્રાઉન્ડમાં ટનલ બનાવવા માટે ૨૬ માર્ચ, ૨૦૨૬ સુધીમાં માવળા ટીબીએમએ ૭૦ મીટર સુધીનું ખોદકામ પૂર્ણ કર્યું હોવાનું એમએમ-આરડીએ દ્વારા જણાવવામાં આવ્યું હતું. થોડા દિવસોમાં જ ૩,૭૨૦માંથી ૭૦ મીટર ખોદકામ પૂર્ણ કરીને માવળા આગળ વધી રહ્યું છે. ખોદકામ પૂરું કરીને તેને બહાર આવતા સવાથી દોઢ વર્ષનો સમય લાગવાની શક્યતા છે.

ઑરેન્જ ગેટ લૉન્ચિંગ શાફ્ટમાંથી એક ટીબીએમ મશીનથી જમીનની નીચે ખોદકામ શરૂ છે અને હવે બીજી દિશામાંથી ખોદકામ કરવા માટે જર્મનીથી ટીબીએમ લાવવામાં આવવાનું હોઈ બહુ જલદી તે મુંબઈમાં દાખલ થવાનું છે. તેના હિસ્સા આવ્યા બાદ તેનું જોડાણ કરીને તેને પણ જમીનની નીચે ઉતારવામાં આવશે.

આ પ્રોજેક્ટ પૂરો થયા બાદ ઑરેન્જ ગેટથી મરીન ડ્રાઈવ દરમ્યાનનો પ્રવાસ ફક્ત પાંચ મિનિટમાં પાર કરી શકાશે. તેમ જ તેને કોસ્ટલ રોડ અને અટલ સેતુ સાથે પણ સીધો જોડવામાં આવવાનો છે, તેને કારણે ટ્રાફિકની સમસ્યાથી છુટકારો મળવાની સાથે જ ઈંધણની પણ બચત થશે અને પ્રદૂષણમાં ઘટાડો થવામાં મદદ મળશે.■

# મુંબઈ ફરી તપ્યું: તાપમાનનો પારો ૩૭.૧ ડિગ્રીએ પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈગરા માટે માર્ચ મહિનો આકરો રહ્યો છે. ચારમાંથી ત્રણ અઠવાડિયામાં મુંબઈમાં હીટ વેવની ચેતવણી આપવામાં આવી હતી, જેમાં તાપમાનમાં તીવ્ર અને સતત વધારો જોવા મળ્યો હતો. છેલ્લા ત્રણ દિવસથી ફરી ગરમી અને આકરો તકડાનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે શુક્રવારે સાંતાક્રુઝમાં ૩૭.૧ ડિગ્રી જેટલું ઊંચુ તાપમાન નોંધાયું હતું.

એક તરફ રાજ્યના અનેક જિલ્લામાં કમોસમી વરસાદ અને માવઠાનો કેર વર્તાઈ રહ્યો છે ત્યારે મુંબઈમાં વાતાવરણમાં સતત પલટો આવી રહ્યો છે. માર્ચના ત્રણ અઠવાડિયા દરમ્યાન હીટ વેવની અસર હેઠળ ઊંચા તાપમાન નોંધાયા હતા. એ બાદ ગયા અઠવાડિયાની શરૂઆતમાં તાપમાનમાં હળવો ઘટાડો થયા બાદ ફરી એક વખત વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ફરી મુંબઈગરાએ અસહ્ય ગરમીનો અનુભવ કર્યો હતો. મુંબઈમાં ગુરુવારે ૩૫ ડિગ્રીની આસપાસ તાપમાન નોંધાયા બાદ શુક્રવારે પારો હજી ઉપર ગયો હતો. દિવસ દરમ્યાન કોલાબામાં મહત્તમ તાપમાન ૩૪.૧ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૦ ડિગ્રી નોંધાયું હતું. તો સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૭.૧ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૭ ડિગ્રી નોંધાયું હતું.

મુંબઈમાં આ વખતે અત્યાર સુધી ચાર વખત ગરમીનું મોજું ફરી વળ્યું છે, જેમાં પહેલી વખત પાંચ માર્ચના હીટવેવની ચેતવણી હતી. મુંબઈ, થાણે અને પાલઘરમાં પાંચ માર્ચ માટે હીટવેવની ચેતવણી હતી અને શહેરનું વર્ષનું સૌથી ઊંચુ મહત્તમ તાપમાન ૩૮.૯ ડિગ્રી નોંદાયું હતું. સતત બે દિવસ સુધી તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસ કે તેનાથી વધુ નોંધાય તો હીટવેવ જાહેર કરવામાં આવે છે. ચાર માર્ચના શહેરમાં દિવસનું તાપમાન ૩૮.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. પાંચ માર્ચે તાપમાન સામાન્ય કરતા ૫.૯ ડિગ્રી સેલ્સિયસ વધુ હતું. ■

## રાજ્યમાં ગરમી સાથે કમોસમી વરસાદ

એક તરફ મુંબઈ, થાણે અને પાલઘર જિલ્લામાં માર્ચ મહિનામાં સતત ઊંચુ તાપમાન નોંધાઈ રહ્યું છે ત્યારે બીજી એક તરફ રાજ્યના અનેક જિલ્લામાં કમોસમી વરસાદ અને માવઠાનો કેર વર્તાઈ રહ્યો છે. રાજ્યના હિલ સ્ટેશન ગણાતા મહાબળેશ્વરમાં મુશળધાર વરસાદ પડયો હતો. રસ્તા પર પાણી ભરાઈ ગયા હતા. સોલાપુરમાં પણ ભારે વરસાદ પડવાની સાથે જ પાકને પણ મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું. વિદર્ભના મોટાભાગના જિલ્લામાં આકરો ઉનાળાની સાથે જ કમોસમી વરસાદ પણ પડી રહ્યો છે મોટાભાગના જિલ્લામાં તાપમાનનો પારો ૩૯ થી ૪૧ ડિગ્રી જેટલો ઊંચો નોંધાઈ રહ્યો છે. શુક્રવારે સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન નાગપૂરમાં ૪૦.૬ ડિગ્રી નોંધાયું હતું. ગરમી અને કમોસમી વરસાદ, માવઠાને કારણે રાજ્યમાં ખેતીના પાકને પણ મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ મધ્ય મહારાષ્ટ્ર, વિદર્ભ અને મરાઠવાડાના અમુક જિલ્લામાં કમમોસમી વરસાદનો કહેર ચાલુ રહેવાની ચેતવણી આપી છે. રાજ્યમાં પડી રહેલા કમોસમી વરસાદને કારણે કેળા, દ્રાક્ષ, દાડમ અને કાંદાના પાકને મોટો ફટકો પડ્યો છે. કોંકણમાં પણ પડેલા કમોસમી વરસાદને પગલે કેરીની સાથે કાજુના બાગને નુકસાન થયું છે.

## હજી પાંચ દિવસ વરસાદની ચેતવણી

હવામાન નિષ્ણાતના જણાવ્યા મુજબ અફઘાનિસ્તાન, પાકિસ્તાન ઉત્તરાખંડ તરફથી આગળ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ દક્ષિણ તરફ સરકી રહી છે. ઈંડો સાયક્લોનિક સર્ક્યુલેશન પણ તેની પાછળ તૈયાર થઈ રહ્યું છે. જે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન તરફથી ભારત તરફ સરકી રહ્યું છે. તેની અસર ઉત્તર ભારતને થવાની છે. આ પવનો દક્ષિણ તરફ આગળ સરકી રહ્યા હોઈ તેના પરિણામે આગામી પાંચ દિવસ મહારાષ્ટ્રના વિદર્ભ, મરાઠવાડા અને મધ્ય મહારાષ્ટ્રમાં વરસાદ પડવાનો છે.

## રાજકારણમાં મોટો ભૂકંપ?

# શરદ પવારના અડધા સાંસદો શિંદેના સંપર્કમાં

મુંબઈ : રાજ્યના રાજકારણમાંથી એક મોટા સમાચાર બહાર આવ્યા છે. સૂત્રોએ માહિતી આપી છે કે શરદ પવારની એનસીપીના ૪ સાંસદો એકનાથ શિંદેના સંપર્કમાં છે. સૂત્રોએ એવી પણ માહિતી આપી છે કે આ સાંસદો શિવસેનામાં જોડાશે. જો આવું થાય છે તો તે શરદ પવાર માટે મોટો આંચકો હશે. આ સમાચારથી રાજકારણમાં ફરી એકવાર મોટો ભૂકંપ આવવાની શક્યતા છે.

સૂત્રો દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર એવું બહાર આવ્યું છે કે શરદ પવારની એનસીપીના ચાર સાંસદો એકનાથ શિંદેના સંપર્કમાં છે. એવું પણ બહાર આવ્યું છે કે આ સાંસદો મરાઠવાડા અને વિદર્ભના છે. તે જ સમયે, એવું પણ જાણવા મળ્યું છે કે આ સાંસદો ટૂંક સમયમાં એકનાથ શિંદેની શિવસેનામાં જોડાશે. શરદ પવારની પાર્ટીએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં આઠ બેઠકો જીતી હતી, આમાંથી ચાર સાંસદો હવે એકનાથ શિંદેના સંપર્કમાં હોવાનું કહેવાય છે. તેથી આગામી દિવસોમાં શરદ પવારને મોટો આંચકો લાગવાની શક્યતા છે.

છેલ્લાં કેટલાક વર્ષોમાં રાજ્યના રાજકારણમાં મોટા ભૂકંપ આવ્યા છે. શરૂઆતમાં, એકનાથ શિંદેએ બળવો કરીને શિવસેના છોડવાનો નિર્ણય લીધો હતો. તે સમયે ઉદ્ધવ ઠાકરેને મોટો આંચકો લાગ્યો હતો, જેના કારણે મહાવિકાસ આઘાડી સરકાર પડી ગઈ હતી. તે પછી એકનાથ શિંદેએ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા. ત્યારથી એકનાથ શિંદેની પાર્ટીમાં મોટી સંખ્યામાં ઇનકમિંગ ચાલી રહ્યા છે, હવે એકનાથ શિંદેની પાર્ટીમાં ચાર વધુ સાંસદો જોડાય તેવી શક્યતા છે.

શિવસેનામાં ભાગલા પડ્યા પછી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં પણ ભાગલા પડ્યા હતા. અજિત પવાર ઘણા વિધાનસભ્યો સાથે સરકારમાં જોડાયા હતા. તે સમયે શરદ પવારને મોટો આંચકો લાગ્યો હતો. ■

### વેંત છેટું મોત

# બોરીવલીમાં ટીસીની સતર્કતાએ પ્રવાસીનો જીવ બચાવ્યો

મુંબઈ: રેલવે તરફથી વારંવાર લોકોને ટ્રેનમાં મુસાફરી કરતી વખતે, દરવાજા પર ઊભા ન રહેવા, ચાલતી ટ્રેનમાં ન ચઢવા-ઉતરવાની વિનંતી કરવામાં આવે છે, પરંતુ કેટલાક મુસાફરો પોતાના જીવના જોખમે, ન કરવાનું કરતા હોય છે. શનિવારે મુંબઈના બોરીવલી રેલવે સ્ટેશન પર આવી જ એક ઘટના બની હતી. એક મુસાફરે ચાલતી ટ્રેનમાંથી ઉતરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેનું સંતુલન ન રહેતા તે નીચે પડવાનો હતો. ટ્રેનની અડફેટે આવી ગયેલા આ વ્યક્તિનો બચાવ સ્ટેશન પર ઉભેલા એક ટીસીએ કર્યો હતો. આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.આ ઘટના ૨૨ માર્ચ, ૨૦૨૬ ના રોજ મુંબઈના બોરીવલી રેલવે સ્ટેશન પર બની હતી. રેલવે કર્મચારીની સતર્કતાએ એક મુસાફરનો જીવ બચાવ્યો. ચાલતી યુવા એક્સપ્રેસમાંથી ઉતરવાનો પ્રયાસ કરી રહેલા એક મુસાફરને બોરીવલી સ્ટેશન પર ટીસીએ બહાદુરીથી બચાવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર યુવા એક્સપ્રેસ બોરીવલી સ્ટેશન પર ઉભી રહેતી નથી તેથી એક મુસાફર ચાલતી ટ્રેનમાંથી ઉતરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ સમયે તેણે પોતાનું સંતુલન ગુમાવ્યું અને પ્લેટફોર્મ અને ટ્રેન વચ્ચે ફસાઈ જવાની શક્યતા હતી. આ જોઈને ત્યાં હાજર ટીસી તાત્કાલિક મુસાફરને બચાવવા દોડી ગયા અને તેને સુરક્ષિત રીતે પ્લેટફોર્મ પર ખેંચી લીધો. ટીસીના તાત્કાલિક પગલાંથી મોટો અકસ્માત ટળી ગયો અને સ્ટેશન પર હાજર મુસાફરોએ પણ તેની હિંમતની પ્રશંસા કરી. રેલવે કર્મચારીની સતર્કતાની પ્રશંસા કરી છે. રેલવેએ મુસાફરોને ચાલતી ટ્રેનમાંથી ઉતરવાનો પ્રયાસ ન કરવા પણ અપીલ કરી છે. ■

# ‘ગર્ભાવસ્થામાં નોકરી છોડવાની સલાહ આપવી એ ક્રૂરતા નથી’

## ફરિયાદી મહિલાના પતિ અને સાસુ સહિત પાંચને રાહત આપતી કોર્ટ

મુંબઈ: ગર્ભાવસ્થા દરમિયાન પુત્રવધૂને નોકરી છોડવાની સલાહ આપવી તેને ક્રૂરતા કહી શકાય નહીં, તેવો મહત્વપૂર્ણ નિર્ણય મુલુંડ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટે આપ્યો હતો. આ સાથે જ કોર્ટે ફરિયાદ કરનાર મહિલાના પતિ અને સાસુ સહિત પાંચ લોકોને ક્રૂરતાના આરોપમાંથી નિર્દોષ મુક્ત કર્યા હતા.

આ કેસમાં સાસુએ પુત્રવધૂને ગર્ભાવસ્થા દરમિયાન મુસાફરી ટાળવા માટે નોકરી છોડવાની સલાહ આપી હતી. આ સલાહમાં જબરદસ્તી કે દબાણનો કોઈ હેતુ જણાતો નથી. તેથી આ સલાહ ‘ક્રૂરતા’ની વ્યાખ્યામાં આવતી નથી, તેમ મુલુંડ કોર્ટના મેજિસ્ટ્રેટ એન. જી. વ્યાસે ઉપરોક્ત ચુકાદો આપતી વખતે નોંધ્યું હતું. આ સાથે જ પુત્રીના જન્મ પછી પુત્રવધૂને નોકરી કરતા અટકાવી હોય તેવા કોઈ પણ નક્કર પુરાવા પ્રાથમિક તપાસ અહેવાલમાં મળી આવ્યા નથી, તેમ પણ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું.

દંપતીના લગ્ન મે ૨૦૧૦માં થયા હતા. પારિવારિક વિવાદ અને કથિત ગેરવર્તણૂકથી પરેશાન હોવાનો આરોપ લગાવીને ફરિયાદ કરનારે ૨૦૧૫માં પતિ, સાસુ અને અન્ય સંબંધીઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તેણે પતિ પર મારપીટ અને ગાળાગાળી કરવાનો આરોપ લગાવ્યો હતો, તેમજ સંબંધીઓએ ઝઘડા માટે ઉશ્કેરણી કરી હોવાનું પણ જણાવ્યું હતું. આ ફરિયાદના આધારે પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૪ અને ૪૯૮-એ એટલે કે ક્રૂરતાના આરોપ હેઠળ ગુનો નોંધ્યો હતો.

જોકે ફરિયાદ કરનારની જુબાનીમાં અનેક ખામીઓ જોવા મળી હતી અને ક્રૂરતાના આરોપો શંકાથી પર સાબિત થયા નથી, તેવું નિરીક્ષણ કોર્ટે નોંધ્યું હતું. તેવી જ રીતે દરેક પરિવારમાં નાના-મોટા વાદ-વિવાદ થઈ શકે છે, પરંતુ દરેક વિવાદને ક્રૂરતા કહી શકાય નહીં, તેમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું અને તમામ આરોપીઓને ક્રૂરતાના આરોપોમાંથી નિર્દોષ મુક્ત કર્યા હતા.■

---

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પરાંત | મળસકું |
| પરાઈ | સૂકું ઘાસ |
| પરાળ | સિલક |
| પરોઢ | અપ્રત્યક્ષ |
| પરોક્ષ | પારકી |

## જાણવા જેવું

ભારતીય ક્રિકેટ ટીમ તેની સર્વપ્રથમ ટેસ્ટ મેચ ૧૯૩૨માં રમી હતી. વિશ્વવિખ્યાત લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલી ટેસ્ટમાં ભારતીય ટીમનો ૧૫૮ રનથી પરાજય થયો હતો. આપણા કેપ્ટન હતા ‘કર્નલ’ સી. કે. નાયડુ જ્યારે ઈંગ્લેન્ડના કેપ્ટન હતા ડગ્લસ જાર્ડિન. ભારતીય ફાસ્ટ બોલર નિસારએ પાંચ વિકેટ લીધી હતી.

## ગુજરાત મોરી મોરી રે

ભારતીય રંગભૂમિના ઈતિહાસમાં ચીલો ચાતરનારા ગુજરાતી સહિત વિવિધ ભાષામાં ભજવાયેલા બાદલ સરકારના નાટકનું નામ જણાવો.

અ) પ્રલાપ
બ) એવમ ઈંદ્રજિત
ક) બાકી ઈતિહાસ
ડ) પગલા ઘોડા

## નોંધી રાખો

કવિતાની બે ચાર પંક્તિઓ ક્યારેક ઉખાણા રૂપે આવે છે તો ક્યારેક બહુ મોટો બોધ આપી જીવન દર્શન કરાવી જાય છે.

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | ■ | ૮ | | ■ | | ■ | |
| | ■ | ૯ | | | ■ | ૧૦ | | | |
| ■ | ૧૧ | ■ | ■ | | ■ | | ■ | ■ | |
| ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ | ■ | ૧૫ | ૧૬ | ■ |
| ■ | ૧૭ | | ■ | ૧૮ | | | ■ | ૧૯ | |
| ૨૦ | ■ | ■ | ૨૧ | ■ | | ■ | ■ | | ■ |
| ૨૨ | | ૨૩ | | ■ | ૨૪ | | ૨૫ | ■ | ૨૬ |
| | ■ | | ■ | ૨૭ | | ■ | ૨૮ | ૨૯ | |
| ૩૦ | | | | ■ | ■ | ૩૧ | | | |

### આડી ચાવી

૧ શ્રીકૃષ્ણના પિતા (૪)
૪ હીરા, મોતી વગેરેના જડાવ દાગીના (૪)
૭ નિર્દય, કઠોર (૩)
૮ છોકરો (૨)
૯ ડીંટું (૩)
૧૦ ધારણા, ઇરાદો (૪)
૧૨ જે સદાય અમર છે (૨)
૧૩ સંખ્યા (૩)
૧૫ લગ્ન (૨)
૧૭ લગામ (૨)
૧૮ ગૂંગળામણ (૩)
૧૯ હવા, પવન (૨)
૨૨ મરણયાત્રા (પારસીઓમાં) (૪)
૨૪ રૂઢિ, ધારો (૩)
૨૭ છાંયડે (૨)
૨૮ શહેર (૩)
30 મળતર, પ્રાપ્તિ (૪)
૩૧ ઇશ્વરકૃપા, સદ્ભાગ્ય (૪)

### ઊભી ચાવી

૧ સ્ત્રી (૩)
૨ સારી રીતે, ઉત્તમ રીતે (૨)
૩ નાનું મંદિર, દેરું (૩)
૫ ઉજ્જડ (૩)
૬ તદ્દન પલળી ગયેલું (૪)
૮ બાળકો, સંતાન (૫)
૧૦ તોફાન (૨)
૧૧ સમજદાર કો ---- કાફી હૈ (૩)
૧૪ અધવચ, દરિયાની વચોવચ (૫)
૧૬ ગાંડું (૩)
૨૦ અપંગ, પાંગળું (૪)
૨૧ ત્રાસી ગયેલું, ડરેલું (૨)
૨૩ ખડિયો (૩)
૨૫ માતા (૩)
૨૬ આશ્ચર્ય, નવાઇ (૩)
૨૯ દુ:ખ, સંતાપ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મોં | ૨ સૂ | ઝ | મું | ■ | ૩ જુ | ■ | ૪ શે | ઠ | ■ |
| ૫ ધ | ડી | ■ | ■ | ૬ ઉ | હા | ૭ પો | હ | ■ | ૮ મા |
| વા | ■ | ૯ તાં | ■ | ૧૦ પ | ર | ત | ■ | ૧૧ વ | લ |
| રી | ■ | ડ | ■ | વ | ■ | ■ | ૧૨ કુ | શુ | મ |
| ■ | ૧૩ સા | વ | ૧૪ ધા | ન | ■ | ૧૫ જ | પ | ■ | ત્તા |
| ૧૬ વિ | ■ | ૧૭ નૃ | પ | ■ | ૧૮ મ | તિ | મં | દ | ■ |
| ૧૯ સા | ૨૦ ત | ત્ય | ■ | ■ | હા | ■ | દૂ | ■ | ૨૧ અ |
| ૨૨ ર | જ | ■ | ૨૩ પ | ૨૪ ર | વ | ■ | ક | ■ | જ |
| વું | ■ | ૨૫ પ | લ | કા | રો | ■ | ■ | ૨૬ ખ | ગ |
| ■ | ૨૭ હા | થ | ■ | સ | ■ | ૨૮ સ | માં | ત | ર |

## ઓળખાણ પડી?

ક્રિકેટ સ્પર્ધાની વિવિધ સ્પર્ધામાં કાઠું કાઢી રહેલી અફઘાનિસ્તાનની ટીમના હોનહાર ખેલાડી અને ટીમના કેપ્ટનને ઓળખ્યો?



અ) રેહેમતુલ્લા ગુરબાઝ
બ) અઝમતુલ્લા ઉમરઝાઈ
ક) ઈબ્રાહીમ ઝદરાન
ડ) રાશિદ ખાન

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

કાચા હોય ત્યારે લીલા રંગના અને પાકી જાય એટલે પીળા દેખાતા પૌષ્ટિક ફળનું નામ જણાવો. એના પર ચીકુની કલમ ચડાવાય છે.

અ) રાયણ  બ) જરદાળુ  ક) ખારેક  ડ) કરવંદા

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૧૦૨, ૧૨૨, ૧૫૦, ૧૮૬ .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૧૮૬ પછી કઈ સંખ્યા આવે?

અ) ૨૦૨  બ) ૨૩૦  ક) ૨૫૦  ડ) ૨૭૬

## સુડોકુ-૯૨૫૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | | | ૫ | ૧ | | | |
| | | | ૮ | | ૩ | | | ૧ |
| | ૧ | | | | | ૬ | | |
| | | ૭ | | ૬ | | ૩ | ૪ | ૨ |
| ૬ | | | | | | | | ૭ |
| ૧ | ૩ | ૨ | | ૭ | | ૮ | | |
| | | ૫ | | | | | ૨ | |
| ૨ | | | ૩ | | ૬ | | | |
| | | | ૨ | ૧ | | | ૬ | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૫૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૮ | ૭ | ૯ | ૧ | ૪ | ૩ | ૬ |
| ૯ | ૭ | ૩ | ૪ | ૨ | ૬ | ૫ | ૮ | ૧ |
| ૧ | ૬ | ૪ | ૫ | ૩ | ૮ | ૨ | ૯ | ૭ |
| ૩ | ૮ | ૯ | ૧ | ૫ | ૨ | ૬ | ૭ | ૪ |
| ૬ | ૪ | ૧ | ૩ | ૭ | ૯ | ૮ | ૨ | ૫ |
| ૭ | ૨ | ૫ | ૬ | ૮ | ૪ | ૩ | ૧ | ૯ |
| ૮ | ૧ | ૨ | ૯ | ૪ | ૫ | ૭ | ૬ | ૩ |
| ૪ | ૯ | ૭ | ૨ | ૬ | ૩ | ૧ | ૫ | ૮ |
| ૫ | ૩ | ૬ | ૮ | ૧ | ૭ | ૯ | ૪ | ૨ |

## ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પરિમિત | મર્યાદિત |
| પરિવર્તન | ફેરફાર |
| પરિશ્રમ | મહેનત |
| પરિહાસ | મશ્કરી |
| પરિષદ | સભા |

ગુજરાત મોરી મોરી રે:
રણછોડભાઈ દવે

ઓળખાણ પડી?
સંજુ સેમસન

માઈન્ડ ગેમ :
૨૪૩

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
Burmese Grape

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) ખુશરૂ કાપડિયા (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) ભારતી બુચ (૧૩) લજિતા ખોના (૧૪) પ્રવીણ વોરા (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) હર્ષા મહેતા (૧૯) મીનળ કાપડિયા (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) નિખિલ બંગાળી (૨૨) અમીશી બંગાળી (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) જયવંત પદમશી ચિખલ (૨૭) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૮) વિણા સંપટ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) ભાવના કર્વે (૩૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૨) અરવિંદ કામદાર (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિના દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) અલકા વાણી (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) ડાયના સંતોકે (૪૧) વિજય આસર (૪૨) ડો. પ્રકાશ કટકિયા (૪૩) મહેશ દોશી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) કમલ માતલિયા (૪૬) મહેશ સંઘવી (૪૭) હિંમત પુરુષોત્તમ ખોલીયા (૪૮) હરીશ મનુભાઈ ભટ્ટ (૪૯) નિતીન જયંતીલાલ બજરિયા

# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
સાશા
feedback@bombaysamachar.com

## ખેલ જગતમાં નવી મહાસત્તા બનવાની ભારતમાં તાકાત છે

**ભારત ક્રિકેટનું મક્કા તો બની જ ગયું છે, અન્ય ઘણી રમતોમાં પણ આપણે દુનિયાને નવા નવા ચૅમ્પિયનો આપી રહ્યા છીએ. મંઝિલ દૂર છે, પણ લક્ષ્ય મેળવવું સંભવ છે**


ભારતે ૨૦૨૪માં ટી-૨૦ વર્લ્ડ કપનો બીજો તાજ જીતી લીધો હતો. હવે ૨૦૨૬માં ભારત વિક્રમજનક ત્રીજી વખત વિશ્વવિજેતા બન્યું.


નીરજ ચોપડા ભાલાફેંકમાં ઑલિમ્પિક ચૅમ્પિયન બનવા ઉપરાંત વર્લ્ડ ચૅમ્પિયન પણ બની ચૂક્યો છે.

ભારત શું રમતગમતની દુનિયાની નવી મહાસત્તા બનશે? આ સવાલ માત્ર કલ્પના પર આધારિત નથી, પણ નક્કર સંકેતો પરથી પૂછવામાં આવી રહ્યું છે અને આ મુદ્દો ચર્ચાનો વિષય પણ બની ગયો છે. ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના ચૅરમૅન જય શાહે તાજેતરમાં એક નિવેદનમાં બહુ સરસ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું, ‘ક્રિકેટમાં ભારત ઘણા દાયકાઓથી મહાશક્તિ છે જ અને હવે ૨૦૩૬ સુધીમાં ભારતે ખેલકૂદમાં વૈશ્વિક સ્તરે અનેક જવાબદારીઓમાંથી પસાર થવાનું છે.’

તેમના આ નિવેદનને પગલે ઘણા મંચો પર ભારતીય રમતગમતની શક્તિ બાબતમાં ચર્ચાઓ થઈ છે. બીજી રીતે કહીએ તો જય શાહનું નિવેદન માત્ર ક્રિકેટ જગત સુધી સીમિત નથી. મર્યાદિત હોય પણ શું કામ! ભારત હાલમાં વિશ્વના ટોચના પાંચ અર્થતંત્રમાં ગણાય છે એટલે ખેલકૂદમાં પણ ભારત પાસે મોટી અપેક્ષાઓ રખાય એ સ્વાભાવિક છે. ૨૦૩૦માં ભારતમાં (અમદાવાદમાં) કૉમનવેલ્થ ગેમ્સ યોજાવાની છે અને ૨૦૩૬માં ઑલિમ્પિક ગેમ્સનું આયોજન થવાની પણ સંભાવના છે. આપણા ખેલાડીઓ અને ઍથ્લીટોએ તાજેતરમાં જ વિભિન્ન ખેલ સ્પર્ધાઓમાં પોતાની ધમાકેદાર હાજરી નોંધાવી હતી. ટોક્યો ઑલિમ્પિક્સમાં આપણે સાત ચંદ્રક જીતીને આપણા માટે નવો કીર્તિમાન સ્થાપિત કર્યો હતો. ઍથ્લેટિક્સમાં ઐતિહાસિક ગોલ્ડ મેડલ જીત્યા હતા, જ્યારે બૅડમિન્ટન તેમ જ બૉક્સિંગ, કુસ્તી, ચેસ, તીરંદાજી, કબડ્ડી વગેરેમાં આપણે સતત સારું પ્રદર્શન કરી રહ્યા છીએ.

ભારતમાં લગભગ ૬૫ ટકા પ્રજા યુવાન છે. આપણે લગભગ દરેક મોટી ઇવેન્ટમાં અગાઉ કરતાં સારું પર્ફોર્મ કરી રહ્યા છીએ અને આપણો દેશ સંબંધિત રમતને નવા નવા ચૅમ્પિયન આપી રહ્યો છે. આ બધું ભારતને ખેલજગતમાં મહાશક્તિ બનાવવાની દિશામાં લઈ જાય છે. કેન્દ્ર સરકાર તેમ જ રાજ્ય સરકારો ખેલકૂદ માટેના અંદાજપત્રમાં દર વર્ષે વધારો કરે છે, ખેલો ઇન્ડિયા તેમ જ ટાર્ગેટ ઑલિમ્પિક પૉડિયમ સ્કિમ (ટૉપ્સ) જેવી યોજનાઓ પણ મજબૂત આધારસ્તંભ બની રહી છે.

જો ક્રિકેટની વાત કરીએ તો ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) સમગ્ર ખેલજગત સામે એક એવું મૉડેલ બની ગયું છે જેની તુલના અન્ય ક્રિકેટ લીગ કરી શકે એમ નથી. બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ


આઇસીસી ચૅરમૅન જય શાહનાં નિવેદન ભારતને ક્રિકેટમાં સરતાજ બનવાની સાથોસાથ અન્ય રમતોમાં પણ ચૅમ્પિયન બનવા માટે પ્રેરક બની શકે.

ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના સફળ સંચાલનમાં ૨૦૦૮ની સાલથી આ ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટ ચાલી રહી છે અને આ વખતે તો કમાલ જ થઈ ગઈ. મંગળવારે રાજસ્થાન રૉયલ્સ (આરઆર)નું ફ્રૅન્ચાઇઝી ૧.૬૩ બિલિયન ડૉલર (અંદાજે ૧૫,૨૮૦ કરોડ રૂપિયા)માં વેચાયું હતું તો મોડી રાતે સમાચાર મળ્યા હતા કે રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)ના ફ્રૅન્ચાઇઝીને આરઆરથી વધુ એટલે કે ૧.૭૮ બિલિયન ડૉલર (આશરે ૧૬,૭૩૮ કરોડ રૂપિયા)ના વિક્રમજનક ભાવે ખરીદી લેવામાં આવ્યું છે. આરઆરના ફ્રૅન્ચાઇઝીને અમેરિકાના બિઝનેસમૅન કાલ સોમાણીએ ખરીદ્યું છે, જ્યારે આરસીબીની માલિકી હવેથી સંયુક્ત રીતે આદિત્ય બિરલા ગ્રૂપ, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા ગ્રૂપ, ડેવિડ બ્લિટ્ઝર તથા બ્લૅકસ્ટોનના હાથમાં રહેશે. આ બન્ને ફ્રૅન્ચાઇઝી કુલ મળીને ૩૧,૮૦૦ કરોડ રૂપિયામાં વેચાયા અને બીસીસીઆઇને કહેવાય છે કે ૧,૫૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થશે. આઇપીએલની સમગ્ર ખેલજગતમાં બોલબાલા છે અને લોકપ્રિયતા હજી પણ વધશે એ જોતાં ભારત આવનારાં વર્ષોમાં રમતગમતમાં મહાશક્તિની દિશામાં પૂરપાટ જઈ રહેલું જોવા મળશે તો નવાઈ નહીં લાગે.

મોટી સ્પર્ધાઓમાં જીતવામાં આવતા ચંદ્રકો, તળિયાના સ્તરેથી ઍથ્લીટો તથા ખેલાડીઓને તાલીમ આપવા માટેની માળખાકીય સગવડો તેમ જ ખેલ સંસ્કૃતિની બાબતમાં ભારત હજી અમેરિકા, રશિયા, ચીન, ઑસ્ટ્રેલિયા, જાપાન, દક્ષિણ કોરિયા વગેરે દેશોથી ઘણું પાછળ છે, પરંતુ આપણે ત્યાં જે ગતિએ નીતિ-આધારિત સુધારો થઈ રહ્યો છે, ખેલકૂદમાં સરકારના તેમ જ કંપનીઓનાં રોકાણો થઈ રહ્યા છે, ખેલાડીઓનો આત્મવિશ્વાસ વધી રહ્યો છે એવાં બધાં કારણો સકારાત્મક સંદેશ આપે છે કે ભારત હવે રમતગમતમાં સંભાવનાના તબક્કામાંથી નીકળીને મોટી મોટી દાવેદારી કરવાના યુગમાં પ્રવેશી ચૂક્યું છે. ટેસ્ટ ક્રિકેટમાં ભારત ભલે ચોથા નંબરે છે, પરંતુ ટી-૨૦ અને વન-ડે ફૉર્મેટમાં ઘણા મહિનાઓથી નંબર-વન છે અને કોઈ ભારતને હટાવી નથી શકતું. ટી-૨૦માં ત્રણ વર્લ્ડ કપ જીતવાનો વિશ્વવિક્રમ ભારતે થોડા દિવસ પહેલાં જ રચ્યો છે. દર વર્ષે માર્ચ-મે વચ્ચેના કુલ બે મહિના માટે વિશ્વભરમાં ક્રિકેટ ટૂર્નામેન્ટો મોટા ભાગે થંભી જાય છે અને આઇપીએલ પર સૌનું ધ્યાન રહે છે. આ બધુ જોતાં ભારત ક્રિકેટનું મક્કા બની ગયું છે.

જોકે ક્રિકેટને બાજુ પર રાખીએ તો અન્ય રમતોમાં હજી સામાજિક તથા શૈક્ષણિક સ્તરે મર્યાદિત સમર્થન મળ્યું છે. સ્કૂલ-કૉલેજોમાં રમતગમતની બાબતમાં માળખું હજી જોઈએ એવું મજબૂત નથી દેખાતું. ભારતના લશ્કરી તથા સંરક્ષણ વિભાગના અન્ય ક્ષેત્રમાંથી નીરજ ચોપડા જેવા ઘણા રમતવીરો ખેલકૂદમાં વિશ્વસ્તરે ચમકતા જોવા મળે છે, પણ અન્ય ક્ષેત્રમાંથી જોઈએ એટલા મજબૂત દાવેદારો નથી મળી રહ્યા. ભારતમાં હજી પણ ખેલકૂદમાં ગ્રાસ રૂટની સિસ્ટમ ઘણી નબળી છે.

અન્ય મોટા મોટા દેશોમાં રમતગમતને શારીરિક કૌશલ્ય ઉપરાંત વૈજ્ઞાનિક પ્રશિક્ષણ તથા ઇન્ફ્રાસ્ટ્રક્ચરની દેન માનવામાં આવે છે. સ્પોર્ટ્સ સાયન્સ, ડેટા ઍનાલિટિક્સ, માનસિક કોચિંગ (મનોબળ મજબૂત કરવા માટેની તાલીમ) આ બધાને વિકસિત દેશોમાં મજબૂત આધાર ગણવામાં આવે છે, જ્યારે ભારતમાં એનો પાયો હજી ઘણો નબળો છે. આઇસીસી અધ્યક્ષ જય શાહના નિવેદનને માત્ર ઘોષણા તરીકે ગણવાને બદલે લક્ષ્ય તરીકે ગણીશું તો દેશના ખેલકૂદ ક્ષેત્રને ઘણો ફાયદો થશે. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## પુલપિટ રોક


### ખડકાળ લાંબી હાઇક પર ખરો નોર્વેજિયન અનુભવ...





જ્યારથી નોર્વે આવેલાં, કોઈ ને કોઈ રીતે ભારતીય ભોજન અને મિત્રો વચ્ચે ખાસ પ્રયત્નપૂર્વક કોઈ નોર્વેજિયન અનુભવ કરવા નહોતો મળ્યો. એવામાં સ્ટાવાન્ગર છોડવાનું આવ્યું તે સવારે નક્કી કરી લીધું કે હવે સ્થાનિક જ જમીશું, અને સ્થાનિક માહોલમાં સ્થાનિક અનુભવો જ કરીશું. તે આખો દિવસ અમારે સ્ટાવાન્ગરથી નોર્થ જતો રસ્તો પકડીને એક મોટી હાઇક કરવાની હતી. નોર્વેમાં ટ્રોલ ટુન્ગા અને પુલપિટ રોક જેવી ઘણી લોકપ્રિય હાઇક્સ છે. આ બધી હાઇકના ખાલી છેલ્લા વ્યૂના ફોટા સાથે ઠેરઠેર બ્રોશર જોવા મળતાં હતાં. અમે તો અમારા રૂટનું અંગત બ્રોશર પહેલેથી જ પ્લાન કરીને આવેલાં. સ્ટાવાન્ગરથી નીકળીને પહેલી જ હાઈક પુલપિટ રોક પર કરવાની હતી. તેના માટે પહેલેથી જ એપાર્ટમેન્ટ છોડતા પહેલાં એકદમ હાઇકિંગ અને ટ્રેકિંગ ગીયરમાં સજ્જ થવાનું નક્કી હતું. સાથે પાવર-બાર, ટ્રેઇલ મિક્સ અને બીજું ઘણું બેક-પેકમાં સાથે લેવાની ચર્ચા પણ થઇ હતી. શક્ય હોય એટલો ઓછો સામાન સાથે રાખવાથી માંડીને વરસાદમાં લપસી ન પડાય તે માટેના નુસખાઓની ચર્ચા પણ થઈ.

એવામાં જતા પહેલાં, સ્ટાવાન્ગર છોડતા પહેલાં, એક છેલ્લું નાનકડું શોપિંગ સેવન-ઇલેવનમાં કરી લેવામાં આવે એવું નક્કી થયું.



અમે ત્યાં રોકાયાં. માત્ર હેલ્ધી, સ્મૂધી અને એનર્જી કિક માટે કોફી લેવાની વાત હતી. અને ત્યાં ગરમા-ગરમ સમોસાં દેખાઈ ગયાં. આમાં અમારો કોઈ જ વાંક ન હતો. આ સમોસાં પણ સ્થાનિક જ કહેવાય. અમે માણસ દીઠ બે પેક કરાવ્યાં. હાઇક પહેલાં જરા હેલ્ધી નાસ્તો કરવો એનો આગ્રહ હતો, પણ એકવાર ગરમ સમોસાં હાથમાં આવ્યા પછી કોઈએ જરા પણ શરમ કરી નહીં. ગરમ સમોસાં ખાઈને માણસ ભાગ્યે જ નિરાશ થયો હોય અને તેની એનર્જીમાં તો જરૂર વધારો થયો હોવાની શક્યતા છે. આવું અમે કોઈ રિસર્ચ લેબમાં નહીં, પણ અમારા ડીએનએથી સમજી ચૂક્યાં હતાં કે ઠંડા દેશમાં ગરમ સમોસાં મળે તો હાઇક પહેલાં ન ખાવાં જોઈએ એવું કહેનાર માણસ પર બાકીનું ગ્રુપ ગુસ્સે થઈ જાય. ન ખાવાં જોઈએ કહેનાર પણ પોતાનું સમોસું છોડવા તો તૈયાર ન હતું. અંતે સમોસા પ્રકરણ પૂરું થયું અને નોર્વેની ટનલો ચાલુ થઈ.


નોર્થ તરફ જવામાં હવે અમે એક પછી એક પર્વતમાળા વટાવતાં જતાં હતાં. નોર્વે આખામાં ૯૦૦થી વધુ ટનલો છે. તેમાં કેટલીક તો ખાસ વીસ-પચીસ કિલોમીટર લાંબી પણ છે. તે સમયે અમારા રસ્તામાં પાંચ-સાત કિલોમીટર લાંબી ટનલ તો આવી જ ગયેલી. નોર્વેની ટનલોનું ખાસ અનોખું કેરેક્ટર હોય તેવું લાગવા માંડેલું. પુલપિટ રોકનું પાર્કિંગ આવ્યું પછી ટનલ ક્યાંય ભુલાઈ ગઈ હતી. આ આખી ટ્રેકમાં પાર્કિંગથી નીકળીને પાછાં આવવામાં સરેરાશ પાંચેક કલાક લાગવાની વાત હતી. અમે માનસિક રીતે તો આ પાંચ કલાકની ટ્રેક માટે તૈયાર હતાં, પણ ત્યાં વરસાદમાં ખરેખર કેવી હાલત થશે તેની કલ્પના પણ નહોતી કરી. હવે નોર્વેમાં વેધર ખરાબ હોય તો હાઇક રૂટ્સ બંધ જ કરી દેવામાં આવે છે. અમે પહોંચ્યાં ત્યારે ઝરમર વરસાદ ચાલુ હતો. આખો દિવસ મધ્યમથી ભારે વરસાદ પડવાની સો ટકા શક્યતા હતી. અમે તડકાની તો અપેક્ષા નહોતી રાખી, પણ સતત ઉપર ચઢાવીને નીચે ઉતારતા રસ્તા પર સતત લસરી પડવાનો આટલો ડર લાગશે એ પણ નહોતું ધાર્યું.

શરૂઆતનો એકાદ કલાક તો વાતો વાતોમાં, માહોલની મજા લેવામાં ક્યાંય વીતી ગયો. તે પછી, ઢાળ અને ચઢાણ સાથે મારી સ્પીડ ઓછી થવા લાગી હતી. એક સમયે તો મેં મારા ગ્રુપને આગળ જવા માટે આશીર્વાદ આપી દીધા હતા. હું શાંતિથી મારી ઝડપે આવીશ. ક્યાંક ખડકો, ક્યાંક કોતરોમાં લોકોના ચાલવાથી ઘસાઈને બની ગયેલાં પગથિયાં, ક્યાંક નાનકડું સરોવર અને ક્યાંક સ્થાનિક પક્ષીઓનો ટાઇમપાસ, બધું મજાનું પણ લાગતું હતું અને હવે ક્યારે અંત નજીક આવશે એ પ્રશ્ન થવા લાગ્યો હતો. આ એવી હાઇક હતી કે તેમાં મન પડે ત્યારે પાછાં જવામાં પણ હવે બે કલાક લાગવાના હતા. આખરે પુલપિટ રોકથી સાવ નજીક પહોંચ્યાં ત્યારે ત્યાંનો વ્યૂ પણ જોવા ન મળ્યો.

સમરનો વરસાદ લોકોને નોર્વેમાં ઘરે રોકી રાખતો નથી. ટૂરિસ્ટ અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ત્યાં આવી પહોંચ્યાં હતાં. કોઈ ચર્ચના પાદરીને લેક્ચર આપવા માટે બનાવેલ હોય તેવું પુલપિટ જેવું કુદરતી સ્ટ્રક્ચર તો કમસેકમ જોવા મળી જ ગયું. ત્યાં થોકબંધ લોકો વાદળોની ચિંતા કર્યા વિના ગ્રુપમાં ફોટા પડાવવા લાઈન લગાવીને ઊભાં હતાં. ત્યાં પહોંચવામાં લાગેલો એફર્ટ અને હજી ત્યાંથી પાછાં જવામાં લાગવાની હિંમત પછી મને ત્યાં એક ફોટો પડાવવાની પણ ઇચ્છા ન થઈ. ફિટનેસ લેવલ અને બેલેન્સ બંને આ હાઇક માટે ખાસ જરૂરી છે. ટેકનિકલી તો પુલપિટ રોકને ઇન્ટરમિડિયેટ લેવલની હાઇક કહેવાય છે, પણ વરસાદમાં ગમે ત્યાં લસરી પડવાની શક્યતા હોય ત્યારે જરા આગળ નીકલી ગયેલો, સપાટ ખડક સારા વેધરમાં સુંદર વ્યૂ માટે સ્ટેજ બની જતો હશે તેની કલ્પના કરવી અઘરી લાગતી હતી.

વળતાં મોટાભાગનો રસ્તો પગથિયાં અને ઢાળ ઊતરીને આવવાનું હતું. તેમાં લસરી પડવાની શક્યતા હજી વધુ થઈ ગઈ હતી. મારા માટે વેધરના કારણે કદાચ આ જિંદગીની સૌથી મુશ્કેલ હાઇક બની ચૂકી હતી. ટોમ ક્રુઝ તેની ‘મિશન ઇમ્પોસિબલ - ફોલઆઉટ’ માટે અહીં સ્ટન્ટથી ભર્યું શૂટિંગ પણ કરી ચૂક્યો છે. તે સમયે તો હું પણ પોતાની લાઇફ સાથે સ્ટન્ટ જ કરી રહી હોય તેવું લાગતું હતું. આ જ આખો અનુભવ જો વરસાદ વિના, ચોખ્ખા અને કોરા દિવસે થયો હોત તો કદાચ પુલપિટ રોકની અલગ જ યાદ બની રહી હોત. જોકે વરસાદ અને અનિશ્ચિત વેધરથી વધુ યોગ્ય નોર્વેજિયન અનુભવ બીજો શું હોઈ શકે? ■

# ફોટોગ્રાફ



## ઈન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

જૂની ઢબછબની બાંધણીવાળી ખડકી. મહેલ કહો તો મોટી લાગે ને હવેલી કહો તો નાની લાગે. ઘર કે મકાન કહો તો રણમલજીને માઠું લાગે. એવી જૂનીપુરાણી છતાં જર્જરિત નહીં એવી ખડકી. સમયની અનેક થપાટો ખાઈ ચૂકેલી ખડકીને પણ ઉંમરની અસર તો થયેલી, તોય કડેધડે હતી. રણમલજી બોંતેર વર્ષે જેટલા અડીખમ હતા એટલી જ અડીખમ હતી ખડકી. કમાનાકારનું પ્રાણીઓ ને પક્ષીઓ કોતરેલું પ્રવેશદ્વાર. દીવાલે ફૂલછોડની નયનરમ્ય મનોહર ચિત્રકારી. સૂર્યચંદ્રની કોતરણી કરેલાં કમાડ. હવાઉજાસ માટે નકશીદાર જાળિયાં. ખડકીમાં દાખલ થતાં જ સામે ખુલ્લો વિશાળ ચોક. કે ઓપન ટુ સ્કાય. ચોકમાં સંગેમરમરની ચાર થાંભલી. થાંભલીએ થાંભલીએ આરસના હાથી ઝૂલે. ચોકની ચારેકોર ઓસરી. ઓસરીમાંથી જ ફરતેના નવ વિશાળ ઓરડામાં જઈ શકાય. એક બાજુના ઓરડાઓમાંથી સૂર્યોદય જોઈ શકાય. બીજી બાજુના ઓરડાઓમાંથી સૂર્યાસ્ત.

ખડકીની ચારેબાજુ નાનકડો ફૂલછોડથી મહેકતો બાગ. રંગરંગી ફૂલોથી શોભતો રળિયામણો બાગ ધ્યાનાકર્ષક હતો, એમાંય સૂરજમુખીનાં ફૂલ તો ઊડીને આંખે વળગતાં. બાગમાં ઠેકઠેકાણે કિલકિલાટ કરતાં સૂરજમુખી લહેરાતાં. રણમલજીનાં માતા લીલાબાએ પોતાના હાથે આ સૂરજમુખી વાવેલાં. દરેક ફૂલ લીલાબાને ગમતું, પણ સૂરજમુખી એમને વિશેષ પ્રિય હતું. એ જ વારસો રણમલજીમાં સાંગોપાંગ ઊતરેલો. એમને સૂરજમુખી પ્રત્યે ગજબનું ખેંચાણ હતું. સૂર્યપ્રકાશમાં પીળાં સૂરજમુખી સોનેરી આભા પ્રસરાવતાં. રણમલજી સૂરજની લાલિમા અને સૂરજમુખીની સોનેરી આભા નિહાળવા ઉત્સુક રહેતા. ઢોલિયો પણ એ જ રીતે ઢાળેલો કે ઊગતા સૂર્યને નમસ્કાર કરી શકાય ને સૂરજમુખીને ખીલતાં જોઈ શકાય ! મન ભરીને મનગમતું દ્રશ્ય નિહાળે ને પછી નિત્યક્રમમાં પરોવાય.

વર્ષો થયાં. સમયના વહેણ સાથે ઘણુંબધું બદલાયું, રણમલજીનાં શારદા સાથેનાં લગ્ન, દીકરા જયંત અને દીકરી જયમતીનો જન્મ, જયંતનાં સરિતા સાથે અને જયમતીનાં પ્રવીણ સાથે લગ્ન, પૌત્ર બબલુ ને દોહિત્રી બબલી, લીલી વાડી જોઈને પાંચ વર્ષ પહેલાં શારદાનો સ્વર્ગવાસ...ઘણી તડકીછાંયડી ને જીવનના પ્રત્યેક રંગ જોઈ ચૂકેલા રણમલજી પણ બોંતેરના થયા, આંખે ચશ્માં આવ્યાં, વાળમાં સફેદી ચમકવા માંડી, પણ ઊગતો સૂર્ય અને ખીલતાં સૂરજમુખી નિહાળવાનો ક્રમ યથાવત જળવાઈ રહેલો. જીવનમાં એમને જો કોઈ વળગણ હતાં તો ત્રણ : ખડકી, ઊગતો સૂરજ અને સૂરજમુખીનાં ફૂલ... આ ત્રણ વિષયમાં દખલ દેવાની કે દલીલ કરવાની કોઈની હિંમત નહોતી. ન જ હોય ને ? રણમલજી ખડકીના રણીધણી હતા !

એ સાચું કે કોઈ રણમલજીને કાંઈ કહેવાની હિંમત ન કરતું, પણ કહી શકે તો એમ જરૂર કહેવા માગતા હતા કે હવે આ ખડકીનો, સૂરજનો અને સૂરજમુખીનો મોહ છોડો... કહું કહું થતાં હોય પણ કહી ન શકે એટલે મનોમન સહુ કોચવાતાં. કારણ કે ખડકીનું મૂલ્ય કરોડો રૂપિયામાં અંકાતું. રણમલજીના પરિવારજનો માટે ખડકી એ ખડકી નહીં, રૂપિયાની રેલમછેલ કરનાર ખજાનો હતો.

પરિવારજનો ખડકી વેચીને કરોડોની કમાણી કરવા ઉતાવળા થયેલા. એમાં રણજીતને પણ ગણવાનો. રણજીત એટલે રણમલજીના મોટા સ્વર્ગવાસી ભાઈ તખ્તમલજીનો દીકરો. રણમલજીનો ભત્રીજો. એ પણ ખડકીમાં જ રહેતો. સહુએ એકાદબે વાર રણમલજીને આડકતરી રીતે એ વિશે કહી જોવાનો પ્રયત્ન કરેલો, પણ ત્યારે રણમલજીએ ફૂંફાડો મારેલોઃ 'ખબરદાર... ફરી કોઈએ ખડકી વેચવાની વાત કરી છે તો ! આ ખડકી મારી મા છે મા.. ને આ બાગ છે તે મારી માનો ખોળો છે...થોડાક રૂપિયા ખાતર માને વેચવાની વાત કરતાં શરમ નથી આવતી?'

'પણ, તમે સાંભળો તો ખરા...' પરિવારજનોને રણમલજીમાં ખજાના પર ફેણ માંડીને બેઠેલો કાળોતરો દેખાયો. સહુ સાગમટે કંઈક કહેવા મથી રહ્યાં પણ રણમલજીએ ઘાંટો પાડ્યો : 'આ વખતે તો માફ કરું છું, પણ ફરી ખડકી વેચવાની વાત મારી સામે કરી તો કોઈની ખેર નથી. કાન ખોલીને સાંભળી લ્યો... આ ખડકી મારા નામે છે. જો ફરીથી એને વેચવાનો વિચાર સુદ્ધાં કર્યો છે તો તમને સહુને વારસામાંથી રદબાતલ કરી દેતાં મને વાર નહીં લાગે. સમજ્યા ?'

સહુ સમજી ગયેલાં... ના, સમજવાનો દેખાવ કરી રહેલાં. બહારથી શાંત જણાતાં. પણ ભીતર જ્વાળામુખી ભભૂકી રહેલો. રણમલજીની પીઠ પાછળ બેઠકોનો દોર ચલાવતાં. ખડકી વેચવા માટે નવી નવી યોજના બનાવતાં. કરોડોમાં આળોટવાના સપનામાં રાચતાં. આવી જ એક બેઠકને અંતે રણમલજીને અંતિમ વાર સમજાવવા સહુએ સાથે જવાનો નિર્ણય કર્યો. જો એ ન જ માને તો... કોઈ મોઢેથી કશું બોલ્યું નહીં, પણ રણમલજી ન માને તો શું કરવું એનો દ્રઢ નિશ્ચય આંખમાં આંજી નાખેલો.

બીજી સવારે.... આઠેક વાગ્યે પરિવારજનો વાવાઝોડાની માફક રણમલજીના ઓરડામાં ધસી આવ્યાં. એમને જોઈને રણમલજીએ વ્યંગ કર્યો : 'આજે તો સહુ મોરચો લઈને આવ્યા છો ને કંઈ.. બોલો, એવું તે શું કામ પડ્યું ?'

'બાપા, અમે સહુ અમારી વેદના જણાવવા આવ્યા છીએ...' જયંત દયામણો બનીને બેબાકળા અવાજે બોલ્યો : 'મારી નોકરીમાં કંઈ મળતર નથી. ઘરનું ગાડું જેમતેમ ગબડે છે. પણ હવે મારે મારો પોતાનો ધંધો કરવો છે. પણ આરંભે રોકાણ માટે મૂડી જોઈએ. ને મારી પાસે મૂડી નથી.'

'તો એમાં હું શું કરું ?' રણમલના પેટનું પાણી પણ ન હાલ્યું : 'હું ક્યાંથી મૂડી લાવું ?'

'મૂડી તમે જ ઊભી કરી શકો એમ છો, બાપા..' જયંત કરગરતો હોય એમ બોલ્યો : 'બાપા, હું તમારા પગમાં પડું છું. આજીજી કરું છું કે અમને ખડકી વેચવા દો. ખડકી વેચાશે તો સહુનું ભવિષ્ય સુધરી જશે.'

'સહુનું એટલે ?' રણમલજીની આંખ ઝીણી થઈ.

'બાપા, સહુનું એટલે તમારું, ભાઈનું અને મારું...' કહેતાં જયમતીની આંખે અશ્રુનાં તોરણ બંધાયાં. ગળે ડૂમો ભરાયો. સાડીના પાલવથી આંસુ લૂછીને બે હાથ જોડીને કહી રહી : 'અમારે ધંધામાં ઘણી નુકસાની વેઠવી પડી છે. જલદી નાણાં ઊભાં નહીં થાય તો અમારે ઝેર પીવાનો વખત આવશે. તમે ખડકી વેચીને અમારી નાણાંભીડ ભાંગો તો અમારું જીવન બદલાઈ જશે. અમે જીવનભર તમારા પગ ધોઈને પીશું.'

'રણજીત, તારે કાંઈ નથી કહેવાનું ?' રણમલજીએ ભત્રીજાના ચહેરા પર નજર ટેકવી.

'કાકા, મારી પાસે વધુ સારો પ્રસ્તાવ છે....' રણજીત બોલ્યો : 'હું એમ વિચારતો હતો કે ખડકી તોડીને આ વિશાળ જગ્યામાં સોસાયટી કે શોપિંગ મોલ બનાવવો...તમેય બે પાંદડે થઈ જશો.'

'હજુ કોઈએ કાંઈ કહેવાનું બાકી છે ?' રણમલજીના અવાજમાં કરડાકી ભળી : 'આ ખડકી હું કોઈ કાળે વેચવા તૈયાર નથી. અને મારી ચિંતા તમારે લોકોએ કરવાની જરૂર નથી. મેં એવી રીતે બચત અને રોકાણો કર્યાં છે કે મારો નિર્વાહ સુખેથી થઈ જશે. પણ જયંત, તારે ધંધો કરવો હોય તો મૂડીરોકાણ કરવાની તાકાત અને આવડત તારામાં હોવી જોઈએ. નાણાં ન હોય તો સપનાં નહીં જોવાનાં. ચાદર જેટલી હોય એટલા જ પગ પહોળા કરવાના. જે હોય એમાં ખુશ રહેવાનું. સરિતાવહુ, તમે પણ જે હોય એમાં ખુશ રહેતાં શીખો.'

'પણ બાપા...' જયંત કંઈ કહે એ પહેલાં રણમલજીએ સ્નેહ નીતરતી આંખે દીકરી સામે જોયુંઃ 'જયમતી, ધંધામાં પ્રવીણને ખોટ ગઈ તો એમાં મારો વાંક નથી. પછેડી પ્રમાણે સોડ તાણવી જોઈએ. મોટા નુકસાનનો અર્થ એ છે કે પ્રવીણને ધંધો કરતાં આવડતું નથી. તું મારી લાડકી દીકરી છે. તને લગ્ન સમયે જે આપવાનું હતું તે આપી દીધું છે. બાકી મેં કહ્યું એમ ખડકી તો હું કોઈ કાળે નહીં વેચું.'

જયમતી નીચું જોઈ ગઈ. એના ભણી અછડતી નજર કરીને રણમલજીએ ભત્રીજા પર શબ્દોનો સાટકો વીંઝ્યો : 'રણજીત, તારો વિચાર તો અત્યંત બેહૂદો છે. તું તો ખડકી જ તોડી નાખવા માગે છે. એ કહેતાં તને શરમ પણ નથી આવતી. પણ તમે સહુ એક વાત ગાંઠે બાંધી લેજો કે હું જીવું છું ત્યાં સુધી ખડકી વેચવાનું શક્ય જ નથી. અને હવે તો મારા મર્યા પછી પણ તમે લોકો ખડકી ન વેચી શકો, ન તોડી શકો એની વ્યવસ્થા કરી નાખીશ. આજે જ હું વકીલને બોલાવીને વસિયત તૈયાર કરાવી લઈશ... હવે નીકળો બધાં બહાર. મને મારાં સૂરજમુખી સાથે સુખેથી રહેવા દો.'

રણમલજીનું વાઘ જેવું વિકરાળ સ્વરૂપ જોઈને સહુ દબાતે પગલે ઓરડામાંથી બહાર નીકળી ગયાં. ચહેરા લાલઘૂમ. કાળઝાળ. આંખોમાં ખુન્નસ. કોઈ કાંઈ બોલ્યું નહીં, પણ મનમાં ઘૂંટાઈ રહેલું. સમય ઓછો છે. જે કરવાનું છે તે થોડાક કલાકોમાં જ કરવાનું છે... વકીલ આવે એ પહેલાં!

સાંજનો સાડા પાંચનો સમય...વકીલ ભાલચંદ્ર ભાલરિયા ખડકીમાં દાખલ થયા. કાળો કોટ. કાળું પેન્ટ. સફેદ શર્ટ. જમણા હાથમાં કાળી એટેચી. આંખે ચડાવેલા જાડા કાચનાં ચશ્માં પાછળથી એમણે ચારેકોર નજર ઘુમાવી. રણમલજીના પરિવારના સભ્યો... ના, અસભ્ય. ભાલચંદ્ર મનોમન જ બબડ્યા. સહુ ખડકીના આંગણામાં જ ઊભેલાં. વકીલને કતરાતી નજરે જોઈ રહેલાં. એમના તરફ આંખ આડા કાન કરીને ભાલચંદ્ર લાગલા રણમલજીના ઓરડાભણી ચાલ્યા. ઓરડાના બારણે ટકોરો માર્યો ને હળવેથી બારણું ધકેલ્યું. પણ ભીતર દાખલ થતાંવેંત જ ચીસ પાડી ઊઠ્યા. ચીસ સાંભળીને સહુ રણમલજીના ઓરડા ભણી દોડી ગયાં. ઓરડામાં બાગ ભણીની બારી પાસેની ઝૂલણખુરસી પર રણમલજી ઢળી પડેલા. પ્રથમ નજરે જોતાં જ કોઈને પણ ખ્યાલ આવે કે એમનું મૃત્યુ થયું છે !

ભાલચંદ્રએ ડોક્ટર આલોકકુમારને ફોન કર્યો. પછી પોલીસ સ્ટેશને. દસ મિનિટ પૂરી થતાંમાં તો આલોકકુમાર આવી પહોંચ્યા. પછીની ત્રણ મિનિટમાં ઈન્સ્પેક્ટર કરણ બક્ષી અને જુનિયર જયરાજ જાડેજા.

પોલીસ કાર્યવાહી અને દાકતરી તપાસ સાથે જ શરૂ થઈ. આલોકકુમાર રણમલજીની તપાસ કરી રહેલા ત્યારે કરણ અને જયરાજ પોતાના કામે વળી ગયેલા. એમણે જોયું કે રણમલજીની આંખોના ડોળા ફાટી ગયેલા. જીભ બહાર આવી ગયેલી. એક બાજુ ઢળી ગયેલી ગરદન પર ઉઝરડા અને આંગળીઓના નિશાન પડેલા. શરીર પર બીજે કોઈ ઠેકાણે કોઈ જ નિશાન દેખાતાં નહોતાં. ન કોઈ જખમ, ન લોહીના ડાઘ !

પોલીસ બેલડીને રણમલજીના ઓરડામાં સામેની ખુલ્લી બારીમાંથી બાગનું રળિયામણું દ્રશ્ય નજરે પડ્યું. રંગબેરંગી ફૂલો વચ્ચે પીળાં સૂરજમુખી આથમતા સૂરજના રંગે રંગાઈ રહેલાં. બારીની બાજુની દીવાલે એક અરીસો. બાજુમાં તારીખિયાવાળું કેલેન્ડર લટકી રહેલું. આ બારીની બરાબર સામેની દીવાલે ઘડિયાળ. એની વિશેષતા એ હતી કે એમાં સમય દર્શાવવા આંકડા નહોતા. બાર અંકને ઠેકાણે બાર પિત્તળના ચગદા જેવાં બટન હતાં. બાર, ત્રણ, છ અને નવનો અંક ઈંગિત કરતાં બટન થોડાં મોટાં હતાં, અન્ય અંક ઈંગિત કરતાં ચગદા નાના હતાં. આ ઘડિયાળના કાંટા પોણા છ વાગ્યાનો નિર્દેશ કરી રહેલા.

દરમિયાન દાકતરી તપાસ કરી ચૂકેલા આલોકકુમાર બોલ્યા : 'આ થ્રોટલિંગનો કેસ છે. થ્રોટલિંગ એટલે ગળું દબાવવું. રણમલજીની હત્યા ગળું દબાવીને કરવામાં આવી છે. ગળા પર ભરપૂર દબાણ આવવાથી ગળામાં રહેલા હાયોઇડ નામનું નાનું હાડકું તૂટી ગયું હોય એવું લાગે છે. મૃત્યુ થયાને વધુમાં વધુ દોઢ કલાક થયો હશે. ફોરેન્સિક તપાસમાં ખબર પડશે કે એમની આંખોના સફેદ ભાગમાં રહેલી નાની રક્તવાહિનીઓ ફાટી ગઈ હશે. લોહી પણ ગંઠાઈ ગયું હશે.'

ઇન્સ્પેક્ટર કરણ બક્ષીએ ચકોર નજર પરિવારજનો પર ફેરવી. પહેલી પ્રતિક્રિયા ક્યારેક કેસ સોલ્વ કરવામાં ઉપયોગી પુરવાર થાય છે. સહુની આંખમાં આંસુ હતાં. જયંતે તો પોક જ મૂકી : 'અરે મારા બાપા રે, હજુ સવારે આપણે મળેલાં. પણ બહારનું તો કોઈ આવ્યું પણ નથી. તો આ ...?' જયંતના રોવામાં સરિતા, જયમતી, પ્રવીણ અને રણજીત પણ જોડાયાં. પણ કરણ અને જયરાજે એક વાક્ય પકડી લીધું : બહારનું કોઈ ઘરમાં આવ્યું પણ નથી. એનો અર્થ એ થયો કે ખૂની ઘરનો જ છે!

'ખૂની જયંત જ હશે...' વકીલ ભાલચંદ્ર ધીમું ગણગણ્યા. એટલું ધીમું કે માત્ર કરણ અને જયરાજ સાંભળી શકે. કરણે પ્રશ્નાર્થ નજરે ભાલચંદ્ર સામું જોયું. કરણના સંકેતની પ્રતીક્ષા કરી રહ્યા હોય એમ વકીલે રણમલજી અને એમના પરિવારજનો વચ્ચેના ખડકી અંગેના કંકાસની વાત કહીને ઉમેર્યું : 'આજે સવારે સાડાનવના અરસામાં રણમલજીએ મને ફોન કરેલો. એમના મૃત્યુ પછી પણ કોઈ ખડકીને વેચી કે તોડી ન શકે એવી વસિયત બનાવવા માટે મને બોલાવેલો. પણ હું આવ્યો ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું. ઘરનું જ કોઈ ઘાતકી બન્યું.'

કરણે ઘરના લોકો ભણી નજર ઘુમાવી. એના માટે સહુ ગુનેગાર પણ હતા અને નિર્દોષ પણ. જ્યાં સુધી કોઈ નિર્દોષ પુરવાર ન થાય ત્યાં સુધી ગુનેગાર. જ્યાં સુધી કોઈ ગુનેગાર પુરવાર ન થાય ત્યાં સુધી નિર્દોષ... કરણે ખૂણામાં ઊભેલા એકવડિયા બાંધાના જયંત સામે જોયું. એની એક બાજુ સરિતા ઊભેલી અને બીજી બાજુ જયમતી. જયંત પોતે રડી રહેલો. બહેન અને પત્નીને સાંત્વના પણ આપી રહેલો. સામાન્ય કદકાઠી ધરાવતો પ્રવીણ નિર્વિકાર ચહેરે ઊભેલો. કરણે ઈશારો કર્યો. જયરાજે સહુનાં નિવેદન લીધાં.

'ખડકી વેચવા બાબતે મારી અને બાપા વચ્ચે ખટરાગ હતો એ ખરું..' સહુ પહેલાં જયંતે નિવેદન નોંધાવ્યું : 'અમારી રકઝક પણ થતી. હું એમને ખડકી વેચવા સમજાવતો, પણ એમણે ચોખ્ખી ના પાડી દીધી. હું મનોમન ગુસ્સે થયેલો, પણ એટલો ગુસ્સે નહોતો થયો કે એમનું ખૂન કરી નાખું. આખરે એ મારા બાપા હતા. એટલે જ સવારે સહુ છૂટાં પડ્યાં પછી હું ને સરિતા પાછાં બાપાને મળવા ગયેલાં. ધંધા માટે હું પોતે જ નાણાં ઊભાં કરીશ એવી ખાતરી મેં આપેલી. સાંભળીને બાપાએ મને આશીર્વાદ આપેલા.'

પછીના ક્રમે જયમતીએ કહ્યું : 'એ મારા બાપા પણ હતા. મારી નાણાભીડ ભાંગવા મેં મદદની આશા રાખેલી. પણ પછી મને મારી ભૂલ સમજાઈ ગયેલી. એટલે સવારે સહુ છૂટાં પડયાં પછી હું અને પ્રવીણ બાપાને મળવા ગયેલાં. પગ પકડીને માફી માંગી. એમણે પણ મોટું મન રાખીને અમને માફ કરી દીધેલાં.'

દરમિયાન ખડકીના ચોકમાંથી રણજીત ઓરડાની ભીતર ધસી આવ્યો. એને જોઈને સહુને ખ્યાલ આવ્યો કે એ તો અત્યાર સુધી હાજર જ નહોતો. બધાંને ટોળે વળેલાં જોઈને એ બોલી ઊઠ્યો : 'અરે, કેમ બધાં અહીં એકઠાં થયાં...' પણ વાક્ય પૂરું થાય એ પહેલા રણમલજીના મૃતદેહ પર એની નજર પડી. એ ચીસ પાડી ઊઠ્યો : કાકા...કાકાને શું થયું ?'

'તમારા કાકાનું ખૂન થયું છે. અને ખૂની ઘરનો જ છે.' કરણ રણજીતના કસાયેલા ને ખડતલ શરીરને મનોમન પ્રશંસી રહ્યો. પછી ટાઢા ડામ દેતો હોય એમ કહી રહ્યો : 'તમે એ જણાવો કે અત્યારે તમે ક્યાંથી આવો છો ?'

'સાહેબ, હું તો અખાડામાંથી જ સીધો ચાલ્યો આવું છું. વ્યાયામ કરું છું. નિયમિત દંડબેઠક પણ કરું છું...' રણજીત પટપટ બોલવા માંડ્યો : 'આજે બપોરે મારી એક મીટિંગ હતી. પણ સવારે કાકા ખડકી બાબતે ગુસ્સે થયેલા. મારા કમરામાં આવીને વિચાર કરતાં મને લાગ્યું કે વાંક મારો જ છે. મને પસ્તાવો થયો. એટલે કાકાની માફી માગવા ગયેલો. હાથપગ જોડ્યા. પછી બે ત્રણ રમૂજી વાતો કરી. એટલે કાકા હસી પડ્યા. મને માફ કરી દીધો. મેં હસતા કાકાનો ફોટોગ્રાફ પણ લીધો. પછી નીકળી ગયો. તે ઠેઠ અત્યારે જ આવ્યો. જુઓ, મારા મોબાઈલમાં મઢાયેલો એ ફોટોગ્રાફ.'

કરણ બક્ષીએ ફોટોગ્રાફ જોયો. હસતા રણમલજીના અંગ પર એ જ વસ્ત્રો હતાં જે અત્યારે પણ એમના શરીરે હતાં. તારીખિયામાં આજની જ તારીખ હતી. ઘડિયાળમાં બપોરના બાર ને વીસ મિનિટનો સમય સ્થિર થઈ ગયેલો. બગીચામાં લહેરાતાં સૂરજમુખીનાં ફૂલ મોબાઈલ કેમેરા ભણી મોં કરીને કિલકિલાટ કરી રહેલાં...ફોટોગ્રાફમાં કાંઈ કહેવાપણું નહોતું. છતાં કરણની છઠ્ઠી ઇન્દ્રિય કહી રહેલીઃ ખૂનનું રહસ્ય આ જ ફોટોગ્રાફમાં હતું... પણ શું ?'

કરણ અને જયરાજ એક બાજુએ ખસીને ચર્ચા કરવા લાગ્યાં : આ ફોટામાં કાંઈક ખૂટતું લાગે છે. જોકે પહેલી નજરે તો ફોટામાં કશું વાંધાજનક દેખાતું નથી... હસતા રણમલજી, તારીખિયાની તારીખ, ઘડિયાળનો સમય, બાગમાં લહેરાતાં સૂરજમુખીનાં ફૂલ... જોકે આટલું કહેતાં જ બંનેની આંખમાં ચમક આવી ગઈ. પુરાવો મળી ગયો. ખૂની હાથવેંતમાં જ હતો. કરણ અને જયરાજ રણજીતની આંખમાં આંખ પરોવીને બોલ્યા : 'યુ આર અન્ડર એરેસ્ટ...રણમલજીનું ખૂન કરવા બદલ તમારી ધરપકડ કરવામાં આવે છે..!'

'પણ હું તો અત્યારે જ તમારી નજર સામે બહારથી આવ્યો છું...' રણજીતે ઘૂરકિયું કર્યું : 'હું તદ્દન નિર્દોષ છું. એની ખાતરી કરાવતો આ ફોટોગ્રાફ પણ મેં તમને બતાડ્યો...'

'તમારા કમનસીબે રણજીત, આ ફોટોગ્રાફ જ પુરવાર કરે છે કે તમે ખૂની છો...' કરણ બક્ષીના અવાજમાં અંગારા વરસી રહ્યા : 'રણમલજીએ પોતાના મૃત્યુ બાદ પણ કોઈ ખડકી વેચી કે તોડી ન શકે એ માટે વસિયત બનાવવાનું નક્કી કર્યું. પણ તમારે ખડકી તોડીને સોસાયટી કે મોલ બનાવવો હતો. તમે કાકાનું કાસળ કાઢવાની યોજના બનાવી. જયંત અને જયમતી પર પણ શંકા કરી શકાય, પણ આ ફોટોગ્રાફે તો સાબિત કરી જ દીધું છે કે તમે જ ખૂની છો...તમે પાણી પહેલાં પાળ બાંધી. રણમલજીનો ફોટો પાડીને નિર્દોષતાનો પુરાવો ઊભો કર્યો. પછી ખૂન કર્યું. પણ આ ફોટોગ્રાફ જ તમારા ગુનાની ચાડી ખાય છે. ફોટોગ્રાફમાં ઘડિયાળના સમય અને સૂરજમુખીનાં ફૂલે પોકારીને તમને ખૂની પુરવાર કરી દીધા છે.'

'આ શું મજાક છે, ઇન્સ્પેક્ટર?' રણજીત રોષે ભરાયો :' ઘડિયાળ અને ફૂલ..તમે કહેવા શું માગો છો ?'

'હું કાંઈ નથી કહેતો. ઘડિયાળ અને ફૂલ કહે છે છે...' કરણ બક્ષી ધારદાર અવાજે કહી રહ્યો : 'એ બંને તમારા અપરાધના સાક્ષી છે. ફોટોગ્રાફમાં દેખાતી ઘડિયાળ હકીકતમાં એ દીવાલે નહીં, પણ એની સામેની રણમલજીના ઢોલિયાવાળી દીવાલે લગાડેલી છે. ફોટોગ્રાફમાં ઘડિયાળની મિરર ઈમેજ દેખાય છે. મિરર ઈમેજ સમય બતાડે છે બપોરના બાર ને વીસ. પણ હકીકતમાં એ સમય સાંજે ચાર વાગ્યાનો છે. ઘડિયાળમાં અંક નથી, માત્ર પિત્તળનાં ચગદાં છે. પહેલી નજરે આ ફરક ન પકડાય, પણ ધ્યાનથી જોતાં ખ્યાલ આવી જાય.'

'હવે સૂરજમુખીનાં ફૂલની સાક્ષી... સૂરજમુખીનાં ફૂલ સૂરજની ગતિને અનુસરે છે. તેને વિજ્ઞાનની ભાષામાં હેલિઓટ્રોપિઝમ કહેવામાં આવે છે. એ મુજબ સૂરજમુખીનાં ફૂલ સવારમાં સૂરજ તરફ ખીલે છે અને જેમ સૂરજ પશ્ચિમ તરફ જાય તેમ ફૂલ પશ્ચિમ તરફ જાય છે. રણમલજીના ઓરડામાંથી સૂર્યોદય દેખાય છે. એનો અર્થ એ કે તમે ફોટો પશ્ચિમમાંથી લીધો છે. જો આ ફોટો બપોરે બાર ને વીસે લેવાયો હોત તો ફૂલ તમારી વિરુદ્ધ દિશામાં લહેરાતાં હોત. પણ ફોટોગ્રાફમાં ફૂલ સૂરજની ગતિને અનુસરીને તમારી તરફ એટલે કે પશ્ચિમ દિશામાં જોઈ રહ્યાં છે. એનો અર્થ એ થયો કે તમે આ ફોટો બપોરે નહીં, પણ સાંજે ચાર વાગ્યે લીધો છે. તમે બહારથી નથી આવ્યા, ખડકીના કોઈ ઓરડામાં જ ભરાયા હશો. ત્યાંથી જ આવ્યા છો.

'ત્રીજી વાત... રણમલજીનું ખૂન ગળું દબાવીને કરવામાં આવ્યું છે. એ કાળું કામ તમે જ કરી શકો, રણજીત. કારણ, જયંતનો બાંધો એકવડિયો છે. ને પ્રવીણ સામાન્ય કદકાઠીનો છે. બંનેમાં કોઈનું ગળું દબાવવા જેટલું શારીરિક બળ નથી. તમે જ કહ્યું કે તમે વ્યાયામ ને દંડબેઠક કરો છો. એ બળ તમારામાં છે... હવે તો કબૂલ કરો છો ને કે રણમલજીનું ખૂન તમે જ કર્યું છે ?'

રણજીત પાસે કાંઈ બોલવાપણું રહ્યું નહીં. જયરાજ એને હાથકડી પહેરાવીને બોલ્યો : 'તસવીર ક્યારેય ખોટું બોલતી નથી.' સાંભળીને રણજીત ગણગણ્યો : 'કાકાનો ફોટો પાડીને મેં પગ પર કુહાડો નહીં, કુહાડા પર જ પગ ઠોકી દીધો!' ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

કરિયર

# લિટરેચર આપશે કરિયરને નવી ઊડાન...

કીર્તિ શેખર
feedback@bombaysamachar.com



કરિયર લિટરેચર એટલે કે કરિયર માટે પ્રોત્સાહિત કરનારાં પુસ્તકો, લેખ, બ્લોગ્સ, બાયોગ્રાફી ગાઈડ્સ વગેરેનો આપણા કરિયર ગ્રોથમાં અગત્યની ભૂમિકા હોય છે. જોકે એના પક્ષમાં અને વિરોધમાં તર્ક આપનારા ઘણાં લોકો મળી રહેશે. વાસ્તવમાં કરિયર લિટરેચર કોઈ ચમત્કાર નથી કે એને વાંચ્યું એટલે આપણી કરિયર ચમકી જશે.

જોકે સાવ એવું પણ નથી કે એનાથી આપણા જીવનમાં કોઈ પરિવર્તન નહીં આવે. જો એનું મહત્ત્વ સમજી લેવામાં આવે તો પ્રોફેશનલ જીવનમાં એ અગત્યનો ભાગ ભજવી શકે છે. તો આ લેખમાં તમને જણાવીશું કે કઈ નોકરી માટે કરિયર લિટરેચર મહત્ત્વનું છે.

### નિર્ણાયક દિશા

કેટલાંક લોકો મહેનત તો ખૂબ કરે છે, પરંતુ તેમની પાસે કરિયરને લઈને કોઈ સ્પષ્ટતા નથી હોતી. કરિયર લિટરેચર આપણને એ દિશા આપે છે. એનાથી આપણને જાણ થાય છે કે વાસ્તવમાં કઈ સ્કિલ તમારા કરિયર માટે અગત્યની છે, વર્તમાનમાં ઇન્ડસ્ટ્રીમાં શેની જરૂર છે.

કરિયર લિટરેચરથી જાણ થાય છે કે કેવા પ્રકારની ભૂલોથી બચવું જોઈએ. કરિયર લિટરેચર આપણને નવી દિશા આપે છે, આપણી વિચારધારામાં પરિવર્તન લાવે છે અને અનેક ભ્રમને દૂર કરે છે.

નકારાત્મકતામાંથી સકારાત્મક અભિગમ તરફ લઈ જાય છે. સાથે જ નિષ્ફળતાઓથી પણ બચી શકાય છે. એથી એમ કહી શકાય કે કરિયર લિટરેચર આપણને માહિતી પૂરી પાડવાની સાથે જ આપણા વિચારોને પણ ટ્રેનિંગ આપે છે.

### વ્યવહારમાં પરિવર્તન

કરિયર લિટરેચર આપણને અનેક કાર્યો કરવાની પ્રેરણા આપે છે. કોઈ એક સ્કિલને દરરોજ શીખવાથી એમાં પાવરધા બની શકાય છે. નેટવર્કિંગ શરૂ કરવા માટે સક્ષમ બનાવે છે. સાથે જ આપણું રેઝ્યુમે કેવી રીતે આકર્ષક દેખાય એના પણ સમજ આપે છે.

કરિયરમાં મનોવિજ્ઞાન પણ ખૂબ જરૂરી છે. કરિયરમાં બદલાવ અહીંથી જ આવે છે. કરિયર લિટરેચરનો ઇન્ટેન્ટ વ્યાવહારિક અને વાસ્તવિક હોય છે. જોકે માત્ર વાંચન કરવાથી એક્સપર્ટ નહીં બની જવાય. એને જીવનમાં પણ ઉતારવું પડે છે. સફળતા એક રાતમાં નથી મળતી. એની માટે તો તનતોડ મહેનત કરવી પડે છે. એટલે જ કહેવાયું છે કે 'સિદ્ધિ એને જઈ વરે જે પરસેવે ન્હાય.'

કુલ મળીને કરિયર લિટરેચરમાં ૩૦ ટકા પ્રેરણા અને ૭૦ ટકા એક્શનની બ્લ્યૂ પ્રિન્ટ હોય છે.

**કેમ ઘટી રહ્યા છે મોટિવેશનલ વીડિયોઝ?**

છેલ્લાં થોડાં વર્ષોથી જોવા મળ્યું છે કે લોકો હવે મોટિવેશનલ વીડિયોઝ જોવા માટે ઘેલા નથી. લોકોને હવે સમજાયું છે કે માત્ર સારી-સારી વાતો સાંભળીને વ્યક્તિ સારી નથી બની જતી. એના માટે તો સારી છાપ ઊભી કરવી પડે છે.

મોટિવેશનલ વીડિયોઝ સતત જોતા રહેવાથી એનો પ્રભાવ ધીરે-ધીરે ઓસરી જાય છે. સાથે જ કેટલીક કહેવતોને વારંવાર કહેવામાં આવે તો એ મજાક બનીને રહી જાય છે. એના પર અમલ થતું નથી. એને સાંભળીને પ્રોત્સાહન પણ નથી મળતું.

'નેવર ગીવઅપ', 'યુ કેન ડુ ઇટ.' આ વાક્યો સતત સાંભળીને કંટાળો આવી જાય છે. એનું મહત્ત્વ પણ ઘટી જાય છે.

વાત કરીએ કરિયર લિટરેચરની તો એ કોઈ જાદુઈ ચિરાગ નથી કે એને આદેશ આપતાં જ એક ઝટકામાં કામ થઈ જાય. સફળતા મેળવવા માટે અથાગ પરિશ્રમની જરૂર પડે છે. ■

# આજથી આઈપીએલની આતશબાજીનો આરંભ

બેંગ્લૂરુ: ૨૦૨૫માં (છેક ૧૮ વર્ષે) પહેલી વખત ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની ટ્રોફી પહેલી વખત જીતનાર રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ (આરસીબી)ના ખેલાડીઓએ એ સમયના અભૂતપૂર્વ સેલિબ્રેશન બાદ બીજા દિવસથી બેંગ્લૂરુની નાસભાગની ઘટનાને કારણે ઘણા દિવસો માતમમાં વીતાવવા પડ્યા હતા, પરંતુ હવે ૧૦ મહિનાના ગાળા બાદ તેઓ ફરી એકત્રિત થયા છે અને શનિવાર, ૨૮મી માર્ચે આ ટૂર્નામેન્ટની નવી સીઝનના પ્રથમ મુકાબલા (સાંજે ૭.૩૦ વાગ્યાથી)માં સનરાઇઝર્સ હૈદરાબાદની ટક્કર ઝીલવા તૈયાર છે. ૨૦૨૫ની આઘાતજનક ઘટના બેંગ્લૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર બની હતી. આરસીબીના ખેલાડીઓ આજે એ જ સ્થળે પ્રારંભિક મૅચ રમશે.

### વિરાટ પર સૌની નજર, કિશન હૈદરાબાદનો કૅપ્ટન

સૌની નજર બેંગ્લૂરુની ટીમના બૅટિંગ-સમ્રાટ વિરાટ કોહલીના પર્ફોર્મન્સ પર રહેશે. ફિલ સૉલ્ટ, ટિમ ડેવિડ, જેકબ બેથેલ, કૅપ્ટન રજત પાટીદાર, રોમારિયો શેફર્ડ જેવા ભરોસાપાત્ર અને હાર્ડ-હિટર્સ છે. પૅટ કમિન્સની ગેરહાજરીમાં ઇશાન કિશન હૈદરાબાદની ટીમનું સુકાન સંભાળશે. આ ટીમ પાસે ટી-૨૦ના વર્લ્ડ ચૅમ્પિયન ઓપનર અને વાઇસ કૅપ્ટન અભિષેક શર્મા તેમ જ ટ્રૅવિસ હેડ તેમ જ હિન્રિક ક્લાસેન જેવા ધમાકેદાર ઇનિંગ્સ રમી શકે એવા બૅટ્સમેનો છે.

### ઓપનિંગ સેરેમની નથી

૨૦૨૫ની આઇપીએલના બીજા દિવસે બેંગ્લૂરુમાં ભાગદોડમાં જીવ ગુમાવનાર ૧૧ જણને અંજલિ આપવાના આશયથી બીસીસીઆઇએ આ વખતની આઇપીએલમાં ઓપનિંગ સેરેમની નથી રાખી. જોકે ૩૧મી મેએ ક્લોઝિંગ સેરેમની રાખવામાં આવશે એવી સંભાવના છે.



**આરસીબીને બેંગ્લૂરુમાં જ પાણી બતાવી દેજે:** ઈશાન કિશનને કમિન્સની ગેરહાજરીમાં હૈદરાબાદનું સુકાન થોડા સમય માટે સોંપાયું છે.

### ૧૧ સીટ કાયમ માટે ખાલી

કર્ણાટક સ્ટેટ ક્રિકેટ અસોસિયેશન અને આરસીબીના મૅનેજમેન્ટે પણ ગયા વર્ષની ઘટનાના મૃતકોને અંજલિ આપવા પગલાં લીધા છે. બેંગ્લૂરુના સ્ટેડિયમમાં કાયમ માટે ૧૧ સીટ ખાલી રાખવામાં આવશે. આરસીબીના તમામ ખેલાડીઓ શનિવારે મૅચ પહેલાં ૧૧ નંબરની જર્સી પહેરીને પ્રૅક્ટિસ કરશે.

### થુશારા નથી આવ્યો

આરસીબીમાં જૉશ હૅઝલવૂડનું આગમન હજી નથી થયું. શ્રીલંકાનો નુવાન થુશારા ફિટનેસ સર્ટિફિકેટ ન મળ્યું હોવાથી હોવાથી હમણાં શ્રીલંકાથી ભારત નથી આવી શક્યો. જોકે આ ટીમ પાસે પીઢ પેસ બોલર ભુવનેશ્વર તથા યુવાન ફાસ્ટ બોલર મંગેશ યાદવ તેમ જ સ્પિનર્સ કૃણાલ પંડ્યા અને સુયશ શર્મા છે જેઓ હૈદરાબાદના બૅટ્સમેનોને અંકુશમાં રાખી શકવા સમર્થ છે.

### હેડ-ટુ-હેડ મુકાબલા

બેંગ્લૂરુ અને હૈદરાબાદ વચ્ચે અત્યાર સુધીમાં કુલ પચીસ મુકાબલા થયા છે જેમાંથી ૧૧ બેંગ્લૂરુ અને ૧૩ હૈદરાબાદ જીત્યું છે. એક મૅચ અનિર્ણીત રહી છે.

### બન્નેની સંભવિત ઇલેવન

**બેંગ્લૂરુ:** રજત પાટીદાર (કૅપ્ટન), વિરાટ કોહલી, ફિલ સૉલ્ટ (વિકેટકીપર), દેવદત્ત પડિક્કલ, ટિમ ડેવિડ, જિતેશ શર્મા (વિકેટકીપર), કૃણાલ પંડ્યા, રોમારિયો શેફર્ડ, ભુવનેશ્વર કુમાર, જેકબ ડફી, સુયશ શર્મા.

**હૈદરાબાદ:** ઇશાન કિશન (કૅપ્ટન), ટ્રૅવિસ હેડ, અભિષેક શર્મા, હિન્રિક ક્લાસેન (વિકેટકીપર), નીતીશ કુમાર રેડ્ડી, લિઆમ લિવિંગ્સ્ટન, અનિકેત વર્મા, હર્ષ દુબે, શિવાંગ કુમાર, હર્ષલ પટેલ, જયદેવ ઉનડકટ. ■

## પ્રથમ મૅચમાં બેંગ્લૂરુની હૈદરાબાદ સાથે ટક્કર: સાંજે ૭.૩૦ વાગ્યે મુકાબલાની શરૂઆત



**શસ્ત્રસરંજામ સાથે આવી ગયો:** ગઈ કાલે બેંગ્લૂરુના મેદાન પર વિરાટ કોહલી. તેણે હાથ પર નવા ટૅટૂ બનાવડાવ્યાં છે. (પીટીઆઇ)

# વૈભવ સૂર્યવંશી હવે ૧૫ વર્ષનો, ભારતીય ટીમ માટે ક્વૉલિફાય થયો

## રાજસ્થાન રૉયલનો લિટલ સ્ટાર અનેક મોટા રેકૉર્ડ તોડવા પર રાખશે નજર

ગુવાહાટી: ગઈ કાલે ૨૭મી માર્ચે બિહારનાં વિસ્ફોટક બેટર વૈભવ સૂર્યવંશીનો જન્મ દિવસ હતો અને તેણે ૧૫ વર્ષ પૂરા કર્યા હતા. તે હવે ભારતની મુખ્ય ક્રિકેટ ટીમમાં સ્થાન મેળવવા માટે ક્વૉલિફાય થઈ ગયો છે. વૈભવ આજે શરૂ થઇ રહેલી આઇપીએલની ૧૯મી સીઝનમાં ફરી તોફાની બેટિંગ કરવા તૈયારી કરી રહ્યો છે. નાની ઉંમરે વૈભવે મોટી સિદ્ધિઓ મેળવી છે. ચાહકોને આશા છે કે વૈભવ ભવિષ્યમાં એક શ્રેષ્ઠ ખેલાડી બને. ૧૫ વર્ષીય વૈભવની નજર આ કેટલીક સિદ્ધિઓ મેળવવા પર રહેશે.

૧. વૈભવ સૂર્યવંશીનું લક્ષ્ય હશે કે તે જલ્દી ભારતની સિનિયર ટીમમાં જગ્યા મેળવે અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરે. ટીમ ઇન્ડિયાના સિલેક્ટર્સ આઇપીએલ-૨૦૨૬માં સૂર્યવંશીના પ્રદર્શન પર નજર રાખશે, જો આ સીઝનમાં તેનું પ્રદર્શન સારું રહેશે તો તેને ભારતીય ટીમમાં તક મળી શકે છે. તે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યૂ કરનાર સૌથી નાની ઉંમરનો ભારતીય ખેલાડી બની શકે છે. સચિન તેન્ડુલકરે ૧૯૮૯માં ડેબ્યૂ કર્યું ત્યારે ૧૬ વર્ષનો હતો.

૨. વૈભવ સૂર્યવંશી આઇપીએલમાં રાજસ્થાન રોયલ્સ તરફથી રમે છે. રાજસ્થાને ૨૦૦૮માં ટાઈટલ જીત્યું હતું. ત્યાર બાદ આ ટીમ એક પણ ટાઇટલ જીતી શકી નથી. શાનદાર પ્રદર્શન કરી વૈભવ રાજસ્થાન રોયલ્સને ફરીથી ચેમ્પિયન બનાવવા ઈચ્છશે.

૩. વૈભવ ધુંઆધાર બૅટિંગ માટે જાણીતો છે, તે આઇપીએલની આ સીઝનમાં ક્રિસ ગેઈલનો હાઈએસ્ટ અણનમ ૧૭૫ રનનો રેકૉર્ડ તોડવા પ્રયાસ કરશે. આઇસીસીના તાજેતરના અવૉર્ડ સમારોહમાં વૈભવે કહ્યું હતું કે તે ગેઇલનો ૧૭૫ રનનો રેકોર્ડ તોડવા ઈચ્છે છે. ગેઇલે ૨૦૧૩ની સીઝનમાં આરસીબી તરફથી રમતા ગેઈલે પુણે વૉરિયર્સ સામે ૬૬ બૉલમાં ૧૭૫ રન કર્યા હતા અને અણનમ રહ્યો હતો.

૪. વૈભવ સિનિયર ભારતીય ટીમમાં હમણાં સ્થાન નહીં મળે તો પણ ઇન્ડિયા-એ તરફથી રમતો રહેશે. વૈભવની ઈચ્છા છે કે તે લિસ્ટ-એ વન-ડે ક્રિકેટમાં પહેલી બેવડી સદી ફટકારે.

૫. વૈભવનો ટાર્ગેટ હશે કે આઇપીએલની એક ઇનિંગ્સમાં સૌથી વધુ ૧૭ છગ્ગા ફટકારવાનો ક્રિસ ગેઇલનો રેકૉર્ડ તોડે. વૈભવ એક આઇપીએલ સીઝનમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો વિક્રમ પણ તોડવા ઈચ્છશે. ૨૦૧૨માં ક્રિસ ગેઇલે આરસીબી માટે ૫૯ છગ્ગા ફટકાર્યા હતા.

૬. વન-ડે ક્રિકેટમાં સૌથી ઝડપી સદી ફટકારવાનો લક્ષ્યાંક પણ વૈભવના મગજમાં હશે જ. સિનિયર ભારતીય ટીમમાં તક મળે તો એમાં અથવા જો તે ભારત માટે અંડર-૧૯ અથવા લિસ્ટ-એ મેચ રમે, તો તે સૌથી ઝડપી સદી ફટકારવા ઈચ્છશે. હાલ વન-ડે ક્રિકેટમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ એબી ડિવિલિયર્સના નામે છે, તેણે વેસ્ટ ઇન્ડીઝ સામે ૩૧ બૉલમાં સદી ફટકારી હતી.





૭. વૈભવ પાસે તક છે કે આઇપીએલ ૨૦૨૬માં તે ટૂર્નામેન્ટમાં તેની ૧૦૦ ટી-૨૦ સિક્સર પૂરી કરે, હાલ વૈભવના નામે ૬૨ સિક્સર છે.

૮. આઇપીએલમાં સૌથી ઝડપી સદીનો રેકૉર્ડ પણ વૈભવની નજરમાં હશે. આઇપીએલના ઇતિહાસમાં સૌથી ઝડપી સદીનો રેકૉર્ડ ક્રિસ ગેઇલના નામે છે, ગેઈલે માત્ર ૩૦ બૉલમાં સદી ફટકારી હતી. ■

# પિચ પર દોડી આવેલા ડૉગને અભિષેક પોરેલે વહાલપૂર્વક તેડીને મેદાનની બહાર મોકલી દીધો

નવી દિલ્હી: સામાન્ય રીતે ક્રિકેટના મેદાન પર કૂતરું દોડી આવે તો એને ડરાવીને ભગાડવામાં આવે છે, પણ તાજેતરમાં દિલ્હી કૅપિટલ્સના ખેલાડીઓની પ્રૅક્ટિસ ચાલી રહી હતી ત્યારે ગ્રાઉન્ડ પર દોડી આવેલા શ્વાનને વિકેટકીપર-બૅટ્સમૅન અભિષેક પોરેલે ઊંચકીને વહાલપૂર્વક મેદાનની બહાર મોકલી દીધો હતો. આ પ્રાણીપ્રેમ બદલ સોશ્યલ મીડિયા પર પોરેલની ખૂબ પ્રશંસા થઈ છે.

આઇપીએલ શનિવાર, ૨૮મી માર્ચે બેંગ્લૂરુમાં શરૂ થઈ રહી છે, પરંતુ દિલ્હી કૅપિટલ્સની પ્રથમ મૅચ બુધવાર, પહેલી એપ્રિલે લખનઊમાં લખનઊ સુપર જાયન્ટ્સ વિરુદ્ધ રમાશે. અક્ષર પટેલ દિલ્હીની ટીમનો કૅપ્ટન છે.

દિલ્હીની ટીમના ખેલાડીઓની પ્રૅક્ટિસ ચાલી રહી હતી અને અભિષેક પોરેલ બૅટિંગની પ્રૅક્ટિસમાં મશગૂલ હતો ત્યારે એક ડૉગ પિચ પર દોડી આવ્યો હતો. ડૉગ ભયભીત હતો અને આમથી તેમ દોડી રહ્યો હતો ત્યારે પોરેલ તેની નજીક ગયો હતો. ડૉગ પણ તેની પાસે આવ્યો હતો. બૅટ નીચે રાખીને પોરેલે ડૉગને પ્રેમપૂર્વક ઊંચકી લીધો હતો. એટલું જ નહીં, તેને ખભા પર તેડી લીધો હતો અને બાઉન્ડરી લાઇન તરફ દોડ્યો હતો.



ડૉગ મેદાનની બહાર જવા જાણે તૈયાર નહોતો એમ નીચે ઊતર્યા પછી પોરેલની સાથે તે દોડવા લાગ્યો હતો અને તેની સાથે કૂદકા મારીને બે ઘડી રમવા માંડ્યો હતો. દોડતાં દોડતાં ડૉગ બાઉન્ડરી લાઇનની બહાર ગયો હતો અને પોરેલનું કામ પૂરું થઈ જતાં તે પિચ તરફ પાછો આવી ગયો હતો. ■

# હાર્દિકે વાનખેડે મેદાનના દરેક માળીને આપ્યું ૧૦ હજાર રૂપિયાનું ઇનામ: જાણો શા માટે...

મુંબઈ: ભારતને તાજેતરમાં ટી-૨૦નો વર્લ્ડ કપ જિતાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યાના મતે એ ટૂર્નામેન્ટ પહેલાં મૅચ-ફિટ રહેવા તેણે વાનખેડે સ્ટેડિયમમાં ખૂબ પ્રૅક્ટિસ કરી હતી અને તાલીમના એ દિવસોમાં પ્રૅક્ટિસ માટેની સુંદર સગવડો ઊભી કરી આપવા બદલ હાર્દિકે વાનખેડેના મેદાનના દરેક માળીને ૧૦,૦૦૦ રૂપિયાનું ઇનામ આપ્યું છે.

હાર્દિકે વિશ્વ કપ પહેલાં રેડ-બૉલ ડોમેસ્ટિક સીઝન દરમ્યાન વાનખેડેમાં ઘણા દિવસ પ્રૅક્ટિસ કરી હતી. તેને ભૂતકાળમાં ઘણી વખત ઈજા નડી હોવાને કારણે તેણે અગત્યની મૅચ કે સિરીઝ ગુમાવવી પડી હતી. જોકે વર્લ્ડ કપ પહેલાં તેણે પૂર્ણપણે ફિટ રહેવા કમર કસી હતી અને એમાં તેને પ્રૅક્ટિસ અર્થે માળીઓનો સતત સાથ મળ્યો હતો. મુંબઈ ક્રિકેટ અસોસિયેશન (એમસીએ) દ્વારા પૂરી પાડવામાં આવતી પ્રૅક્ટિસ માટેની સુવિધાઓ હાર્દિકને માળીઓએ મોડી રાત સુધી પણ સરસ રીતે ઉપલબ્ધ કરી આપી હતી.



હાર્દિકે ગ્રાઉન્ડ સ્ટાફને વચન આપ્યું હતું કે તે તેમને વર્લ્ડ કપ પછી ઇનામ આપશે. એ પ્રૉમિસ હાર્દિકે શનિવારે શરૂ થઈ રહેલી આઇપીએલના પ્રસંગે મેદાનના દરેક માળીને ૧૦,૦૦૦ રૂપિયાનો ચેક આપીને પૂરું કર્યું હતું.

હાર્દિક ગુરુવારે વાનખેડે પર પહોંચ્યો હતો અને દરેક ગ્રાઉન્ડ્સમૅનને ચેક આપીને તેમનું સન્માન કર્યું હતું અને ફોટો માટેની વિનંતી થતાં તેમની સાથે પોઝ આપ્યો હતો. આ જ મેદાન પર ભારતે પાંચમી માર્ચે ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં ઇંગ્લૅન્ડને સાત રનથી હરાવીને ફાઇનલમાં સ્થાન પાક્કું કરી લીધું હતું. આઠમી માર્ચે અમદાવાદમાં ભારતે ન્યૂ ઝીલૅન્ડને ૯૬ રનથી પરાજિત કરીને વર્લ્ડ કપની ટ્રોફી જીતી લીધી હતી. ■

# આઈપીએલમાં ભારતના આ પાંચ ‘અજાણ્યા’ યુવા ખેલાડીઓ પર નજર

નવી દિલ્હી: શનિવાર, ૨૮મી માર્ચે શરૂ થઈ રહેલી આઇપીએલની ૧૯મી સીઝનમાં પાંચ એવા અનકૅપ્ડ ખેલાડી (ભારત વતી નથી રમ્યા એવા પ્લેયર) છે જેમના પર સૌની નજર રહેવાની છે. આ યુવાન ખેલાડીઓએ ત્રણ મહિના પહેલાંની હરાજીમાં કરોડો રૂપિયાના કૉન્ટ્રૅક્ટ જીતીને ધમાલ મચાવી દીધી હતી, પણ હવે મેદાન પર કમાલ બતાવવાનો સમય આવી ગયો છે.

આ પાંચ ખેલાડીએ દમદાર અને શાનદાર પ્રદર્શન કરીને આ સીઝનમાં પોતાની છાપ છોડવી પડશે.

બની શકે કે તેમને આઇપીએલના પર્ફોર્મન્સ પરથી ભારતીય ટીમમાં સ્થાન મળી શકશે.

હાર્દિક પંડ્યા અને જસપ્રીત બુમરાહ આઇપીએલની જ દેન છે. હવે આ વખતે નવા પાંચ ખેલાડીએ તેમના ફ્રૅન્ચાઇઝી માટે અપેક્ષા જેવું રમી બતાવવું પડશે.

### પાંચ અનકૅપ્ડ પ્લેયર

**પ્રશાંત વીર:** ચેન્નઈએ મૂળ ઉત્તર પ્રદેશના આ ૨૦ વર્ષીય ખેલાડીને ઑક્શનમાં ૧૪.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તે નીચલા ક્રમે તૂફાની બૅટિંગ માટે જાણીતો છે. તે લેફ્ટ-હૅન્ડ સ્પિનથી બૅટ્સમેનોને પરેશાન પણ કરી જાણે છે. કહેવાય છે કે આ ઑલરાઉન્ડર ચેન્નઈની ટીમમાં રવીન્દ્ર જાડેજાની ખોટ નહીં વર્તાવા દે.

જાડેજા હવે રાજસ્થાનની ટીમમાં છે. પ્રશાંતે ૨૦૨૫ની યુપી ટી-૨૦ લીગમાં ૧૫૫.૦૦ના સ્ટ્રાઇક-રેટથી ૩૨૦ રન કર્યા હતા અને આઠ વિકેટ મેળવી હતી.

**અશોક શર્મા:** મૂળ રાજસ્થાનના ૨૩ વર્ષીય પેસ બોલર અશોક શર્માને ગુજરાત ટાઇટન્સે ચાર ફ્રૅન્ચાઇઝી સાથેની હરીફાઈમાં છેવટે બેઝ પ્રાઇસ કરતાં ત્રણ ગણા ભાવે ખરીદ્યો હતો. સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં તેણે કલાકે ૧૫૦ કિલોમીટરની ઝડપે બોલિંગ કરી હતી. એમાં તેણે ૧૦ મૅચમાં બાવીસ વિકેટ લીધી હતી.

**આકિબ નબી:** દિલ્હી કૅપિટલ્સે આકિબને હરાજીમાં ૮.૪૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તાજેતરમાં જમ્મુ-કાશ્મીરને ઐતિહાસિક રણજી ટ્રોફી ટાઇટલ અપાવવામાં આકિબનું મોટું યોગદાન હતું. તેના બૉલ ખૂબ ઝડપી હોય છે અને લાઇન ઍન્ડ લેન્ગ્થ જાળવવામાં પણ તે માહિર છે.

**કાર્તિક શર્મા:** ચેન્નઈએ વિકેટકીપર-બૅટ્સમૅન કાર્તિક શર્માને પણ હરાજીમાં ૧૪.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. હવે તેણે પણ આ ઊંચી કિંમતનું વળતર ટીમને ચૂકવવાનું છે. તે આક્રમક બૅટિંગ માટે જાણીતો છે. લાંબા લાંબા છગ્ગા ફટકારવા કાર્તિક શર્માની ખાસિયત છે.

**મુકુલ ચૌધરી:** લખનઊએ ૨૧ વર્ષના મુકુલને હરાજીમાં ૨.૬૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તે ડોમેસ્ટિક ક્રિકેટમાં રાજસ્થાન વતી રમે છે. તે વિસ્ફોટક બૅટિંગ માટે જાણીતો છે.

તાજેતરમાં તેણે ડોમેસ્ટિક ક્રિકેટમાં પાંચ ઇનિંગ્સમાં ૨૦૦.૦૦ જેટલા સ્ટ્રાઇક-રેટ સાથે કુલ ૧૭૩ રન કર્યા હતા. તે ચોગ્ગા-છગ્ગા ફટકારીને બાજી પલટાવી જાણે છે. લખનઊની ટીમમાં કૅપ્ટન-વિકેટકીપર રિષભ પંતની હાજરીમાં તેને રમવાનો કેવો મોકો મળશે એ જોવું રહ્યું. ■

# પાકિસ્તાનમાં બૉલની બબાલ: વાઇટ બૉલ અચાનક પિન્ક બૉલ થઈ ગયો!

લાહોર પાકિસ્તાન ક્રિકેટ બોર્ડની પાકિસ્તાન સુપર લીગ નામની ટી-૨૦ લીગ ગુરુવારે નિરાશાજનક અને વિવાદાસ્પદ માહોલમાં શરૂ તો થઈ, પરંતુ પહેલી જ મૅચમાં બૉલના મુદ્દે અભૂતપૂર્વ બબાલ થઈ ગઈ. મૅચમાં વપરાયેલો વાઈટ બૉલ અચાનક પિન્ક બૉલમાં ફેરવાઈ ગયો હતો.

### ક્રિકેટમાં પહેલી જ ઘટના

ડે-નાઇટ ટેસ્ટ મૅચોમાં ગુલાબી બૉલ વાપરવાની પ્રથા લગભગ એક દાયકાથી ચાલી રહી છે, પરંતુ પીએસએલની મૅચમાં જે બન્યું એવું અગાઉ ક્યારે કોઈ ક્રિકેટ મૅચમાં નહોતું બન્યું.

### ખરેખર શું કારણ હતું?

લાહોરના ગદાફી સ્ટેડિયમમાં લાહોર કલંદર્સ અને હૈદરાબાદ કિંગ્સમેન વચ્ચે મૅચ ચાલી રહી હતી. આ મૅચમાં સ્વાભાવિક રીતે વાઈટ બૉલ જ વાપરવામાં આવ્યો હતો, પરંતુ મૅચ દરમ્યાન બૉલનો રંગ અચાનક બદલાઈ ગયો હતો.



બૉલ સફેદમાંથી ગુલાબી થઇ ગયો હતો. એનું કારણ એ હતું કે હૈદરાબાદ કિંગ્સમેન ટીમના ખેલાડીઓએ જે ટુવાલથી બૉલ સાફ કર્યો હતો એ ટુવાલની ડાઇ બૉલ પર લાગી જવાને કારણે બૉલનો રંગ ગુલાબી થઇ ગયો હતો.

અમ્પાયરોનું ધ્યાન ગયું એટલે તેમણે તરત બૉલ બદલી નાખ્યો હતો. તેમણે ‘પિન્ક બૉલ’ પાછો આપીને વાઈટ બૉલ મગાવ્યો હતો.

હૈદરાબાદ કિંગ્સમેન ટીમના કેપ્ટન માર્નસ લાબુશેને મૅચ પછી કહ્યું, ‘મેં મારી જિંદગીમાં આવું પહેલી જ વખત જોયું.’

### સોશ્યલ મીડિયામાં ટિપ્પણીઓ

પીએસએલની મૅચો પશ્ચિમ એશિયાના યુદ્ધને ધ્યાનમાં લઈને માત્ર લાહોર અને કરાચીના મેદાનો પર જ રમાવાની છે. પીએસએલની મૅચ વખતે આ મેદાનોના સ્ટેડિયમોમાં પ્રેક્ષકોને આવવાની મનાઈ છે. સોશિયલ મીડિયામાં કેટલાક ક્રિકેટ પ્રેમીઓએ ટિપ્પણી કરી છે કે પીસીબીએ કદાચ નિયમમાં ફેરફાર કરીને પહેલી મૅચમાં પિન્ક બૉલનો ઉપયોગ કર્યો હશે.

બીજા એક જણની એવી કમેન્ટ હતી કે પીસીબીએ કદાચ ડોમેસ્ટિક ટી-૨૦માં ગુલાબી બૉલ વાપરવાની શરૂઆત કરી હશે.

જોકે એવું કંઈ જ નહોતું અને હૈદરાબાદની ટીમ માટે વપરાતા ટુવાલનો રંગ બૉલ પર લાગી ગયો હતો અને વાઈટ બોલ પિન્ક બૉલમાં ફેરવાઈ ગયો હતો.

### મૅચનું શું પરિણામ આવ્યું?

લાહોર કલંદર્સ ટીમે ૨૦ ઓવરમાં ફખર ઝમાનના ૫૩ રનની મદદથી છ વિકેટે ૧૯૯ રન કર્યા હતા. ત્યાર બાદ લાહોરની ટીમના બોલર સિકંદર રઝા, હારિસ રઉફ અને ઉબૈદ શાહની બે-બે વિકેટને કારણે હૈદરાબાદની ટીમ ફક્ત ૧૩૦ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી અને લાહોરની ટીમનો ૬૯ રનથી વિજય થયો હતો. શાહીન શાહ આફ્રિદી વિજેતા ટીમ લાહોર કલંદર્સનો અને માર્નસ લાબુશેન પરાજિત ટીમ હૈદરાબાદ કિંગ્સમેનનો કેપ્ટન હતો. ■

# એશિયન આર્ચરીમાં ભારતીય પુરુષ તીરંદાજોનો સપાટો

## ૧૦ મેડલ પર કર્યો કબજો

બૅન્ગકૉક: અહીં શુક્રવારે તીરંદાજીની એશિયા કપ વર્લ્ડ રૅન્કિંગ ટૂર્નામેન્ટ સ્ટેજ-વનમાં ભારતીય સ્પર્ધકોએ સપાટો બોલાવ્યો હતો. અગાઉની સ્પર્ધાની તુલનામાં આ વખતે ભારતીયો ઓછા ગોલ્ડ મેડલ જીત્યા છે, પરંતુ ખાસ કરીને કમ્પાઉન્ડ કૅટેગરીમાં ૧૦ ચંદ્રક જીતીને ભારતીયો છવાઈ ગયા છે.

મિક્સ્ડ ટીમ સ્પર્ધામાં ભારતે ગોલ્ડ મેડલ અને મહિલાઓની ટીમ ઇવેન્ટમાં સિલ્વર મેડલ મેળવ્યો હતો. શુક્રવારે બપોરે રિકર્વ કૅટેગરીમાં બે સિલ્વર મળતાં ભારત પાસે કુલ બે ગોલ્ડ, ચાર સિલ્વર અને ચાર બ્રૉન્ઝ મેડલ હતા.

ગયા વખતની સ્પર્ધામાં ભારતીયો આઠ મેડલ જીત્યા હતા અને આ વખતે શુક્રવારે તેમના નામે ૧૦ ચંદ્રક હતા. પુરુષોની કમ્પાઉન્ડ કૅટેગરીમાં ભારતને વ્યક્તિગત ઇવેન્ટમાં ઉદય કમ્બોજે ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. ઑલ-ઇન્ડિયન ફાઇનલમાં ઉદયે પ્રથમેશ જાવકરને ૧૪૫-૧૪૪થી હરાવ્યો હતો. આ જ વર્ગમાં ભારતનો રજત ચૌહાણ બ્રૉન્ઝ જીત્યો હતો. રજતે બૅન્ગકૉકના જ પીરાવત રૅટનાપૉન્ગકિયાતને રોમાંચક મુકાબલામાં ૧૪૫-૧૪૪થી પરાજિત કરીને કાંસ્ય ચંદ્રક જીતી લીધો હતો. ૨૦૨૫માં ભારતે આ એશિયન સ્પર્ધામાં રિકર્વ સેક્શનમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો, પણ આ વખતે એમાં નિષ્ફળતા જોવા મળી છે. ભારતીયોએ આ વર્ગમાં બે સિલ્વર મેડલ જીતીને થોડી આબરૂ સાચવી છે. ■

# કાશ્મીરમાં હિમપ્રપાત થતાં છનાં મોત

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુઃ જમ્મુ-કાશ્મીરના ઝોજિલામાં એક પ્રવાસી વાહન હિમસ્ખલનની ઝપેટમાં આવી જતાં ઓછામાં ઓછા છ જણનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હોવા ઉપરાંત પાંચ જણ ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ બચાવ ટુકડી ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને કાટમાળમાંથી મૃતદેહો બહાર કાઢ્યા હતા.

ઘાયલોને સારવારાર્થે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું. બચાવ કામગીરી અને કાટમાળ હટાવવાનું કામ હજુ પણ ચાલુ જ છે, એમ તેમણે કહ્યું હતું. ■


## ક્લાસિફાઈડ

### ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપારલા (ઈસ્ટ)**
Shop વેચાણથી, નેહરુ રોડના પ્રાઈમ લોકેશનમાં, સ્ટેશન પાસે, 225' દુકાન વેચાણથી, 12' હાઈટ, દરેક રિટેલ ધંધા માટે ઉત્તમ. સંપર્ક કૈલાસ ગાયકવાડ - 9869035859. (જેપી/૪૫૫૦-જી)

**ચેમ્બુર - પેસ્ટમ સાગર**
**અમર મહેલ પાસે વ્યવસાયિક જગ્યા લીવ લાઈસન્સથી 650' કાર્પેટ આપવાની છે. ઑફિસ, ટ્યુશન ક્લાસીસ, સ્પા, પેથોલોજી લેબ, પીજી આવાસ, ક્લિનિક, બુટિક વગેરે માટે ઉત્તમ. ''ઓનર'': ''કોટક'': 9821054415 / 9004457259. (એસડીબીજી-૩૧૭૩)**

**મરીનલાઈન્સ**
600' ફર્નિશ્ડ ઓફિસ, પ્રાઈવેટ વોશરૂમ સાથે 2,40,00,000 વેચાણથી (દલાલ માફ). 9819569698. (૯૩૬-એ)

**ઓપેરા હાઉસ**
2250' સીવ્યુ ઓફિસ 2 પાર્કિંગ 4,00,000 ભાડે મળશે. 9819569698. (૯૩૬-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
કૈલાસ પ્લાઝા, બ્રાન્ડ ન્યુ ઓફિસો 140'/79'/ 79'/ 720' કારપેટ સાથે/ અલગ, ભાડેથી/ વેચાણથી. ઓનર- 9769287479. (૯૩૭-સી)

**Commercial Offices**
440' and અને 880' રેરા કાર્પેટ, સ્વસ્તિક હાઉસ, બીજો માળ, એસવી રોડ ટચ, કાંદિવલી પશ્ચિમ, રેડી પઝેશન. કૉલ કરોઃ 9820866563. (જેપી-૪૫૫૦-ડી)

**મલાડ (વેસ્ટ)**
**BJ પટેલ રોડ, ગ્રાઉન્ડ ફ્લોર 1200' + 680' લોફ્ટ + 680' બેઝમેન્ટ ટોટલ 2560' કાર્પેટ દુકાન વેચવાની છે. - 9820054730, 9920041841. (એસડીબી-૩૧૭૭)**

**તારદેવ**
ભાટિયા હોસ્પીટલ પાસે, કલીનીક માટે અતિ ઉત્તમ, ૨૨૫' કાર્પેટ, સેલ્ફ કન્ટેન્ડ સંપર્ક રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૭૩૧૭)

**''ઓપેરા હાઉસ''**
ઓફિસ લીઝ - 312' ગોડાઉન - ડિસ્ટ્રીબ્યુટર, આંગડિયા (બેઝમેન્ટ) લેવા - આપવા - લીઝ - રિડેવલપમેન્ટઃ 9867222020. (૯૪૫-એ)

**ઘાટકોપર (ઈસ્ટમાં)**
નવા બંધાતા 16 માળના કમર્શિયલ ટાવરમાં ઓફિસીસ વેચાણથી, MG રોડ, પ્રાઈમ લોકેશન, 16 સ્લેબ કંપ્લીટેડ. (Special Festival Offer) સંપર્ક - 9769345176/ 9757252097. (૯૩૯-બી)

**SOUTH MUMBAI**
Huges Road 1500 sqft Showroom 9 Lacs, CR-2 Churchgate 2000 sqft 24 Cr./ 12 Lacs Rent. Aman Chambers, 2000 sqft 9.90 Cr. - Dadar 2400 sqft 1st Floor 6 Lacs Rent, Office / Showroom, Mahim 11000 sqft - 16 Lacs Rent, Kemps Corner 4000 sqft 16 Lacs, Peddar Road 2000 sqft 8.50 Lacs, Shop, Showroom, Office, Storage, Sale / Rent / Buy / Ashok Turakhia 9820777676. (B-17305)

**KALA GHODA**
**Nariman Point, Fort, Require 100 to 2000 Sq. Ft. Office Space for Rent and Outright. Call Megh Shah 9870032042. (B-17275)**

**SION (WEST),**
**Near Gurukripa Hotel - Area: 400 sq. ft. + Separate Covered Space 250 sq. ft. available on L/L, Suitable for: Tuition Classes, Nursery / Playgroup, Music - Dance Classes, Meditation / Yoga, Owner: Kotak: 9821054415 / 9004457259. (SDBG-3172)**

VIKHROLI (WEST), LAL Bahaddur Shashtri Marg, Indraprastha Commercial - Prime Office Space for Sale. 1200 Square Feet (Carpet), Second Floor, 12 Feet Height, Next to Big IT Park & Metro Station, Railway Station 7 Minutes Walk. Rs. 3.30 Cr. (Negotiable) Contact: Dinesh Motta (Owner) 9820155784. (B-17310)

### ૨૩. મનોરંજન

**પ્રાર્થનાસભા 3500/- થી 7250/- (બોરીવલીથી મલાડ), લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન, સાંજી, BABY SHOWER, ANNIVERSARY. બજેટથી. મનસુખભાઈ 9326801860/ 8169552801. (૯૩૪/એ)**

**પ્રાર્થના - 6,500/-**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૯૪૦-આઈ)

### ૩૧. નાણાંકીય

**"FREE - FREE"**
'શેર' ગોતો - ''કરોડપતિ બનો...'' તમારાઃ ખોવાયેલાં/ ગુમાવેલાં/ વારસાગત 'શેર' ''ફ્રીમાં'' ગોતી આપશું. તથા IEPF/ ટ્રાન્સમીશન/ ડુપ્લીકેટ/ ડીમેટની સર્વિસ આપશું. ''ઈન્વેસ્ટમેન્ટ હાઉસ'', Whatsapp - 8433779853, 8291225710. (બી-૧૭૨૬૭)

**PRE-IPO**
Investment Opportunity - Safe and Secure, Buy Back. Whatsapp - 9833105304. (531/A)

### ૩૨. જમીન-મિલકત

**દેવલાલી**
5 બેડરૂમ અતિ સુંદર બંગલો વિલા With Garden ભરપૂર હવા ઉજાસ પાણી તુરંત કબજો. યોગેનભાઈ 9869170308. (બી-૧૭૩૨૫)

### ૩૩. ધંધાદારી

**મેડિક્લેઈમ પોલિસી**
નો GST, LIC અને મેડિક્લેમ પોલિસી ફેમિલિ ફ્લોટર, મેડિક્લેમ પોલિસી 0 થી 75 અને 10 લાખથી 1 કરોડ નો મેડિકલ રિપોર્ટ 3 વર્ષની પોલિસીમાં, EMIની સગવડતા ઉપલબ્ધ. વધુ વિગત માટે સંપર્કઃ- ''દિલીપભાઈ'' - 9136621227. (૯૨૬-એ)

**LAISONING SERVICES**
મ્હાડા ફલેટ, દુકાન ટ્રાન્સફર, પ્રોપર્ટી કાર્ડ, સોસાયટીના નામ પર મ્યુનિસિપલ કલેકટર, મ્હાડા. કોઈપણ પેન્ડિંગ કામ સંપર્કઃ- પ્રકાશ પરીખ - 9324092804. (૫૩૨-સી)

■ જૂની, નવી સાડીઓ, ચણીયા, બ્લાઉઝ, રજાઈઓનું વ્યાજબી ભાવે વેચાણઃ 9769610343. (૯૪૨-એ)

**WATER PROOFING**
**ટેરેસ, બહારની દિવાલ, છજ્જા, ALL CHEMICAL TREATMENT. (10% બાકી). 7977141377. (૮૯૨-એ)**

**શુભ પ્રસંગો**
તથા ધાર્મિક પ્રસંગો નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો ફેકટરી ભાવે MALAD-9930310057 ZAVERI BAZAR-9987418434. (બી-૧૭૨૫૭)

■ ઉચ્ચ ક્વોલિટી ડીટરજેન્ટ પાવડર બલ્ક ક્વાન્ટિટીમાં મળશે. મિનિમમ ઓર્ડર - 10 ટન. સંપર્ક - દિલેશ મેહતા, જામનગર - 9328333443. (એસડીબી-૩૧૬૭)

**પાણીની ટાંકીઓ**
મશીનથી - કુવા - સોસાયટીની - ઘરની ટાંકીઓની સફાઈ. યોગી એન્ટરપ્રાઈઝઃ- 9820776583/ 9892298963. (૮૬૯/એ)

**CABLE TIE (SECURITY SEAL)**
**Nylon 100% Virgin, Size 150 mm x 3.00 mm Black Colour available in Bulk. Contact 7021978766 / 9323101902 Email: mukeshpujara@yahoo.com (933-A)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ


■ ''એસ પેસ્ટ કન્ટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675/ 9326448699. (કાંદિવલી). (૮૭૨/સી)

### ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૨૦૬)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)



**ભવ્ય એરપોર્ટઃ** બહુ જ આતુરતાપૂર્વક જેની રાહ જોવાઈ રહી છે એ નોએડા ઈન્ટરનેશનલ ઍરપોર્ટ (એનઆઈએ)નું વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે ઉદ્‌ઘાટન કરશે. રાજધાની દિલ્હી વિસ્તારમાં આ બીજું મહત્ત્વનું ઍરપોર્ટ હશે જે દેશને વૈશ્વિક એવિયેશન હબ બનાવવાના પ્રયાસોને વેગ આપશે. (એજન્સી)

# પરણેલો પુરુષ લિવ-ઇન રિલેશનશિપમાં રહે તો તે ગુનો નથીઃ હાઇ કોર્ટ

અલાહાબાદઃ અહીંની વડી અદાલતે શુક્રવારે આપેલા એક ચુકાદામાં જણાવ્યું હતું કે પરણેલો પુરુષ લિવ-ઇન રિલેશનશિપમાં રહે તો તે ગુનો નથી.

તેણે જણાવ્યું હતું કે 'સામાજિક નૈતિકતા'નું કારણ આપીને નાગરિકોના અધિકારોનું રક્ષણ કરવા માટેની અદાલતની ફરજથી ઉપરવટ જઇ ન શકાય.

ન્યાયાધીશ જે. જે. મુનિર અને ન્યાયાધીશ તરુણ સક્સેનાની ખંડપીઠે આ કેસની સુનાવણી કરી હતી, જેમાં લિવ-ઇન રિલેશનશિપમાં રહેતા દંપતીએ મહિલાના પરિવારની ધમકી સામે રક્ષણ માગ્યું હતું.

ડિવિઝન બૅન્ચે જણાવ્યું હતું કે પરણેલો પુરુષ પુખ્તવયની મહિલાની સંમતિથી તેની સાથે લિવ-ઇન રિલેશનશિપમાં રહે તો તેને ગુનો ગણી ન શકાય.

સામાજિક નૈતિકતા અને કાયદાને અલગ-અલગ રાખવા જોઇએ. જો કાયદા હેઠળ કોઇ ગુનો ગણાતો ન હોય, તો કોઇ પણ અદાલત સામાજિક નૈતિકતાના આધારે કાર્યવાહી કરવા આદેશ આપીને નાગરિકોના અધિકારોના રક્ષણ માટેની ફરજ છોડીને પગલાં ભરી ન શકે.

વડી અદાલતે જણાવ્યું હતું કે જે મહિલાને પરિવારના સભ્યો તરફથી ધમકી મળી રહી છે, તેણે ઉત્તર પ્રદેશના શાહજહાંપુરના પોલીસ સુપરિન્ટેન્ડન્ટને સંબંધિત ફરિયાદ કરતી અરજી આપી જ છે. મહિલાએ અરજીમાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે હું પુખ્તવયની છું અને મારી મરજીથી એક પુરુષની સાથે લિવ-ઇન રિલેશનશિપમાં રહું છું. મારા માતા-પિતા અને પરિવારના અન્ય સભ્યો અમારા સંબંધની વિરુદ્ધમાં છે અને અમને મારી નાખવાની ધમકી આપે છે.

અદાલતે જણાવ્યું હતું કે મહિલાએ પોલીસ સુપરિન્ટેન્ડન્ટને ફરિયાદ કરી હોવા છતાં કોઇ કાર્યવાહી નથી કરાઇ. લિવ-ઇન રિલેશનશિપમાં રહેતી પુખ્તવયના બે જણને રક્ષણ પૂરું પાડવાની પોલીસની ફરજ છે. (એજન્સી)■

# રેપર બાલેન શાહ નેપાળના ૪૭મા વડા પ્રધાન બન્યા

કાઠમંડુઃ કાઠમંડુના ભૂતપૂર્વ મેયર અને પ્રખ્યાત રેપર બાલેન શાહે નેપાળના ૪૭મા વડા પ્રધાન તરીકે શપથ લીધા. રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત એક ખાસ સમારોહમાં રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. બાલેન્દ્ર શાહ 'બાલેન' એ શુક્રવારે નેપાળના લોકશાહી રીતે ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે શપથ લીધા. કે. પી. શર્મા ઓલીના નેતૃત્વ હેઠળની સરકારને જેન-ઝીના વિરોધમાં હટાવ્યાના છ મહિના બાદ લીધા હતા. આ વિરોધ પ્રદર્શને દેશને હચમચાવી નાખ્યો હતો. ૩૫ વર્ષીય રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટી (આરએસપી) ના નેતાએ શીતલ નિવાસમાં રાષ્ટ્રપતિ કાર્યાલયમાં બપોરે ૧૨.૩૪ વાગ્યે એક સમારોહમાં શપથ લીધા હતા.

બાલેન એક એન્જિનિયર પણ છે. તેઓ નેપાળમાં લોકશાહી રીતે ચૂંટાયેલા સૌથી નાની ઉંમરના વ્યક્તિ છે, અને મધેશ પ્રદેશમાંથી ટોચના કાર્યકારી પદ સંભાળનારા પ્રથમ વ્યક્તિ પણ છે.



બંધારણની કલમ ૭૬ (૧) અનુસાર રાષ્ટ્રપતિ રામ ચંદ્ર પૌડેલ દ્વારા તેમને ૪૭મા વડાપ્રધાન તરીકે શપથ લેવડાવ્યા હતા. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ભૂતપૂર્વ વડાપ્રધાન ઓલીના નેતૃત્વ હેઠળની ગઠબંધન સરકારને પદભ્રષ્ટ કરવામાં આવી હતી, ભ્રષ્ટાચાર, ભાઈ-ભત્રીજાવાદ અને સોશિયલ મીડિયા પર પ્રતિબંધના કારણે શરૂ થયેલ વિરોધ પ્રદર્શન હિંસામાં ફેરવાયો હતો. બાલેનના શપથ ગ્રહણ સમારોહમાં હિન્દુ અને બૌદ્ધ ધાર્મિક પરંપરાઓનું એક અનોખું મિશ્રણ જોવા મળ્યું હતું

તેમાં વિસ્તૃત ધાર્મિક વિધિઓનો સમાવેશ થતો હતો, જેમાં સાત બ્રાહ્મણો દ્વારા શંખનાદ ૧૦૮ હિન્દુ બટુક અથવા યુવાન બ્રાહ્મણો દ્વારા વૈદિક સ્તોત્રોનું પાઠ અથવા સ્વસ્તિ બચન અને ૧૦૭ લામાઓ દ્વારા મંગલ બચન અથવા બૌદ્ધ ગ્રંથનું પાઠનો સમાવેશ થતો હતો. સૂત્રોએ જણાવ્યું છે કે બાલેન ૧૫ થી ૧૮ મંત્રીઓની સંખ્યા સાથે એક નાનું મંત્રીમંડળ બનાવે તેવી શક્યતા છે.

પાંચ માર્ચની સામાન્ય ચૂંટણીમાં કાઠમંડુના ભૂતપૂર્વ મેયરે ઝાપા-૫ મતવિસ્તારમાં ચાર વખતના વડાપ્રધાન શર્મા ઓલીને મોટા માર્જિનથી હરાવ્યા હતા, જે નેપાળની કમ્યુનિસ્ટ પાર્ટી (યુનિફાઇડ માર્ક્સવાદી-લેનિનવાદી)નો લાંબા સમયથી ગઢ રહ્યો છે. ચૂંટણીમાં આરએસપીએ જંગી વિજય મેળવ્યો હતો, જેમાં કુલ ૨૭૫ બેઠકોમાંથી ૧૮૨ બેઠકો મેળવી હતી, જેના કારણે તે બહુમતી સરકાર બનાવી શક્યા હતા. મોદીએ નેપાળના નવા વડાપ્રધાન બનવા બદલ બાલેન્દ્ર શાહને અભિનંદન આપ્યા હતા. ■

## કર્ણાટકમાંથી એન્જિનિયરિંગમાં માસ્ટર્સ કર્યું છે બાલેન શાહે

કાઠમંડુઃ બાલેન્દ્ર શાહ ઉર્ફ બાલેન શાહે નેપાળના નવા વડા પ્રધાન તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. પ્રખ્યાત રેપર, સ્ટ્રક્ચરલ એન્જિનિયર, જેન-ઝીના આઇકોન અને નેપાળના સૌથી યુવા લોકશાહી રીતે ચૂંટાયેલા વડા પ્રધાને ઘણા પહેલી વખતના કાર્યો કર્યા છે.

૩૫ વર્ષીય બાલેન મધેસ ક્ષેત્રમાંથી આવનારા પ્રથમ વ્યક્તિ પણ છે. તેઓ દેશના ૪૭મા વડા પ્રધાન બન્યા છે. તેમણે ચાર વખત વડા પ્રધાન રહી ચૂકેલા ઓલીને ઝાપા-૫ મતવિસ્તારમાંથી લગભગ ૫૦,૦૦૦ મતના મોટા માર્જિનથી હરાવ્યા હતા. ટાઇમ મેગેઝિનની ૨૦૨૩ના ટોચના ઉભરતા નેતાઓમાં યાદીમાં સામેલ બાલેનને કાઠમંડુના મેયર તરીકે કામ કરતી વખતે પ્રસિદ્ધિ મળી હતી. તેમને મોટા પાયે સુધાર કાર્યક્રમ લાગુ કરવા અને મહાનગરને સુંદર બનાવવાનો શ્રેય આપવામાં આવે છે. જો કે બાલેનનો મેયરનો કાર્યકાળ વિવાદાસ્પદ રહ્યો હતો. રાજધાનીમાં મોટાપાયે તોડફોડ માટે તેમને ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો. કાઠમંડુમાં જન્મેલા બાલેનનો પરિવાર મૂળ મધેશ પ્રદેશનો વતની છે. તેઓ રામ નારાયણ શાહ અને ધ્રુવાદેવી શાહના સૌથી નાના પુત્ર છે. તેમને બાળપણથી જ સંગીત અને કવિતમાં ઊંડી રૂચિ હતી અને શાળાના દિવસોમાં તેઓ રેપ સંગીત તરફ વળ્યા હતા.

કાઠમંડુથી સિવિલ એન્જિયરિંગની ડિગ્રી પૂર્ણ કર્યા પછી બાલેને કર્ણાટકની વિશ્વેશ્વરાય ટેકનોલોજીકલ યુનિવર્સિટી(વીટીયુ)માંથી સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી. તેમણે ૨૦૧૮માં સબિના કાફલે સાથે લગ્ન કર્યા હતા. ■

**૧૬૫ વર્ષની પરંપરા પર પૂર્ણવિરામ**

# અમેરિકી ડૉલરની નોટ પર હવે ટ્રમ્પની સહી હશે

વૉશિંગ્ટનઃ અમેરિકામાં ડૉલરની નોટોમાં એક મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના હસ્તાક્ષર હવે ડૉલરની નવી કાગળની નોટો પર છાપવામાં આવશે. અમેરિકન ઇતિહાસમાં આ પહેલી વાર બનશે કે કોઈ વર્તમાન પ્રમુખને તેમના ચલણ પર આ રીતે સામેલ કરવામાં આવશે. ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે ગુરુવારે જાહેરાત કરી હતી કે દેશની આઝાદીના ૨૫૦મા વર્ષની ઉજવણી માટે આ પગલું લેવામાં આવી રહ્યું છે. ૧૮૬૧ થી ચાલી આવતી ૧૬૫ વર્ષ જૂની પરંપરા તોડવામાં આવશે. અત્યાર સુધી નોટો પર ફક્ત નાણાં પ્રધાન અને અમેરિકાના ટ્રેઝરરના હસ્તાક્ષર જ હતા. ટ્રેઝરરના હસ્તાક્ષર દૂર કરવામાં આવશે.

અમેરિકાના ટ્રેઝરર બેન્ડન બીચે 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું હતું કે અમેરિકાની ૨૫૦મી વર્ષગાંઠની ઉજવણીમાં પ્રમુખ ડોનલ્ડ જે ટ્રમ્પ અને (ટ્રેઝરી) સેક્રેટરી સ્કોટ બેસેન્ટના હસ્તાક્ષર ટૂંક સમયમાં અમેરિકાના ચલણ પર દેખાશે, જે ઇતિહાસમાં પહેલી વાર થશે અને આ પ્રમુખના નેતૃત્વ અને આપણા મહાન રાષ્ટ્ર પ્રત્યેના તેમના સમર્પણનું પ્રતીક છે, જેની અસર લાંબા સમય સુધી રહેશે. આ મહિનાની શરૂઆતમાં એક ફેડરલ આર્ટ્સ કમિશને અમેરિકન સ્વતંત્રતાની ૨૫૦મી વર્ષગાંઠની ઉજવણીમાં મદદ કરવા માટે ટ્રમ્પની તસવીર ધરાવતા ૨૪-કેરેટ સોનાના એક સ્મારક સિક્કા માટે ફાઈનલ ડિઝાઈનને મંજૂરી આપી હતી. તે ફક્ત બીજી વખત હશે જ્યારે કોઈ જીવિત રાષ્ટ્રપતિને કોઈ સિક્કા પર દર્શાવવામાં આવશે.

# હોર્મુઝ ખાડીમાં 'ટોલ બૂથ' શરૂ કર્યું છે ઈરાને

ફ્રેન્કફર્ટઃ મિડલ-ઈસ્ટમાં યુદ્ધ છતાં ઈરાને વિશ્વના ક્રૂડ ઓઈલના સપ્લાય માટેના મહત્ત્વપૂર્ણ માર્ગ હોર્મુઝ સ્ટ્રેટ પર પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. તે આ વિસ્તારમાં પોતાની પકડ વધુને વધુ મજબૂત કરી રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના મેરિટાઇમ ઓથોરિટીને ઈરાનના સંદેશાઓ અને સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજોનો અનુભવો પરથી જાણવા મળે છે કે ઈરાન દ્વારા ત્યાં એક પ્રકારે ટોલ બૂથ બનાવવામાં આવી રહ્યું છે. જહાજોએ ઈરાનના જળક્ષેત્રમાં પ્રવેશ કરવો પડશે અને ઈરાનના ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ તેનું નિરીક્ષણ કરશે અને ઓછામાં ઓછા બે જહાજોએ ત્યાંથી પસાર થવાના બદલામાં નાણાની ચૂકવણી કરી છે. ઈરાન યુદ્ધ શરૂ થયા પછી આ સ્ટ્રેટમાંથી પસાર થતા ટ્રાફિકમાં ૯૦ ટકાનો ઘટાડો થઈ ગયો છે જેના કારણે વૈશ્વિક સ્તરે તેલના ભાવ આસમાને પહોંચી ગયા છે અને એશિયન દેશો પર ચિંતાજનક અછત ઉભી થઈ છે જે પર્શિયન ગલ્ફ દેશોમાંથી આ સ્ટ્રેટ મારફતે ક્રૂડ ઓઈલ મેળવે છે. શિપિંગ ઇન્ફર્મેશન ફર્મ 'લોયડ્સ લિસ્ટ ઇન્ટેલિજન્સ' અનુસાર, ૧ માર્ચથી ટેન્કર અને કન્ટેનર જહાજો સહિત માત્ર ૧૫૦ જહાજો જ ત્યાંથી પસાર થઈ શક્યા છે. જે યુદ્ધ પહેલાના સામાન્ય ટ્રાફિક કરતાં થોડો વધારે છે. ડેટા અને એનાલિટિક્સ ફર્મ કેપ્લરના જણાવ્યા અનુસાર, ઈરાનના ખાર્ગ આઇલેન્ડ ટર્મિનલે માર્ચમાં ૧૬ લાખ બેરલ લોડ કર્યું હતું - જે યુદ્ધ પહેલાના માસિક લોડિંગ આંકડામાં મોટાભાગે અપરિવર્તિત છે. મોટાભાગના ગ્રાહકો ચીનની નાની અને ખાનગી રિફાઈનરીઓ છે જેને અમેરિકાના પ્રતિબંધોની કોઈ ચિંતા નથી. તાજેતરના અઠવાડિયામાં જે જહાજો ત્યાંથી પસાર થવામાં સફળ રહ્યા છે તેમાંથી મોટાભાગના ગલ્ફમાંથી પૂર્વ તરફ ગયા છે. ઈરાન સાથે જોડાયેલા જહાજોનો હિસ્સો ૨૪ ટકા, ગ્રીસનો ૧૮ ટકા અને ચીનનો ૧૦ ટકા રહ્યો છે. સચોટ રીતે તપાસ કરતા જાણવા મળે છે કે યુદ્ધના શરૂઆતના સમયમાં ઈરાન સાથે જોડાયેલા જહાજોનો હિસ્સો ૬૦ ટકા હતો અને છેલ્લા દિવસોમાં તે વધીને લગભગ ૯૦ ટકા થઈ ગયો છે. લગભગ અડધા જહાજો રેડિયો સિસ્ટમને બંધ કરીને પસાર થયા છે અને બાદમાં બીજી તરફ ઓમાનના અખાતમાં ફરી દેખાય છે. દરિયાઈ સુરક્ષા પર નજર રાખતી યુએનની ઈન્ટરનેશનલ મેરિટાઈમ ઓર્ગેનાઈઝેશનના જણાવ્યા અનુસાર, ઓછામાં ઓછા ૧૮ જહાજો પર હુમલો કરવામાં આવ્યો છે અને ઓછામાં ઓછા સાત ક્રૂ સભ્યો માર્યા ગયા છે. તેણે સ્પષ્ટ કર્યું નથી કે કયા રાષ્ટ્રએ જહાજો પર હુમલો કર્યો હતો. ■

# ૫૩.૪૭ લાખ કરોડના ખર્ચ સાથેનું બજેટ મંજૂર

નવી દિલ્હીઃ રાજ્યસભાએ શુક્રવારે નાણાંકીય ખરડા ૨૦૨૬ને ધ્વનિ મતથી મંજૂર કર્યો હતો અને પહેલી એપ્રિલથી શરૂ થતી નાણાકીય વર્ષ માટેની બજેટની પ્રક્રિયા પૂરી કરી હતી.

૩૨ સુધારા સાથેના આ ખરડાને લોકસભાએ પચીસ માર્ચે મંજૂરી આપી હતી. ટૂંકી ચર્ચા અને અમુક મુદ્દે સભ્યો દ્વારા ઉઠાવવામાં આવેલી શંકાનું નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા નિરાકરણ કરવામાં આવ્યા બાદ રાજ્યસભાએ આ ખરડાને મંજૂરી આપી હતી. કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં કુલ ૫૩.૪૭ લાખ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે તે ૩૧મી માર્ચે પૂરા થતા ચાલુ નાણાંકીય વર્ષના કુલ ખર્ચમાં ૭.૭ ટકાનો વધારો સૂચવે છે. આવનારાં નાણાકીય વર્ષ માટે ૧૨.૨ લાખ કરોડ મૂડી ખર્ચનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. સરકારે ટેક્સ મારફતે કુલ ૪૪.૦૪ લાખ કરોડ આવક થવાનો અને કુલ ૧૭.૨ લાખ કરોડની લૉનનો અંદાજ રાખ્યો છે. આ નાણાકીય ખરડો કાયદો બન્યા બાદ બજેટમાં જાહેર કરવામાં આવેલા ટેક્સ તેમ જ વ્યક્તિ અને વેપારને સીધા અસર કરતા કરવેરાના દર, ડ્યૂટી અને અન્ય વેરાના પ્રસ્તાવને કાયદેસર ટેકો આપશે. (એજન્સી) ■

# એફસીસીનો કોલ સેન્ટરોને અમેરિકામાં પાછા લઈ આવવાનો પ્રસ્તાવ

વૉશિંગ્ટનઃ ફેડરલ કમ્યુનિકેશન્સ કમિશન(એફસીસી)એ કોલ સેન્ટરની નોકરીઓને અમેરિકામાં પાછી લાવવા માટે વ્યવસાયોને પ્રોત્સાહિત કરવાના હેતુસર પ્રસ્તાવ રજૂ કર્યા છે. આ નોકરીઓ સામાન્ય રીતે ભારત, ફિલિપાઇન્સ અથવા દક્ષિણ આફ્રિકા જેવા દેશોની કંપનીઓને આઉટસોર્સ કરવામાં આવે છે. એફસીસીએ એક નિવેદનમાં જણાવ્યું કે છેલ્લા કેટલાક દાયકાઓમાં ઘણી મોટી કંપનીઓએ તેમના ગ્રાહક સેવા અને કોલ સેન્ટરના કામ અમેરિકાની બહાર અન્ય દેશોમાં ખસેડ્યા છે. અમેરિકાની લગભગ ૭૦ ટકા કંપનીઓ ઓછામાં ઓછા એક વિભાગનું કામ બહાર(આઉટસોર્સ)થી કરાવે છે. એફસીસીના ચેરમેન બ્રેન્ડન કારે જણાવ્યું કે અમેરિકન ગ્રાહકોને એવા સેન્ટર મળવા જોઇએ જ્યાં લોકો સારી અંગ્રેજી બોલતા હોય, સ્પષ્ટ જવાબ આપતા હોય અને વિશ્વના બીજા છેડે નહીં પરંતુ અહીં આપણા જ દેશમાં હોય. ભારતમાં બિઝનેસ પ્રોસેસ આઉટસોર્સિંગ(બીપીઓ) અબજો ડોલરનું સેક્ટર છે. જેમાં લાખો લોકો કામ કરે છે. ગુરુવારે એફસીસી દ્વારા પ્રસ્તાવિત નોટિસ ઓફ પ્રપોઝ્ડ રુલ મેકિંગ (એનપીઆરએમ)માં કોલ સેન્ટરોને ફરી દેશમાં લાવવા માટે કેવી રીતે પ્રોત્સાહન આપવું જોઇએ અને સરળ બનાવી શકાય. ■

# હવાઈમાં ટૂરિસ્ટ હેલિકૉપ્ટર દુર્ઘટનામાં ત્રણનાં મોત

લંડનઃ હવાઇ ટાપુના કાઉઈમાં દૂરના એક બીચ પર એક ટૂરિસ્ટ હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. જેમાં ત્રણ લોકોના મોત થયા હતા. જ્યારે બે લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

કાઉઈ ફાયર ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર ગુરુવારે બપોરે કલાલાઉ બીચ પર હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. ત્યારે તેમાં પાયલોટ અને ચાર મુસાફરો સવાર હતા. આ બીચ કાઉઈના ઉત્તર કિનારે ના પાલી કોસ્ટ પર આવેલું છે.

પોલીસે જણાવ્યું કે આ દુર્ઘટનામાં ત્રણ લોકોનાં મોત થયા હતા. જ્યારે બે ઘાયલ લોકોને સારવાર માટે મેડિકલ સેન્ટર ખાતે લઇ જવામાં આવ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું કે આ હેલિકોપ્ટર એરબોર્ન એવિએશન નામની એક હેલિકોપ્ટર કંપની દ્વારા સંચાલિત હતું. જે કાઉઈની ખીણો, દરિયાકિનારા અને ધોધના નજારા જોવા માટે ટૂરનું આયોજન કરે છે. જુલાઇ ૨૦૨૪માં કાઉઈમાં એક ટૂર હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. જેમાં પાઇલટ અને બે મુસાફરોના મોત થયા હતા. ■

# શૅરબજારમાં ફરી ધબડકોઃ સેન્સેક્સ ૧,૬૯૦ પોઈન્ટ ગગડ્યો, નિફ્ટી ૨૨,૮૫૦ની નીચે સરકી ગયો

મુંબઇઃ ઈરાન અને યુએસ વચ્ચે યુદ્ધ ઠંડુ થવાની આશાઓ ઘટી જવા સાથે રૂપિયો નવા રેકોર્ડ નીચા સ્તરે અથડાયો હોવાથી કથળેલા સેન્ટિમેન્ટ વચ્ચે સેન્સેક્સ ૧,૬૯૦ પોઈન્ટ ગગડ્યો, નિફ્ટી ૨૨,૮૫૦ની નીચે સરકી ગયો હતો. મોટાભાગના ક્ષેત્રીય ઇન્ડેક્સ નેગેટિવ ઝોનમાં ગબડ્યા હતા, જેમાં ખાસ કરીને પીએસયુ બેંકો, ઓટો અને રિયલ્ટીમાં નોંધાપત્ર ધોવાણ હતું. આઇટી શેરોમાં જોકે, રાહત હતી. સાવચેતીભર્યા સેન્ટિમેન્ટ વચ્ચે સાર્વત્રિક અને વ્યાપક વેચવાલી જોવા મળી હતી.

સેન્સેક્સ ૧,૬૯૦.૨૩ પોઈન્ટ અથવા ૨.૨૫ ટકા ઘટીને ૭૩,૫૮૩.૨૨ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૭૩૯.૦૪ પોઈન્ટ અથવા ૨.૩૧ ટકા ઘટીને ૭૩,૫૩૪.૪૧ની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૪૮૬.૮૫ પોઈન્ટ અથવા ૨.૦૯ ટકા ઘટીને ૨૨,૮૧૯.૬૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સૌથી વધુ ૪.૫૫ ટકા ઘટીને ટોપ લુઝર બન્યો હતો, ત્યારબાદ સૌથી વધુ ઘટનારા શેરોમાં ઇન્ટરગ્લોબ એવિએશન, બજાજ ફાઇનાન્સ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, એટરનલ અને એચડીએફસી બેંકનો સમાવેશ હતો. તેનાથી વિપરીત, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ભારતી એરટેલ અને પાવર ગ્રીડ સૌથી વધુ વધનારા શેરોની યાદીમાં હતા.

સરકારે એક્સાઇઝમાં ઘટાડો કર્યો હોવાના સમાચારે આઇઓસી, એચપીસીએલ અને બીપીસીએલના શેરમાં ચારેક ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. ફ્યુઅલ એક્સપોર્ટ રિટર્ન પર વિન્ડફોલ ટેક્સની ચર્ચાને કારણે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં કડાકો પડ્યો હતો. રેલેવે ઇન્ફ્રા પ્રોવાડઇર લક્ષ્યો અને હોસ્પિટલ ચેઇન મનીપાલ હેલ્થ એન્ટરપ્રાઇસે સેબી પાસે ડીઆરએચપી જમા કરાવ્યું છે. ઇન્ડિયન બેન્કે ઇન્ફ્રા બોન્ડ મારફત રૂ. ૫૦૦૦ કરોડ એકત્ર કર્યા છે. ટીવીએસ હોલ્ડિંગ્સે શેરદીઠ રૂ. ૮૬નું ઇન્ટરિમ ડિવિડંડ જાહેર કર્યું છે.

પીએસયુ બેન્ક સેગમેન્ટમાં યુકો અને બેન્ક ઓફ બરોડાના શેરમાં ચારેક ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. જેફ્રી ક્રિસ વૂડે એચ ડીએફસી બેન્કમાંથી એક્ઝિટ લીધી હોવાના અહેવાલ હતા. સ્ટેટ બેન્કે ટાયર ટુ બોન્ડ મારફત રૂ. ૬૦૫૧ કરોડ એકત્ર કર્યા છે. જેએસડબલ્યુનું એકમ મસાલા બોન્ડ માર્કફત ફંડ એકત્ર કરશે. જીઓ તરફથી બેન્કર્સને એવા સંકેત મળ્યા છે કે તે આ મહિનાના અંત સુધીમાં સેબી સમક્ષ આઇપીઓ માટે પ્રોસ્પેક્ટ્સ ફાઇલ કરશે. જેપીએલે અંદાજે રૂ. ૩૫ કરોડમાં ફ્રેન્ચાઇઝી ઓનર્સ ઓકશન પાર પાડ્યું છે, જેમાં કુલ ૧૨ ફ્રેન્ચાઇઝીનો સમાવેશ છે. જેપીએલની રચના યુવાઓને માખખાગત વ્યાવસાયિક પ્લેટફોર્મ પુરુ પાડવા માટે થઇ છે. યુનિયન બેન્કે રૂ. ૨૦૦૦૦ કરોડ એકત્ર કરવાની યોજના બનાવી છે.

અખાતી યુદ્ધમાં કોઇ રાહતના સમાચાર નથી. ફોરેક્સ માર્કેટમાં રૂપિયો ૯૪ની સપાટી તોડી નવા નવા રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો હોવાથી બજારનું માનસ વધુ ખરડાયું હતું. આ ઉપરાંત ક્રૂડ ઓઇલના ભાવમાં ફરી ઊછાળા જોવા મળ્યા હતા. વૈશ્વિક બજારોમાં નબળાઈના સંકેત હતા અને એફઆઇઆઇનું વેચાણ ચાલુ રહેવા સાથે યુએસ બોન્ડ યીલ્ડમાં વધારો થવા સહિતના કારણોએ બજારને વધુ ધક્કો માર્યો હતો. ક્રૂડ ઓઇલના ભાવમાં ફરી આવેલા ઉછાળાને કારણે આ ઇક્વિટી માર્કેટ્સમાં પણ ફરી ઘટાડો થયો છે. ઇક્વિટી બજારોએ મધ્ય પૂર્વમાં તણાવ ઓછો થવાની શક્યતાઓનું ફરીથી મૂલ્યાંકન કર્યું હતું. ટ્રમ્પે ઇરાનના ઊર્જા ઇન્સ્ટોલશન પર હવે સાતમી ઈરાને કહ્યું છે કે તે હજુ પણ વૈશ્વિક ઉર્જા પ્રવાહને વિક્ષેપિત કરનારા સંઘર્ષને સમાપ્ત કરવાના હેતુથી યુએસ દરખાસ્તની સમીક્ષા કરી રહ્યું છે. વાસ્તવમાં તો અમેરિકાની નવા વધુ આક્રમક હુમલાઓની તૈયારી જોતાં એવી ધમકી આપી છે કે જો અમેરિકા ઠેકાણે ના રહ્યું તો તે હાર્મુઝ સાથે બાબલમંડલનો રૂટ પણ બ્લોક કરી દેશે!

દરખાસ્તની સમીક્ષા કરવા છતાં, ઈરાનના વિદેશ પ્રધાને બુધવારે સ્પષ્ટ કર્યું કે દેશ વધતા જતા સંઘર્ષને સમાપ્ત કરવા માટે વાટાઘાટોમાં પ્રવેશવાનો ઇરાદો ધરાવતો નથી. તે જ સમયે, વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટના જણાવ્યા અનુસાર યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો તેહરાન લશ્કરી મોરચે પરાજય સ્વીકારવામાં નિષ્ફળ રહેશે, તો વોશિંગ્ટન દબાણ વધારશે. આમ સંઘર્ષ વધવાની ધારણા છે. જોકે, એવા અહેવાલ પણ આવી રહ્યા છે કે અમેરિકા અને ઇઝરાયલ બંને પાસે આયુધો ખૂટી રહ્યા છે અને વધુ હુમલા કરી શેક એવી ક્ષમતા ઘટી ગઇ છે.

ઇઝરાયલે હજુ સીઝફાયરનો સંકેત આપ્યો નથી અને ઇરાને પણ આ પ્રકારની કોઇ વાટાઘાટો ચાલી રહી હોવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે. ઇરાને હોર્મુઝની અખાત ઓપન કરવા માટે કેટલીક આકરી શરતો મૂકી છે અને અત્યારે અમેરિકા નબળું પડી રહ્યું હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. નિષ્ણાતોએ ચેતવણી આપી હતી કે ખાસ કરીને ક્રૂડ ઓઇલ માટે મહત્વપૂર્ણ ગ્લોબલ શિપિંગ માર્ગ, હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ અનિશ્ચિતતા યથાવત છે. ઇરાનનો હોર્મુઝ ઓપન કરવાનો હાલ તો કોઇ ઇરાદો નથી. પાકિસ્તાન મધ્યસ્થી કરશે એવા અમેરિકા પ્રેરિત અહેવાલો વચ્ચે ઇરાને પાકિસ્તાનની કરાચી જઇ રહેલા જહાજને અટકાવ્યું હોવાના પણ અહેવાલ છે. ઇરાને અલબત્ત ભારતને પરવાનગી આપી છે, પરંતુ તેની સામે અમુક શરત મૂકી છે. ભારત માટે એલપીજી અને ક્રૂડ ઓઇલ માટે નવા સ્રોત શોધવા સિવાય વિકલ્પ નથી. રશિયાએ પણ હવે ક્રૂડ ઓઇલ માટે ભારતને ડિસ્કાઉન્ટ આપવાને બદલે પ્રીમિયમ માગવાની શરૂઆત કરી છે. ક્રૂડ ઓઇલના ભાવ પ્રત્યે બજારની સંવેદનશીલતાને જોતાં, આ ઘટનાક્રમ ભારત માટે ખાસ કરીને મહત્વપૂર્ણ છે. આયાતી ક્રૂડ ઓઇલ, એલએનજી અને પીએનજી પર દેશની ભારે નિર્ભરતા તેને પુરવઠામાં વિક્ષેપો અને ભાવ વધારા માટે સંવેદનશીલ બનાવે છે, ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ એક મહત્વપૂર્ણ ચોકપોઇન્ટ તરીકે સેવા આપે છે. જોકે, રાહત એ વાતની છે કે ઇરાને ભારતને પણ મિત્ર દેશ જાહેર કરીને આ માર્ગથી ઓઇલ ટેન્કરના જહાજ પસાર કરવાની મંજૂરી જાહેર કરી છે.

નિષ્ણાતો અનુસાર રોકાણકારોએ નાજુક સેન્ટિમેન્ટ, રૂપિયાની નબળાઇ, ડોલરની મજબૂતાઇ, વિદેશી ફંડોના સતત આઉટફ્લો અને ચાલુ વૈશ્વિક અનિશ્ચિતતા ધ્યાનમાં રાખીને સાવધ અને પસંદગીયુક્ત અભિગમ જાળવી રાખવો જોઈએ. આવી વષિમ પરિસ્થિતિમાં રોકાણકારોએ શિસ્તબદ્ધ જોખમ વ્યવસ્થાપન પ્રથાઓનું પાલન કરવું જોઈએ. અસ્થિરતા ઊંચી રહેવાની અપેક્ષા સાથે, સ્પષ્ટ દિશાત્મક સંકેતો બહાર ન આવે ત્યાં સુધી સ્ટોક પસંદગી પર ધ્યાન કેન્દ્રિત કરીને હેજ્ડ અભિગમ જાળવી રાખવો મહત્વપૂર્ણ રહેશે.

શેરબજારમાં બે દિવસના ઉછાળા બાદ સપ્તાહના છેલ્લા દિવસે નોંધાયેલા કડાકામાં ખાસ કરીને પીએસયુ બેન્ક્સ અને રિયલ્ટી શેર્સમાં સૌથી અધિક ઘટાડો નોંધાયો હતો. ઓઈલ-ગેસ અને આઈટી શેરોને સૌથી ઓછો માર પડ્યો હતો. શુક્રવારે બીએસઈ સેન્સેક્સ બુધવારના ૭૫,૨૭૩.૪૫ના બંધથી ૧૬૯૦.૨૩ પોઈન્ટ્સ અથવા ૨.૨૫ ટકા ઘટ્યો હતો. સેન્સેક્સ ૭૪,૮૮૩.૭૯ ખૂલી ઊંચામાં ૭૪,૯૦૪.૯૧ સુધી અને નીચામાં ૭૩,૫૩૪.૪૧ સુધી જઈ ૭૩,૫૮૩.૨૨ બંધ રહ્યો હતો.

સેન્સેક્સની ૩૦ સ્ક્રિપમાંથી ૩ સ્ક્રિપ વધી હતી અને ૨૭ સ્ક્રિપ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૫૦ મિડકેપ ૨.૧૮ ટકા અને બીએસઈ ૨૫૦ સ્મોલકેપ ૧.૮૨ ટકા ઘટ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૫૯ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૨.૦૭ ટકા ઘટ્યા હતા. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૩૧.૦૧ લાખ કરોડથી રૂ.૮.૮૬ લાખ કરોડ ઘટીને રૂ.૪૨૨.૧૫ લાખ કરોડ રહ્યું હતું.

બ્રોડ બેઝ્ડ સહિત બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં મુખ્યત્વે બીએસઈ પીએસયુ બેન્ક ૩.૮૮ ટકા, રિયલ્ટી ૩.૧ ટકા, સર્વિસીસ ૨.૮૬ ટકા, ઓટો ૨.૭૯ ટકા, બેન્કેક્સ ૨.૭ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૨.૬૯ ટકા, ટોપ ૧૦ બેન્ક્સ ૨.૫૯ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ૨.૫૨ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૫ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ ૨.૩૯ ટકા ઘટ્યા હતા. સૌથી ઓછા ઘટેલા ઈન્ડેક્સમાં ઓઈલ એન્ડ ગેસ (૦.૫૫ ટકા), ફોકસ્ડ આઈટી (૦.૫૬ ટકા) અને આઈટી (૦.૬૩ ટકા)નો સમાવેશ થતો હતો.

## ક્રૂડતેલના ભાવ ઉછળતાં રૂપિયો ૮૯ પૈસા ગબડીને ૯૪ની પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં ખાસ કરીને પશ્ચિમ એશિયના વિવાદને કારણે અનિશ્ચિતતાના વાદળો ઘેરાયેલાં હોવાથી ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ક્રૂડતેલના ભાવમાં તેજીનો અન્ડરટોન અને આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ તથા વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાના નિર્દેશોને કારણે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૮૯ પૈસા તૂટીને ૯૪.૮૫ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, આજે માસાન્તને કારણે આયાતકારોની પણ ડૉલરમાં લેવાલી પ્રબળ રહેતાં ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગત બુધવારના ૯૩.૯૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૪.૧૮ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૪.૮૫ અને ઉપરમાં ૯૪.૧૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૮૯ પૈસાના ઘટાડા સાથે ૯૪.૮૫ના મથાળે બંધ રહ્યો હતો.

અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે (ગુરુવારે)બજાર રામનવમી નિમિત્તે બંધ રહી હતી, જ્યારે તે પૂર્વે ગુરુવારે ડૉલર સામે રૂપિયો ૨૦ પૈસાના ઘટાડા સાથે ૯૩.૯૬ના મથાળે બંધ રહ્યો હતો.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૧ ટકા વધીને ૧૦૦ની સપાટી આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૫૩ ટકા વધીને બેરલદીઠ ૧૦૯.૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

વૈશ્વિક સોનાચાંદીમાં બાર્ગેઈન હંટિંગ નીકળતાં સુધારો

## સ્થાનિક ચાંદીમાં ₹ ૧૩,૧૬૭નો અને સોનામાં ₹ ૩૨૬૩નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ ચોથા સપ્તાહમાં પ્રવેશી રહ્યું છે અને યુદ્ધને કારણે ડૉલર ઈન્ડેક્સ તથા ક્રૂડતેલના ભાવમાં થઈ રહેલા વધારાને કારણે વૈશ્વિક સ્તરે ફુગાવો વધવાની ચિંતા સપાટી પર રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીમાં ઘટ્યા મથાળેથી બાર્ગેઈન હંટિંગ નીકળતા ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે વિશ્વ બજારથી વિપરીત સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૨૫૦થી ૩૨૬૩નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩,૧૬૭નો કડાકો બોલાઈ ગયો હતો.

વૈશ્વિક બજારથી વિપરીત આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની સટ્ટાકીય વેચવાલીના દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની પણ માગ ખપપૂરતી રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૩,૧૬૭ના ઘટાડા સાથે રૂ. ૨,૨૧,૬૪૭ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં પણ છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહેતા વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૨૫૦ના ઘટાડા સાથે રૂ. ૧,૪૨,૩૭૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૨૬૩ના ઘટાડા સાથે રૂ. ૧,૪૨,૯૪૨ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે સ્થાનિક બજાર રામનવમી નિમિત્તે બંધ રહી હતી.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર સોનામાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની લેવાલી નીકળતાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૪૨૫.૩૯ ડૉલર આસપાસ અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ એક ટકો વધીને ૪૦૯૭.૯૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૬૮.૭૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો જોવા મળ્યો હોવાથી બજારને પ્રવાહીતાનો ટેકો મળતાં સોનાના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું છે અને ઘણાં રોકાણકારો હાલના મથાળેથી ખરીદીની તક જોઈ રહ્યા હોવાને કારણે પણ સુધારાને ટેકો મળ્યો હોવાનું વિસ્ડમ ટ્રીનાં કૉમૉડિટી સ્ટ્રેટેજિસ્ટ નીતેશ શાહે જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાનના એનર્જી પ્લાન્ટ પર હુમલા કરવાની મુદત ૧૦ દિવસ લંબાવી હોવા છતા આજે ક્રૂડતેલના ભાવ વધીને બેરલદીઠ ૧૧૦ ડૉલર સુધી પહોંચ્યા હતા.

વધુમાં આજે અમેરિકાએ મધ્યપૂર્વમાં ઈરાનના તેલના વ્યૂહાત્મક હબ ખર્ગ ટાપુ કબ્જે કરવા હજારો સૈનિકોની ટુકડી રવાના કરી હોવાના અહેવાલ હતા. ઉલ્લેખનીય બાબત એ છે કે આ યુદ્ધ શરૂ થયું ત્યારથી ક્રૂડતેલના ભાવમાં વધારો થઈ રહ્યો છે અને ફુગાવાની ચિંતા સપાટી પર આવી છે. સામાન્યપણે વધતા ફુગાવાના સંજોગોમાં સોનામાં હેજરૂપી માગ રહેતી હોય છે, પરંતુ હાલના તબક્કે જો ફુગાવામાં વધારો થાય તો અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ નહીં મૂકે, પરંતુ વ્યાજદરમાં વધારો કરે તેવી ભીતિ હોવાથી સોનામાં અપેક્ષિત તેજીનો વસવસો જોવા મળી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અમેરિકી ફેડરલ રિઝર્વ વર્ષ ૨૦૨૬માં બે વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા હતા, પરંતુ પશ્ચિમ એશિયામાં વધેલા ભૂરાજકીય તણાવ અને ક્રૂડતેલમાં તેજીનું વલણ રહેતાં હવે માત્ર વર્ષના અંતે જ કાપ મૂકવામાં આવે તેવી ધારણા મૂકાઈ રહી છે.

## ડૉલરની મજબૂતી સાથે ટીન, નિકલ સહિતની ધાતુઓમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન, નિકલ, કોપરની વેરાઈટીઓ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, લીડ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકારોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૭૫ સુધીની આગેકૂચ જોવા મળી હતી. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો અને બ્રાસ શીટ કટિંગ્સ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ટીન, નિકલ, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહી હતી. તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગનો પણ ટેકો મળતા ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૫ વધીને રૂ. ૪૫૮૮, રૂ. ૧૬ વધીને રૂ. ૧૬૫૩, રૂ. ૧૫ વધીને રૂ. ૧૦૭૫ અને રૂ. ૧૦ વધીને રૂ. ૭૪૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર આર્મિચર અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૧૪૫ અને રૂ. ૧૨૨૬, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૧૫૦, કોપર કેબલ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૧૧૫૫ અને રૂ. ૧૯૫ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૩૧૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં મર્યાદિત માગ અને સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૬૨ના મથાળે અને ખપપૂરતી માગને ટેકે બ્રાસ શીટ કટિંગ્સ અને લીડ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૦૫ અને રૂ. ૩૩૫ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ખપપૂરતાં કામકાજો વચ્ચે ખાદ્યતેલમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૯૨ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પણ ૪૭ રિંગિટનો સુધારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં એકંદરે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી દેશી-આયાતી તેલના ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડ અને કપાસિયા રિફાઈન્ડમાં અનુક્રમે રૂ. ૧૦ અને રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે સન રિફાઈન્ડ અને સરસવમાં અનુક્રમે રૂ. ૧૦ અને રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો અને આરબીડી પામોલિન તથા સિંગતેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના એપ્રિલ ડિલિવરી શરતે આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૪૫૦ અને રૂ. ૧૭૬૦ તથા સોયા રિફાઈન્ડના મે ડિલિવરી શરતે રૂ. ૧૫૧૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૪૫, ગોલ્ડન એગ્રીના માર્ચ અને એપ્રિલ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦, મે ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૫ અને એપ્રિલ ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૫, રિલાયન્સ કન્ઝ્યુમરના મે અને જૂન ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦થી ૧૫૦૦ અને સન રિફાઈન્ડના એપ્રિલ-મે ડિલિવરી શરતે રૂ. ૧૭૧૫ તથા ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના એપ્રિલ તથા મે ડિલિવરી શરતે આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૪૬૦ અને રૂ. ૧૪૮૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦ સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૧૦, સિંગતેલના રૂ. ૧૭૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૫ અને સરસવના રૂ. ૧૫૦૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર દેશાવરોની માગને ટેકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૫૦માં લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૩૫માં ટકેલા ધોરણે થયા હતા.


**Notice**

My clients **JJC Central Board** having their office at 201, Matharu Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai – 400057 hereby inform the members and Public at large that in the JJC Central Board Cabinet and Council meeting held on 14/03/2026, the Cabinet and Council members have come to conclusion that **Mr. Manikant V Kothari the President and Mr.Praful Kamdar Secretary and all committee members of JJC Borivali center** have been indulging in activities which are in contravention of and or are detrimental to the aims and objectives of the **JJC Central Board** and therefore the Cabinet and Council members of JJC Central Board have unanimously revoked the **charter of JJC Borivali Centre.**

My Client in view of the above informs the members and Public at large that the charter assigned to **JJC Borivali Centre** of which **Mr. Manikant V Kothari is the President and Mr. Praful Kamdar is secretary** is **revoked** and they are directed to return the Charter Certificate issued to the Center and refund the membership subscription fees for the year 2025-2026 collected from the members which is lying in the Bank Account to the members of JJC Borivali Centre immediately within 15 days from receipt of this notice.

My client further informs the members and Public at large that aforesaid President, Secretary and all other committee members of JJC Borivali Center henceforth are prohibited from using the name and logo of the Jain Jagruti Centre and henceforth are also not authorized to transact any business in name of Jain Jagruti Centre. And if they are found using name and logo of the Jain Jagruti Centre and or found transacting any business in name of Jain Jagruti Centre, it shall be treated illegal and they shall be liable to be prosecuted under the law and my client shall initiate Criminal and Civil Proceeding against them without any further notice to them, please take note.

On behalf of **JJC Central Board**
*Sanjay P. Chaturvedi. Advocate High Court.*

Sd/-
**(Sanjay P Chaturvedi.)**



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચીફ એન્જિનિયર (મિકેનિકલ & ઈલેક્ટ્રિકલ)નો વિભાગ

નં. E.E. મિકે/૫૫૦૭/REF/તા. ૨૭.૦૩.૨૦૨૬

**ઈ-ટેન્ડર નોટીસ**

વિષય : ડે.ચી.એ (O&M) SWD, દાદર પશ્ચિમની ઓફિસ ખાતે નવી AC સિસ્ટમની SITC
E.E. મિકે./Ref./T-૮૮ તારીખ ૨૮.૦૪.૨૦૨૬

| | |
|---|---|
| બીડ નં. | ૨૦૨૬_MCGM_૧૨૯૦૬૩૬_૧ |
| બીડ પ્રારંભ તારીખ & સમય | ૨૮.૦૩.૨૦૨૬ સ. ૧૧.૦૦ ક. |
| બીડ અંતિમ તારીખ & સમય | ૧૭.૦૪.૨૦૨૬ બ. ૧૬.૦૦ ક. |
| પ્રી બીડ મિટિંગ | ૦૬.૦૪.૨૦૨૬ સાં. ૧૫.૦૦ ક. |
| વેબસાઈટ | http://portal.www.mcgm.gov.in |
| સંપર્ક અધિકારી નામ | શ્રી. એ. કે. જોમ્ભારે |
| મોબાઈલ નં. | ૯૯૩૦૧૨૮૩૮૭ |
| ઈમેલ | eemechref.me@mcgm.gov.in |

સહી/-
PRO/3414/ADV./2025-26 E.E. મિકે. (રેફ્રિજરેશન)

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**માલ પરિવહન વધારવા માટે વ્યૂહાત્મક સલાહકાર સેવાઓ માટે મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની પસંદગી**

**અમદાવાદ ક્ષેત્ર માટે ટેન્ડરની વિગતો**

| | |
|---|---|
| ટેન્ડર નં.: | COMM_729572_ADI |
| કાર્યનું નામ: | પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન હેઠળ અમદાવાદ વિસ્તારમાં માલવહન ટ્રાફિક (સામાન અને પાર્સલ) વધારવા માટે રણનીતિક સલાહકાર સેવાઓ માટે મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની પસંદગી |
| કાર્ય ક્ષેત્ર: | **અમદાવાદ વિસ્તાર:** અમદાવાદ વિસ્તારના કેચમેન્ટ એરિયા માટે ઔદ્યોગિક મેપિંગ અને બિઝનેસ ડેવલપમેન્ટ તકોની નિર્ધારણ, જેમાં અમદાવાદ-પાલનપુર સેક્શન (કડી અને છત્રાલ સહિત), અસારવા -હિંમતનગર સેક્શન, અમદાવાદ-વીરમગામ સેક્શન તેમજ વીરમગામ-મહેસાણા (હંસલપુર સહિત) સેક્શન નો સમાવેશ થાય છે। |

**ગાંધીધામ વિસ્તાર માટે ટેન્ડર વિગતો:**

| | |
|---|---|
| ટેન્ડર નં.: | COMM_729420_GIM |
| કાર્યનું નામ: | અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે હેઠળ ગાંધીધામ વિસ્તારમાં માલવહન ટ્રાફિક (સામાન અને પાર્સલ) વધારવા માટે રણનીતિક સલાહકાર સેવાઓ માટે મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની પસંદગી |
| કાર્ય ક્ષેત્ર: | **ગાંધીધામ વિસ્તાર:** ગાંધીધામ વિસ્તારના કેચમેન્ટ એરિયા માટે ઔદ્યોગિક મેપિંગ અને બિઝનેસ ડેવલપમેન્ટની તકોનું નિર્ધારણ, જેમાં માળિયા મિયાણા-સામાખ્યાલી સેકશન, મોરબી સેકશન સહિત, સામાખ્યાલી -ગાંધીધામ સેકશન, ગાંધીધામ - ભુજ સેકશન, ભુજ-નળિયા સેકશન અને સામાખ્યાલીથી સાંતલપુર સેકશનનો સમાવેશ થાય છે. |

**પ્રસ્તાવ સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય:** 22/04/2026 ના રોજ સવારે 11:00 વાગ્યે
**પ્રી-બિડ કોન્ફરન્સ તારીખ અને સમય:** 03/04/2026 ના રોજ 14:00 વાગ્યે ટેન્ડર દસ્તાવેજ ઉપલબ્ધ છે: **IREPS www.ireps.gov.in/epsn/buyerInboxLink.do#**

ADI 316

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**નં. D.M.C./૪૧૭૫/ઈન્ફ્રા. ૨૩/૦૧/૨૦૨૬ના**

**પબ્લિક નોટિસ**

આજની તારીખ સુધી સુધાર્યા મુજબ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ધારા ૧૮૮૮ની કલમ ૨૯૭ (૧) (b)ના અન્વયે નીચે સહી કરનાર_____ના અથવા તે પછીના દિવસે યોજાનાર તેમની મીટિંગમાં મ્યુનિસિપલ કોર્પોરેશનને અરજી કરવાનો ઈરાદો ધરાવે છે, કારણ કે સદર અરજીનો નીચેની દરખાસ્તની સત્તા માટે સરળતાથી નિકાલ કરી શકાય.

"તા. ૦૪.૦૬.૨૦૨૫ના પ્લાન નં. E.E. T & C/E.S./R.L./ નં. ૩૩૭માં દર્શાવેલ મુજબ લીલા રંગમાં A-B-C & B-D તરીકે માર્ક કરેલ રોડની ૧૮.૩૦મી (૬૦.૦૦ ફૂટ) પહોળા રેગ્યૂલર લાઈન (R.L.) નિયત કરવા."

ઉપર જણાવેલ તેની બદલીમાં નિર્ધારિત કરાનાર રેગ્યૂલર લાઈનમાં A-B-C & B-D તરીકે માર્ક કરેલ લીલા રંગમાં દર્શાવતો તારીખઃ ૦૪.૦૬.૨૦૨૫નો એક પ્લાન નં. E.E. T & C/E.S./R.L./ નં. ૩૩૭ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી ચીફ એન્જિનિયર (ટ્રાફિક)ની ઓફિસમાં જમા કરાવેલ છે અને એન્જિનિયરિંગ હબ બિલ્ડિંગ, ઝીરો ફ્લોર, વર્લી નાકા પાસે, ડૉ. ઈ. મોઝેસ રોડ, મુંબઈ-૪૦૦૦૧૮ અને તેમ જ આસી. કમિશનર 'S' વોર્ડ, BMC 'S' વોર્ડ ઓફિસ, મંગતરામ પેટ્રોલ પંપ પાસે, LBS માર્ગ, ભાંડુપ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૭૮ની ઓફિસ ખાતે ઓફિસ કલાકો દરમિયાન કોઈપણ સમયે ઈચ્છુક કોઈપણ દ્વારા નિરીક્ષણ કરી શકાશે.

સદર દરખાસ્તના સંદર્ભમાં કોર્પોરેશન સમક્ષ કોઈપણ રજૂઆત/ વાંધો રજૂ કરવા અથવા કોર્પોરેશન સમક્ષ રજૂ કરવા ઈચ્છતા દરેક વ્યક્તિ આ નોટિસ ઈશ્યૂ થયાના ૩૦ દિવસની અંદર મ્યુનિસિપલ સેક્રેટરી, મહાપાલિકા હેડ ઓફિસ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧ને સંબોધીને પત્ર દ્વારા તેમ કરી શકે છે. નિર્ધારિત સમયમર્યાદાથી વધુના વાંધાને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

તારીખઃ ૨૦/૦૩/૨૦૨૬

સહી/-
PRO/3415/ADV./2025-26 Dy. મ્યુનિ. કમિશનર (ઈન્ફ્રા.)

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** "મુંબઈ સમાચાર" પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના "મુંબઈ સમાચાર" પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# અનમોલ દૃષ્ટિ

દૃષ્ટિ સંબંધિત વિવિધ પ્રકારની ક્ષતિઓ અંગે કારણથી લઈને મારણ સુધી માહિતી પ્રદાન કરતી લેખમાળા

લેખક : પ્રકાશ શાહ

# કેટરેક્ટરૂપી કાંકરી કાઢવા માટે કારગતઃ વિઝન વિસ્ટા આઇ ક્લિનિક – ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર

જ્યાં સર્વોત્કૃષ્ટ યુનિટી 4ડી જેવા બ્લેડ-ફ્રી મશીન આરૂઢ છે, જે હાર્ટ-પેશન્ટ, બ્લડપ્રેશરના રોગી ઉપરાંત ડાયાબિટીસગ્રસ્ત કેટરેક્ટના પેશન્ટ માટે લાભદાયક છે

પુણેનિવાસી વસંતભાઇને ફિલ્મો જોવાનો, નવલકથા વાંચવાનો અને ડ્રાઇવિંગનો ખૂબ શોખ હતો. આ કારણસર ટૂંક સમયમાં રિટાયર્ડ થનારા વસંતભાઇને નિવૃત્તાવસ્થામાં કંટાળી જવાનો લેશમાત્ર પણ ભય નહોતો. બે વાર હાર્ટ એટેક આવી ચૂક્યા હોવા સાથે હાઇ-બ્લડપ્રેશર પણ હતું. એ છતાં લહેરીલાલાની જેમ જીવીને ખાણીપીણીમાં ચુસ્તપણે પરેજી પાળતા નહોતા. નિવૃત્તાવસ્થામાં લખલૂટ આનંદ મેળવવા વસંતભાઇએ અગાઉથી અનેક ચેનલ પ્રદાન કરતું કેબલ ટીવી ઇન્સ્ટોલ કરાવ્યું હતું. વધુમાં વાચનના શોખની પૂર્તિ માટે થોડે દૂર આવેલી સરક્યુલેટિંગ લાઇબ્રેરીના સભ્ય પણ બની ગયા હતા. નિયમિતપણે ક્રમાનુસાર મનપસંદ ફિલ્મો જોવાનું તથા મનપસંદ લેખકની નવલકથા વાંચવાનું મસમોટું લિસ્ટ તૈયાર કર્યું હતું. દિવાસ્વપ્નમાં રાચનારા વસંતભાઇને થોડા સમયથી વર્તમાનપત્ર વાંચવામાં કે ડ્રાઇવિંગ કરવામાં ધૂંધળાશની પ્રતીતિ થતી હતી. સ્થાનિક ઓફથેલ્મોલોજિસ્ટનો સંપર્ક સાધ્યો ત્યારે પરીક્ષણ બાદ હાર્ડ-કેટરેક્ટ હોવાનું નિદાન થયું. વધુમાં તબીબે હાર્ડ-કેટરેક્ટ દૂર કરતી વખતે કોર્નિયા બળવાની સંભાવના ઉચ્ચારી ત્યારે વસંતભાઇનો ચહેરો સફેદ પૂણી જેવો થઇ ગયો. અલબત્ત, તબીબે જવલ્લેજ કોર્નિયા બળતી હોવાનું જણાવ્યું, પરંતુ વસંતભાઇ માટે ચેતવણી ભયસૂચક ઘંટડી સમાન હતી. સમયસર કેટરેક્ટ સર્જરી ન કરાવે તો દૃષ્ટિહીન થવાની સંભાવના અને કરાવવાનું જોખમ લે તો કદાચિત કોર્નિયા બળવાની શક્યતા હતી. ટૂંકમાં, વસંતભાઇની હાલત એક બાજુ ઊંડી ખીણ અને બીજી બાજુ કૂવા સમાન હતી. નિવૃત્તાવસ્થામાં આનંદ માણવાની જગ્યાએ દૃષ્ટિહીન બનીને આજીવન લાચાર કે પરવશ બનવાનો વિચારમાત્ર ખુમારી ધરાવનાર વસંતભાઇને જંપવા દેતો નહોતો. પત્ની તથા વિદેશમાં સ્થાયી થયેલા સંતાનને હકીકતની જાણ કરીને ચિંતાતુર કરવા માગતા નહોતા, પરંતુ ગાઢ મિત્રને વ્યથાથી માહિતગાર કર્યો. મિત્ર હકીકતમાં તારણહાર સાબિત થયો. મુંબઇમાં પ્રખ્યાત ઓફથેલ્મોલોજિસ્ટને ત્યાં આરૂઢ અત્યાધુનિક મશીનથી મિત્ર માહિતગાર હતો, જે કારણસર વસંતભાઇને સૂચિત તબીબનો કોન્ટેક્ટ કરવાનું સૂચન કર્યું. કટોકટીભરી સ્થિતિને ધ્યાનમાં રાખીને વસંતભાઇએ પળનો પણ વિલંબ કર્યા વગર મુંબઇની વાટ પકડીને સૂચિત તબીબ ડૉ. સાયરસ મહેતાનો કોલાબાસ્થિત ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ખાતે સંપર્ક સાધ્યો. ક્લિનિકના ડિરેક્ટર ડૉ. સાયરસ મહેતા સાથેની તેમની મુલાકાત લાભદાયક સાબિત થઇ... આજે વસંતભાઇ નિયમિતપણે મનપસંદ ફિલ્મ જોવા સાથે નવલકથાનું વાંચન અને ડ્રાઇવિંગ દ્વારા નિવૃત્તાવસ્થાનો લખલૂટ આનંદ માણે છે. તાજેતરમાં વસંતભાઇએ મુંબઇ આવીને પ્રત્યક્ષપણે ડૉ. સાયરસ મહેતાનો ખૂબ આભાર માન્યો હતો.

પેશન્ટના હિતને મુખ્ય ઉદ્દેશ લેખનાર ડૉ. સાયરસ મહેતાના જણાવ્યાનુસાર વસંતભાઇના હાર્ડ-કેટરેક્ટ અત્યાધુનિક યુનિટી, 4D દ્વારા દૂર કરીને EDOF લેન્સનું પ્રત્યાર્પણ કર્યું હતું. મુંબઇ ઉપરાંત સમગ્ર મહારાષ્ટ્ર તથા ઉત્તર-ભારતમાં સૌપ્રથમ વાર યુનિટી 4D મશીન વસાવવાનું શ્રેય ડૉ. સાયરસ મહેતાને ફાળે જાય છે. કેટરેક્ટ દૂર કરવા માટે સમગ્ર વિશ્વમાં સર્વોત્કૃષ્ટ લેખાતા આ નવીન મશીનને પરિણામે સર્જરી સચોટ, ત્રુટિરહિત અને સફળ સાબિત થાય છે.

ફેલો ઓફ ધ અમેરિકન સોસાયટી ઓફ કેટરેક્ટ એન્ડ રિફ્રેક્ટિવ સર્જન્સ દ્વારા યંગેસ્ટ ઇન્ડિયન તરીકે સન્માનિત ડૉ. સાયરસ મહેતાના મતાનુસાર હાલને તબક્કે કેટરેક્ટની ક્ષતિ આબાલવૃદ્ધ પૈકી કોઇને પણ ભરડામાં લઇ શકે છે. સામાન્યપણે ઉંમર વધવાને લીધે લેન્સની કુદરતી રચનામાં ખામી સર્જાય છે. ઉંમર વધવાની સાથે વાળ સફેદ થવા ઉપરાંત પાંખા થતા જાય છે એ રીતે આંખના લેન્સમાં પણ સફેદી સર્જાય છે, જેને કેટરેક્ટ કહેવામાં આવે છે.

પશ્ચિમ ભારતમાં એક જ છત નીચે કેટરેક્ટ-ગ્લુકોમાનું સમાધાન સાધવા માટે યુનિટી 4D, નેનો- SLT, IOL માસ્ટર 700 વિથ TOPO જેવા અત્યાધુનિક મશીન વસાવનાર ધ ઇન્ટરનેશનલ આઇ-કેર સેંટર વિઝન વિસ્ટા આઇ ક્લિનિક સૌપ્રથમ તથા કદાચિત એકમાત્ર આઇ-ક્લિનિક છે, જેને પરિણામે કેટરેક્ટનું નામ સાંભળતા જ દેશ-વિદેશના પેશન્ટને સચોટ, સુલભ અને સફળ સમાધાન સાધવા માટે સહસા ડૉ. સાયરસ મહેતાનું નામ સ્મરી આવે છે.

'ધ સાઇટ ગાઇડ' તથા 'સાયરસઃ એજ્યુકેશન ઓફ એન ઓફથેલ્મોલોજિસ્ટ' નામે પુસ્તકના લેખક ડૉ. સાયરસ મહેતા વિસ્તૃતમાં માહિતી આપતાં જણાવે છે કે હાલપર્યંત કેટરેક્ટ સર્જરી દરમિયાન અલ્ટ્રા-સાઉન્ડ ટિપનો ઉપયોગ કરવામાં આવતો હતો, જે એક જ દિશામાં વાઇબ્રેટ થઇને કેટરેક્ટને ચૂરચૂર કરતી હતી. તેમાં પણ હાર્ડ કે કોમ્પલિકેટેડ કેટરેક્ટ દૂર કરતી વખતે પુષ્કળ પ્રમાણમાં એનર્જીનો ઉપયોગ કરવો પડતો હતો, જે દરમિયાન આંખમાં તીવ્ર હિટ ઉત્પન્ન થતી. ફળસ્વરૂપે રાહત પ્રદાન થવામાં લાંબો સમયગાળો લાગતો. તેની સરખામણીમાં નવીન-અત્યાધુનિક યુનિટી 4D સિસ્ટમ એક જ દિશામાં કામ કરવાની જગ્યાએ ચાર ડાયમેન્શનમાં કામ કરે છે. તે બ્લેડ-ફ્રી, ઝડપી, પીડારહિત હોવા ઉપરાંત સલામત છે. કેટરેક્ટ દૂર કરવા માટે અગાઉની સર્જરીની સરખામણીમાં ફક્ત પાંચમા ભાગ જેટલી એનર્જીનો ઉપયોગ થાય છે, જે આંખની અંદરના ટિશ્યુ માટે ખૂબ લાભદાયક સાબિત થાય છે. એડવાન્સ્ડ સેન્સર્સ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરીને સર્જરીના તમામ તબક્કાને ચીવટતાપૂર્વક પ્લાન કરીને અમલમાં મૂકવામાં આવે છે. સૌથી મોટો ફાયદો તથા સલામતી એ છે કે સર્જરી દરમિયાન અંદર રહેલી થર્મલ મોનિટરિંગ સિસ્ટમ આંખની અંદર હિટ ઉત્પન્ન થવા દેતી નથી. અગાઉની કેટરેક્ટની સર્જરીમાં આ લાભ કે સલામતી પ્રદાન થતી નહોતી, જેને પરિણામે હાર્ડ-કેટરેક્ટ ધરાવનારને પણ ઝડપથી રાહત પ્રદાન થાય છે. ટ્રાયફોકલ કે EDOF વગેરે લેન્સનું પણ સહેલાઇથી, સરળતાપૂર્વક યથાસ્થાને પ્રત્યારોપણ કરી શકાય છે. આ ઉપરાંત કેટરેક્ટની સર્જરી કરતી વખતે અગાઉની નજીક કે દૂરનું અંતર જોવામાં તકલીફ થવી, અસ્ટીગમેટિઝમ, ચશ્માં વગર વાંચનમાં મુશ્કેલી જેવી વિવિધ ક્ષતિનું પણ સમાધાન સાધવામાં આવે છે, જેને પરિણામે સર્જરી પછી ઉછીની આંખ અર્થાત્ ચશ્માં પહેરવાની આવશ્યક્તા રહેતી નથી. સમગ્ર મુંબઇ સહિત મહારાષ્ટ્ર અને ઉત્તર ભારતમાં કેટરેક્ટનું સમાધાન સાધવા માટે યુનિટી 4D સિસ્ટમ વસાવનાર ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર-વિઝન વિસ્ટા આઇ ક્લિનિક સૌપ્રથમ આઇ ક્લિનિક બન્યું છે. નવીન મશીન ઇન્સ્ટોલ કર્યાના મહિનામાં જ ડૉ. સાયરસ મહેતા યુનિટી 4D દ્વારા આશરે ૩૦૦થી વધારે કેટરેક્ટગ્રસ્તની સફળ શસ્ત્રક્રિયા કરી ચૂક્યા છે, જેમાં ત્રણ વર્ષના બાળકથી લઇને ૯૫ વર્ષના વયોવૃદ્ધનો સમાવેશ થાય છે.

રોમ ખાતે SOI કૉંગ્રેસમાં માતબર લેખાતા સ્ટ્રેમ્પલી મેડલના વિજેતા ડૉ. સાયરસ મહેતાના ક્લિનિકમાં આંખમાં ઇમ્પ્લાન્ટ કરવામાં આવનારા લેન્સના પાવર માપવા માટે IOL માસ્ટર 700 વિથ TOPO મશીન છે. મુંબઇમાં સૌપ્રથમ આ મશીન આણવાનું શ્રેય ડૉ. સાયરસ મહેતાના ક્લિનિકને ફાળે જાય છે. ઇમ્પ્લાન્ટ કરવામાં આવનારા લેન્સના પાવર માપવા માટે આ મશીન વિશ્વમાં સર્વોત્કૃષ્ટ છે, જેને પરિણામે જટિલ સર્જરી પણ સહેલાઇથી, સરળતાપૂર્વક અને સફળતાથી કરી શકાય છે. તબીબના જણાવ્યા મુજબ વસંતભાઇની આંખમાં લેટેસ્ટ EDOF લેન્સનું પ્રત્યાર્પણ કરવામાં આવ્યું હતું. વ્યક્તિ નજીક, દૂર કે મધ્યમ અંતરે રહેલી ચીજ-વસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ, પારખી અને વાંચી શકે છે. રાત્રે પણ દૃષ્ટિમાં ધૂંધળાશ કે ઝળહળાટની પ્રતીતિ થતી નથી. EDOF લેન્સ રિંગરહિત હોવાને કારણે દૃષ્ટિમાં કોઇ પણ અંતરાય દૃષ્ટિભૂત થતો નથી.

ભારતીયજનને દૃષ્ટિહીન કરનારી કેટરેક્ટ જેવી મુખ્ય ક્ષતિ ઉપરાંત દૃષ્ટિ સંબંધિત અનેક પ્રકારની જટિલ ક્ષતિનું એક છત નીચે અત્યાધુનિક મશીનરી તથા કાબેલ, નિપુણ અને અનુભવી તબીબ દ્વારા સમાધાન સાધવા માટેનું આદર્શ સરનામું એટલે

**ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર-**
**વિઝન વિસ્ટા આઇ ક્લિનિક**

### વિઝન વિસ્ટા આઇ ક્લિનિકના પ્લસ પોઇન્ટઃ

+ હૃદયરોગી, હાઇબ્લડપ્રેશર તથા ડાયાબિટીસના રોગી માટે યુનિટી 4D ખૂબ લાભદાયક
+ યુનિટી 4D કોર્નિયા માટે સલામત
+ યુનિટી 4D હાર્ડ-બ્રાઉન કેટરેક્ટને પણ સહેલાઇથી અને સરળતાપૂર્વક કાઢી શકે
+ ડિજિટલ થ્રી-ડી સોમટેક માઇક્રોસ્કોપને પરિણામે આઇ-સર્જરી વધારે સચોટ, ત્રુટિરહિત અને પરિણામલક્ષી સાબિત થાય છે
+ કોર્નિયાની સક્ષમતાનો તાગ મેળવવા માટે ટોમી 4000 સ્પેક્યુલર માઇક્રોસ્કોપ પ્રૌઢ વયના લોકો માટે આશીર્વાદરૂપ
+ નિકોન ઓપ્ટોસ મશીન રેટિનાની પેરીફેરીમાં રહેલા ડાયાબિટીસને, સૂક્ષ્માતિ સૂક્ષ્મ કદના છિદ્ર કે ચીરાને તથા રક્તવાહિની સંબંધિત ક્ષતિઓનો પણ તાગ મેળવી શકે છે
+ નિકોન મશીન ઓપ્ટિક નર્વમાં રહેલા ગ્લુકોમાનો પણ તાગ મેળવી શકે છે
+ નિકોન મશીન દૃષ્ટિ સંબંધિત એજ રિલેટેડ મેક્યુલર ડિજનરેશન (ARMD) ક્ષતિને પણ જાણી શકે છે. સૌથી વિશેષ આ માટે કીકીને ડાયલેટ કરવાની આવશ્યક્તા નથી.
+ રેટિના સંબંધિત ક્ષતિગ્રસ્ત માટે એન્જિયોવ્યૂ નામે સિસ્ટમ છે. જેને પરિણામે રેટિનાના પરીક્ષણ માટે ઇન્જેક્શન કે એન્જિયોગ્રાફી કરવાની આવશ્યક્તા નથી, જે વ્યક્તિને કિડની સંબંધિત બીમારી હોય તેમના માટે આ સિસ્ટમ સલામત અને સરળ છે
+ લેન્સના મેઝરમેન્ટ માટે મુંબઇમાં સૌપ્રથમ IOL માસ્ટર 700 વિથ ટોપો મશીન
+ નેનો SLT લેસર સિસ્ટમને કારણે આંખનું પ્રેશર પાંપણના પલકારામાં અર્થાત્ ફક્ત બે-ત્રણ મિનિટમાં ઓછું કરીને ગ્લુકોમાને નાથી શકાય છે. પાંચ વર્ષ દરમિયાન ત્રણ વખત પ્રક્રિયા કરી શકાય છે
+ નજીક, દૂર અને મધ્યમ અંતરે રહેલી ચીજવસ્તુ સહેલાઇથી, સરળતાથી અને સાતત્યતાપૂર્વક જોઇ, પારખી અને વાંચી શકવા માટે EDOF લેન્સ સર્વોત્કૃષ્ટ છે
+ EDOF લેન્સ રિંગરહિત હોવાને પરિણામે રાત્રે દૃષ્ટિમાં ધૂંધળાશની પ્રતીતિ થતી નથી
+ ચશ્માંના નંબર દૂર કરવા માટે સમગ્ર વિશ્વમાં સ્માઇલ મશીન સર્વોત્કૃષ્ટ લેખાય છે. વિઝન વિસ્ટા આઇ ક્લિનિક ખાતે આરૂઢ સ્માઇલ મશીનને પરિણામે પેશન્ટને ડ્રાયનેસની પ્રતીતિ થતી નથી. એક દિવસમાં રોજિંદી ક્રિયા તથા વ્યવસાયલક્ષી કામકાજ કરી શકે.

### Know Yr Dr.



નામઃ ડૉ. સાયરસ મહેતા
માનદ્ પદવીઃ પ્રખ્યાત ઓફથેલ્મોલોજિસ્ટ
એડ્રેસઃ વિઝન વિસ્ટા આઇ ક્લિનિક
ધ ઇન્ટરનેશનલ આઈ કેર સેંટર
રામનિમી બિલ્ડિંગ, બીજે માળે, તાજમહાલ હોટેલની પાછળ, કોલાબા પોલીસ સ્ટેશનની સામે.
કોન્ટેક્ટ નંબરઃ 81049 59459
81049 76013 - 98198 50971
Email: cyresmehta@yahoo.com



**પ્રાઉડ મોમેન્ટ** તાજેતરમાં ઓલ ઇન્ડિયા ઓફથેલ્મોલોજિકલ સોસાયટી (AIOS) દ્વારા ધ ઇન્ટરનેશનલ આઇ કેર સેંટર-વિઝન વિસ્ટા આઇ ક્લિનિકના ડિરેક્ટર ડૉ. સાયરસ મહેતાને ઇન્ટરનેશનલ હીરો ઓફ ઇન્ડિયન ઓફથેલ્મોલોજીનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગર્વજનક બાબત એ છે કે સતત છેલ્લાં પાંચ વર્ષથી ડૉ. સાયરસ મહેતાને આ એવોર્ડથી નવાજવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં ઓફથેલ્મોલોજીના ક્ષેત્રમાં ભારતનું નામ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન કરનાર તબીબને આ એવોર્ડ પ્રદાન કરવામાં આવે છે. જયપુર ખાતે આયોજિત કાર્યક્રમમાં વીસ દેશમાંથી આશરે ૨૩૦૦૦ ઓફથેલ્મોલોજિસ્ટ ઉપસ્થિત રહ્યાં હતા. ડિસેમ્બર ૨૦૨૫માં ડૉ. સાયરસ મહેતાનું સ્ટ્રેમ્પલી એવોર્ડથી બહુમાન કરવામાં આવ્યું હતું. ઇટાલિયન ઓફથેલ્મોલોજિસ્ટ સોસાયટી દ્વારા આ એવોર્ડ પ્રદાન કરવામાં આવે છે.


## રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ્ યુવા સેવા ગ્રુપ દ્વારા સંચાલિત

ARHAM Inc. USA — HUMANITY TO DIVINITY | ARHAM YUVA SEVA GROUP | ARHAM ALWAYS CARE

# જીવદયા



40+ ARHAM ANIMAL AMBULANCE | 5 ALWAYS CARE ANIMAL CLINIC | 25+ CITIES




**1,80,000 + અબોલ જીવોના ઑપરેશન્સ અને સારવાર**




રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે રસ્તામાં ઘાયલ, વેદનાથી ગ્રસ્ત, તડપતાં દુ:ખી અબોલ જીવોને જોયાં અને એમનું કરુણાસભર હૃદય ન માત્ર દ્રવિત્ત થયું પણ એમના વિઝનરી માઈન્ડમાં એક વિચાર વીજળીની જેમ ચમકી ગયો.

**'મનુષ્ય માટે એમ્બ્યુલન્સ તો અબોલ જીવો માટે કેમ નહીં ?'**

અને પરમ ગુરુદેવની વિચારધારાને સાર્થક કરવા સર્જન થયો જીવદયાનો નિ: શુલ્ક મહા પ્રકલ્પ !

**અર્હમ્ એનિમલ એમ્બ્યુલન્સ:** અત્યારે 40થી વધુ અર્હમ્ એમ્બ્યુલન્સ ભારતના 25થી વધુ શહેરોમાં અનેક અબોલ જીવોને શાતા પમાડી રહી છે. દરેક એમ્બ્યુલન્સમાં નિષ્ણાત અને અનુભવી ડૉકટર્સની ટીમ, સ્ટાફ, જરૂરી સાધન-સામગ્રીઓ, CCTV કેમેરા અને લાઈવ ટ્રેકીંગ માટે GPS સીસ્ટમની આધુનિક વ્યવસ્થાઓ છે.

અત્યારે 60થી વધુ ડૉકટર્સની ટીમ અને સ્ટાફ સેવા અર્પણ કરી રહ્યાં છે.

**ગુજરાતમાં:** અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, જામનગર, સોમનાથ-વેરાવળ, માંડવી-કચ્છ, મોરબી, પાલીતાણા, વાપી. **મહારાષ્ટ્રમાં:** પૂના, નાગપુર, સોલાપુર, અમરાવતી. **મુંબઈમાં:** અંધેરી, ઘાટકોપર, દાદર, મીરારોડ, કાંદિવલી, બોરીવલી, મલાડ, મુલુંડ, ડોમ્બીવલી, પડઘા, શાહપુર. **અન્ય રાજ્યો:** દિલ્હી, કોલકાતા, ચેન્નાઈ, બેંગલોર, હૈદરાબાદ, ઈન્દોર.

### સંપત્તિનો સદુપયોગ

અત્યાર સુધી ઑપરેશન્સ, દવાઓ અને જરૂરી સાધન સામગ્રીઓ પાછળ
**₹ 14,00,00,000**
(ચૌદ કરોડ) વપરાયા છે.

આપ પણ 'જીવદયા'ના લાભાર્થી બની શકો છો

**₹ 1,25,000/-** એક એમ્બ્યુલન્સનો એક મહિનાનો લાભ.

**₹ 1000 / ₹ 3000** Monthly Donor નો લાભ (Every Month)

**₹ 500/-** એક જીવની સારવારનો લાભ

alwayscare.org

- આ સેવાને વધુ સરળ બનાવવા લૉન્ચ થઈ રહી છે "Arham Always Care Website" જેમાં આપને મળશે આપની નજીકના વિસ્તારની અર્હમ્ એનિમલ એમ્બ્યુલન્સના ફોન નંબર, લોકેશન અને દરરોજ થતાં ઑપરેશન્સ અને સારવારની વિગત !
- જીવદયાનો આ નિ :શુલ્ક પ્રકલ્પ અનેક ઉદારદિલા દાતાશ્રીઓની સદ્ભાવના અને સહયોગથી ચાલી રહ્યો છે.

**આપનું નાનકડું અનુદાન અબોલ જીવ માટે જીવનદાન બની શકે છે**

SCAN TO DONATE

અનુદાન અર્પણ
alwayscare.org/donate
CSR Donation આવકાર્ય છે
વધુ જાણકારી માટે સંપર્ક: + 91 7303999303